ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ: ૯ જાન્યુઆરી, ૨૦૧૫ અંક: ૧

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. વેજલપુરમાં હુલ્લડ, રાહત અને પુનર્વસન | વિદ્યુત જોષી | ૧ |
| ૨. ગુજરાતમાં આર્થિક રાષ્ટ્રવાદના પ્રણેતા : શ્રી અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૪-૧૯૧૪) | અરુણ વાઘેલા | ૧૭ |
| ૩. માર્ક્સ, ફૂકો અને વૈશ્વિકીકરણ | રોહિત શુકલ | ૨૭ |
| ૪. આમ્રપાલીબહેન મર્ચંટ : એક કર્મશીલ સમાજશાસ્ત્રી (૧૯૪૮-૨૦૧૪) | આનંદ આચાર્ય | ૩૯ |
| ૫. આમ્રપાલીબહેન મર્ચંટ : એક બહુમુખી વ્યક્તિત્વ | હેમિક્ષા રાવ | ૪૫ |
| ૬. ગાંધીના 'હિંદ સ્વરાજ'માં ગ્રામચેતના | અશ્વિનકુમાર | ૪૭ |
| ૭. અંકદર્શન | | ૫૧ |


ગુજરાત સામાજિક સેવામંડળનું મુખપત્ર

**સમાજકારણ (અર્ધવાર્ષિક)**
**સંપાદનઃ**
**ગૌરાંગ જાની**

**વ્યવસ્થાઃ**
**નલિની કિશોર ત્રિવેદી**

**પરામર્શનઃ**
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**અરુણ વાઘેલા**

**લેખ મોકલવા માટેનું સરનામુંઃ**
**ગૌરાંગ જાની,**
૧૩/૧૫૨, પરિશ્રમ એપાર્ટમેન્ટ,
બીમાનગરની બાજુમાં, સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫, મો. ૯૪૨૬૦ ૬૮૧૮૬

વાર્ષિક લવાજમઃ **રૂ. ૧૦૦-૦૦**
**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમરોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૯

**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ કોટિના ઠરેલા અભ્યાસ સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધનપદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.

## લેખક-પરિચય


| | | |
|---|---|---|
| ૧. | વિદ્યુત જોષી | : સમાજશાસ્ત્રી અને વિચારક |
| ૨. | અરુણ વાઘેલા | : એસોસિએટ પ્રોફેસર, ઈતિહાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ૩. | રોહિત શુક્લ | : અર્થશાસ્ત્રી અને કર્મશીલ |
| ૪. | આનંદ આચાર્ય | : એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત કૉલેજ, અમદાવાદ |
| ૫. | હેમિક્ષા રાવ | : અધ્યક્ષ અને પ્રોફેસર, સમાજશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૬. | અશ્વિનકુમાર | : સહપ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહ-પ્રત્યાયન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |


### લેખકોને...

- સામાજિક સેવામંડળના ઉદ્દેશને અનુરૂપ જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા અભ્યાસો-સંશોધન લેખો આવકાર્ય છે.
- લખાણ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભસૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.
- લેખકે પોતાના લેખની એક નકલ પોતાની પાસે જરૂર રાખવી.
- લેખ ઝેરોક્ષ, ટાઈપ કે સુવાચ્ય અક્ષરે લખીને મોકલી શકાશે. શક્ય હોય ત્યાં સુધી પાનાની એક બાજુ લખાણ હોય એ આવકારદાયક છે.
- સંશોધન-લેખમાં સૂચિત દરેક માહિતી માટે લેખકની જવાબદારી છે. લેખને અંતે લેખકનું પીનકોડ સાથેનું સરનામું અચૂક લખવું.

મુદ્રકઃ **અર્થ કોમ્પ્યુટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪. મો. ૯૩૨૭૦૩૬૪૧૪

# વેજલપુરમાં હુલ્લડ, રાહત અને પુનર્વસન

- વિદ્યુત જોષી*

**પ્રસ્તાવના...**

અત્યાર સુધી નર્મદા પુનર્વસન, નશાબંધી, આદિવાસી વિકાસ તથા મજૂર સંગઠનો જેવા સેન્સીટીવ વિષય પર લોકોમાં ભળી જઈને, તેમનો વિશ્વાસ પ્રાપ્ત કરીને સંશોધનો ઘણાં કર્યાં. વર્ષ ૧૯૯૦ના ઓક્ટોબરમાં કોમી સંઘર્ષો થયાં હતાં. આ સંઘર્ષો-હુલ્લડો વિષે લખાયું છે. પરંતુ એ દિવસોમાં કોમી એખલાસના પ્રયત્નો પણ સમિત થયા અને તેનું દસ્તાવેજીકરણ પણ મર્યાદિત રહ્યું હતું. કોમવાદનું આતંકવાદી સ્વરૂપ મારે બારણે ટકોરા મારવા આવ્યું હોય ત્યારે શાંત કઈ રીતે બેસાય ? પરંતુ પહેલાં તો આગ ઠારવી પડે. સામસામે લડી રહેલી કોમોનો વિશ્વાસ પ્રાપ્ત કરવો પડે. વીસ વર્ષની મહેનત કરી બાંધેલાં કોઈનાં અરમાન-મકાનને ખાખ થતાં જોવાં પડે, એક કોમની બોર્ડર વટાવી બીજી કોમના વિસ્તારમાં પ્રવેશતાં દિલની ધડકન વધી જાય. લોકો લાગ મળ્યે બદલો લેવા તૈયાર હોય તેનું ટેન્શન વાતાવરણમાં દેખાય. આમાં પણ લોકોને ઉશ્કેરીને મડદાં પર મહેફીલ ઉજવવા રાજકીય ગીધો ચાલ રમતાં હોય. મારા મિત્રની આંખમાં મને વિશ્વાસનો અભાવ દેખાય ત્યારે બુદ્ધિજીવી સંશોધકની બુદ્ધિ પણ બહેર મારી જાય. હું જ તબીબ અને હું જ દર્દી ! કોઈકની સમસ્યા વિશે લખવાનું હોય ત્યારે સડસડાટ ચાલતી પેન અત્યારે ઉપાડી ન શકાય તેટલી વજનદાર લાગે. આવા સંજોગોમાં આ લખાણ લખ્યું છે. મારા જ દર્દનું નિદાન અને દવા કરવાનો આ પ્રયાસ છે. એક નિસ્બત છે. થોડું લખ્યું ઝાઝુ કરીને વાંચજો.

અમદાવાદને માટે કોમી હુલ્લડ એ નવી બીના નથી. પરંતુ અમદાવાદની સરહદે વસેલા વેજલપુર માટે જરૂર આ નવી ઘટના હતી. વેજલપુરમાં ૩૦ ઑક્ટોબર ૧૯૯૦ના રોજ વકરેલો કોમવાદ, અત્યાર સુધી જોયેલ તંગદિલી ઉપરાંત આંતક ફેલાવવાના ઈરાદાઓ પણ હોય તેવી કડીઓ મળી હતી. જો આ દિશા તરફ બનાવોની ગતિ ચાલુ રહે તો આવતા ભવિષ્યમાં ગુજરાતને પંજાબ બનતાં વાર ન લાગે. કાયદો અને વ્યવસ્થાથી માંડીને વ્યાપક સામાજિક પરિવર્તનની દિશામાં રસ ધરાવતા બધાને આ નવી દિશાથી ચેતી જવા જેવું છે.

આ બનાવો સાથે ધર્મ અને રાજકારણ સંકળાયેલાં છે તેની ના નહિ કહી શકાય. પરંતુ મૂળમાં પડેલી સામાજિક-આર્થિક સ્થિતિને સમજ્યા વિના કોઈ એકાદ ધર્મને કે કોઈ એકાદ રાજકીયપક્ષને દોષારોપણ કરીશું તો આપણે એકાદ પક્ષની વિરુદ્ધમાં બીજા પક્ષની તરફેણ કરી છે તેમ સાબિત થશે. જે પક્ષીય વલણ લે છે તે સમગ્ર પ્રશ્નને સમજી શકતા નથી. હું જે જ્ઞાતિ, કોમ કે ધર્મનો છું તેનાં ચશ્માં ઉતારીને જોઉં છું ત્યારે જ સાચું ચિત્ર દેખાય છે.

સમજવા જેટલી જ અગત્ય પગલાં લેવાની છે. આવા બનાવો બને, લોકો ભયગ્રસ્ત થઈને નાસી જાય, ભાંગી પડે, ત્યારે તેમને બેઠા કરવા શું કરવું ? ગુજરાતમાં સંકટ આવ્યે સહાય કરવાની એક પરંપરા છે. તે મૂલ્યમાં શ્રદ્ધા ધરાવનારા લોકો અનાજ, કપડાં, વાસણ તથા અન્ય જરૂરી ચીજો આપી જાય છે. અમુક હદ સુધી આ જરૂરી છે, પરંતુ અસરગ્રસ્ત લોકોને બેઠા કરવા માટે તથા તેમનું બનાવપૂર્વનું સાધારણ જીવન જીવતા કરવા માટે શેની જરૂર છે ? તે અસરગ્રસ્ત લોકો નિઃસહાય છે અને બીજા દયાભાવથી પ્રેરાઈને તેમને મદદ કરવા આવ્યા છે તેવો-ઓશીયાળાપણાનો-ભાવ અસરગ્રસ્તોમાં જો પેદા થાય તો લોકોને આપણે કાયમના આશ્રિત અને બીજાની દયા પર જીવનારા બનાવી દઈએ છીએ. જે સમાજ ધર્માચાર્યો, મહાજનો કે રાજકીય નેતાઓની કૃપા પર જીવતો થઈ જાય છે, તે ગુલામ બની જાય છે. જો સમાજનો વિકાસ કરવો હોય તો લોકો સ્વાયત્ત, સ્વતંત્ર અને પોતાની સમસ્યાઓનો ઉકેલ પોતાની મેળે કરનારા થાય તે જરૂરી છે. આથી શરૂઆતની મદદ પછી લોકો પોતાના પ્રશ્નોના ઉકેલ પોતે શોધે તેવું લોકશિક્ષણ આપી તેમને સંગઠિત-આશ્રિત નહિ-કરવા જરૂરી છે. બનાવ પહેલાં લોકો પોતાની રીતે

* સમાજશાસ્ત્રી અને વિચારક

જીવન જીવતા જ હતા. બનાવ પછી કોઈ ધર્માચાર્ય, મહાજન, રાજકીય નેતા કે બાહ્ય સંસ્થાના ઓશીયાળા બની જાય તો તે પુનર્વસન થયું ન કહેવાય. જે લોકો સામાજિક વિકાસના પ્રયત્નો કરવા ઇચ્છે છે તેમણે શરૂઆતમાં ભૌતિક મદદ આપીને ધર્મકાર્ય કર્યાનો સંતોષ મેળવવાને બદલે ખરેખરું પુનર્વસન થાય તે અંગેના પ્રયાસો કરવા જોઈએ.

આવા બનાવો બને છે ત્યારે લાગણીથી વ્યથિત થઈને બુદ્ધિજીવીઓ સમસ્યાનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરે છે. મોટાભાગના બુદ્ધિજીવીઓ પરિસંવાદો અને ચર્ચાસભાઓ ગોઠવે છે તથા પોતાના વિશ્લેષણની રીત ખરી છે, અન્ય લોકો સમજતા નથી, નિસ્બત ધરાવતા નથી તેવો હાયબળાપો કરે છે. વાસ્તવથી કપાયેલા આ બુદ્ધિજીવીઓ 'જો આમ થાય તો તેમ...' એમ કહે છે ત્યારે મને સવાલ થાય છે કે જે વાસ્તવિકતા છે તેમાં 'આમ' કઈ રીતે થાય ? કોણ કરે ? આ બધા બુદ્ધિજીવીઓ અને કર્મશીલો વાસ્તવને બદલવામાં-ધર્મનિરપેક્ષ સમાજવ્યવસ્થા ઊભી કરવામાં-કેટલા અસરકારક બનતા હશે તે એક અલગ તપાસનો વિષય છે. જો ન બનતા હોય તો આવા લોકોએ વાસ્તવ સાથે પનારો પાડીને પોતાની કાર્યપદ્ધતિમાં કેવા ફેરફારો કરવા જેથી અસરકાર બની શકાય તે અંગે વિચારવું જોઈએ.

આ 'કોમવાદી' બનાવોનાં વિશ્લેષણનો સવાલ આવે છે ત્યારે 'કોમ' અને 'ધર્મ' વચ્ચે તથા 'કોમવાદ' અને 'ધાર્મિક કટ્ટરતાવાદ' વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. જ્યારે ધર્મ અને કોમ એક હોય ત્યારે આપણે કોમવાદ સાથે ધાર્મિક કટ્ટરવાદની ભેળસેળ કરી દઈએ છીએ. પાકિસ્તાનમાં ધર્મ એક જ છે તથા લોકો કટ્ટરતાપૂર્વક ધર્મનું પાલન કરે છે, છતાં એક જ ધર્મની બે કોમો વચ્ચે સંઘર્ષો થાય છે. ભારતમાં હિંદુ ધર્મની જ બે જુદી જુદી કોમો વચ્ચે તનાવ અને સંઘર્ષ થયાનાં અનેક ઉદાહરણો છે. એક કોમ એટલે મૂળભૂત રીતે અમુક લોકોમાં એક હોવાની ભાવના. આ ભાવનાના પાયામાં સમાન ભાષા, સમાન સંસ્કૃતિ, સમાન ઇતિહાસ, સમાન પ્રદેશ, સમાન ધર્મ વગેરેમાંથી એક યા વધુ પરિબળો હોઈ શકે. આવી સમાનતા ધરાવતા લોકો જરૂર પડ્યે એક બનીને તેઓ જેને સાર્વજનિક (કોમન) દુશ્મન ગણે છે તેનો સામનો કરી શકે. જો એક રાજ્યના લોકો એક કોમ બનીને પર રાજ્યના દુશ્મોનો સામનો કરે તો આપણે તેને દેશપ્રેમ કહીએ છીએ. પરંતુ એક જ રાજ્યના લોકો બે કે વધુ કોમના સ્વરૂપે અંદરોઅંદર લડે તો આપણે તેને રાષ્ટ્રીય એકતાની સમસ્યા કહીએ છીએ.

ચૂસ્ત રીતે એક ધર્મ પાળતા લોકોમાં, જો અન્ય બાબતોમાં તફાવતો હોય તો કોમી એકતાનો અભાવ હોઈ શકે. કુવૈત અને ઇરાકનો પ્રશ્ન આ સંદર્ભમાં સમજી શકાય. આજે તેઓ એક રાજ્યછત્ર હેઠળ તથા એક ધર્મના લોકો છે, છતાં તેમનો ઇતિહાસ જુદો છે તેથી બે કોમ અલગ છે.

ભારત જેવા રાજ્યમાં અનેક ધર્મો, ભાષાઓ, સંસ્કૃતિઓ, પ્રાદેશિક પરિસ્થિતિઓ હોય ત્યાં કોમી એકતાનો પાયો રાષ્ટ્રીય સીમાઓ રાખવાને બદલે જો અન્ય કોઈ બાબત ઉમેરાતી થાય તો રાષ્ટ્રના ભાગલા પડે. બહુમતી ધર્મ, બહુમતી ભાષા, બહુજન સંસ્કૃતિ વગેરેના આધારે જો કોમી એકતાનો પ્રયાસ કરવામાં આવે તો શું થાય ? આથી બંધારણ દ્વારા આપણે એક ઇચ્છિત સમાજની રચના કરી છે જેમાં એક રાષ્ટ્ર, એક કોમ હોય અને ધર્મના તફાવતો વ્યક્તિગત સ્વરૂપે રહે. રાજ્યના નિર્ણયમાં તેનો ફાળો ન હોય. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ધાર્મિક કટ્ટરતાવાદના આધારે કોમી એકતા ઊભી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, જે ખતરનાક પરિણામો લાવી શકે તેમ છે. વિસંવાદિતા તો એ છે કે આ ધાર્મિક કટ્ટરતાવાદના પાયામાં ધાર્મિક નહિ પરંતુ ઐહિક-લૌકિક મુદ્દાઓ રહેલા છે. મને જો મારા ધર્મની વ્યક્તિ કરતાં અન્ય ધર્મની વ્યક્તિ મકાન કે જમીનનો ભાવ વધારે આપતી હશે તો હું તેને ખુશીથી વેચીશ. તેમાં ધર્મને હું આડે નહિ લાવું. એટલું જ નહિ પણ મારા ધર્મની વ્યક્તિઓને આ વાત કહીશ પણ નહિ. પરંતુ મારે જમીન કે મકાન જોઈએ છે અને અન્ય ધર્મની વ્યક્તિ વધારે પૈસા આપવા તૈયાર થશે ત્યારે મને થનાર નુકસાનને હું ધર્મની દુહાઈ દઈને અટકાવીશ. એટલે

મને ખરેખર ધર્મમાં નહિ મારા લૌકિક ફાયદામાં-નફામાં રસ છે. એને તેને માટે હું ધાર્મિક લાગણીઓનું શોષણ કરતાં અચકાઈશ નહિ. આધુનિક સમયમાં ઐહિક હિતોની પરિપૂર્તિ કરવા માટે ધર્મની ઓળખનો ઉપયોગ કરે છે ત્યારે ઉપરછલ્લી રીતે આપણને ધર્મનું પ્રભુત્વ વધતું જતું લાગે છે. પરંતુ અહીં ધર્મનું સંગઠનાત્મક મહત્ત્વ વધે છે. (ઇસ્લામ ખતરે મેં હૈ અથવા ગર્વ સે કહો હમ હિંદુ હૈ), ધાર્મિકતા વધતી નથી. ધાર્મિક પ્રતિષ્ઠાનો વધવાથી લોકોની ધર્મભાવના પણ વધે છે તેવું સ્પષ્ટપણે ન કહી શકાય. અયોધ્યા કારસેવા કરવા જનારા એવા ઘણા યુવાનો છે, જેમને હિંદુ ધર્મ વિશે કશી જ ખબર નથી. તેમને હું ચૌટે પાન-તમાકુ ચાવતા અભદ્ર વાતો કરતા જોઉં છું. એક મુસ્લિમ અફસરના કહેવા મુજબ તમામ મુસ્લિમ યુવાનો નમાજ પઢતા નથી. નમાજ શા માટે તેની તેમને ખબર નથી.

કોમી તોફાનો સાથે રાજકારણ સંકળાયેલું હોય છે, પરંતુ પ્રછન્ન રીતે. કોઈ રાજકીય પક્ષ ખુલ્લેઆમ અમુક-તમુક કોમની તરફેણ કરતો નથી. સામાજિક-આર્થિક કારણોસર એકવાર તોફાન થાય પછી વિવિધ તબક્કે વિવિધ રાજકીય વ્યક્તિઓ કે પક્ષો તેની સાથે સંકળાઈ શકે અને બનતી ઘટનાઓને અમુક દિશા આપવાનો પ્રયત્ન કરી શકે. રાજકારણ એટલે અનૈતિક-કાંઈક ખોટું તેવું માનવાની જરૂર નથી. તેમ છતાં સમસ્યા ઊભી થતાં રાજકીય છેડા અડતા હોય તેવાં સ્થાપિત હિતો એક યા બીજી કોમની લાગણી ઉશ્કેરે છે, પૈસા ઉઘરાવે છે અને નક્કર કામ કરતા નથી કે હિસાબ પણ આપતા નથી. પુનર્વસન કાર્ય દરમિયાન ઘણા સ્થાનિક કાર્યકરો વિશે અને તેમણે આપેલાં તથા નહિ પાળેલાં વચનો વિશે સાંભળ્યું. અલબત્ત, પ્રસ્તુત અહેવાલમાં તે બધાંનો સમાવેશ થતો નથી.

**વેજલપુર-ધરતી અને લોકો**

અમદાવાદની પશ્ચિમે મહાનગરપાલિકાની હદ પૂરી થતાં ગાંધીગ્રામ-સરખેજ રેલવે ટ્રેકની દક્ષિણ બાજુથી વેજલપુર ગામની હદ શરૂ થાય. અમદાવાદની હદ બહાર પ્રથમ સહકારી ગૃહનિર્માણ (૧૯૬૪માં) તે જીવરાજપાર્ક. તેથી આ વિસ્તાર જીવરાજપાર્ક તરીકે પણ ઓળખાય. શરૂઆતની બધી સોસાયટીઓ જીવનરાજપાર્ક-વેજલપુર રસ્તા પર બની. ઝડપથી વિકસતા જતા આ વિસ્તારમાં લગભગ ૧૭૫-૧૮૦ જેટલી સોસાયટીઓ બની. સોસાયટીઓના રસ્તા પરના ભાગમાં ઝડપભેર દુકાનો બનવા લાગી. અમદાવાદની હદ બહારનો સૌથી મોટો બજાર વિસ્તાર અહીં છે. આ બધી દુકાનોમાં દશેક દુકાનો એક કોમની જ્યારે બાકીની બીજી કોમની હતી.

૧૯૭૩માં સાબરમતી નદીમાં રેલ આવતાં અસરગ્રસ્તોને આ વિસ્તારની દક્ષિણે જુહાપુરાના મેદાનમાં ખસેડાયા હતા. તેમાના મોટા ભાગના એક જ કોમના હતા. ત્યારબાદ અમદાવાદમાં વાતાવરણ તંગ થાય ત્યારે એક કોમના છુટાછવાયા વસતા લોકો જુહાપુરામાં આવવા લાગ્યા. જુહાપુરામાં એક અને બીજી કોમનું પ્રમાણ ૬૦ : ૪૦ હતું. જુહાપુરામાં મસ્જિદો છે તેમ મંદિરો પણ છે. જુહાપુરા અને જીવરાજપાર્ક વિસ્તાર વચ્ચે ખાલી મેદાન આ મેદાનની જીવરાજપાર્ક વિસાતર બાજુની કેટલીક જમીન એક કોમના લોકોએ ખરીદી અને ત્યાં શરીફાબાદ, રોશનપાર્ક, વારીસનગર વગેરે સોસાયટીઓ બની.

વેજલપુરની જમીન મહદ્અંશે પોતાને ક્ષત્રિય ગણાતી એક જ્ઞાતિના લોકોની હતી. જમીન વેચીને આ લોકો પૈસાદાર થવા લાગ્યા. તેમાંના કેટલાક જમીન દલાલી અને ગૃહનિર્માણના વ્યવસાયમાં પડતાં ઝડપથી અને વધુ પૈસાદાર થયા. નવધનિકોમાં ધન પ્રદર્શનો જે શોખ અને ભદ્રવર્ગ (એરીસ્ટોક્રસી)નાં મૂળ ઉદાર મૂલ્યોનો જે અભાવ હોય તે બંને તત્ત્વો આ લોકોમાં જોવા મળે છે. શરૂમાં જમીન વેચાણમાંથી જે પૈસો પ્રાપ્ત થયો તે જીવનધોરણ ઊંચું લઈ જવામાં ખર્ચાયો. હવે ઊંચા જીવનધોરણમાં ઉછરેલાં સંતાનો યુવાનો બનતાં તેમને આ જીવનધોરણ ટકાવી રાખવું મુશ્કેલ બને છે, કારણ કે જમીન-વેચાણમાંથી મળતો સહેલો પૈસો બંધ થવા લાગ્યો છે. ભીંસમાં આવેલા આ યુવાનો હિંદુ ધર્મઝનૂનવાદની વિચારસરણીની અસરમાં જલદી આવે છે. અહીં મકાન બાંધીને રહેનારા લોકો-નારણપુરા, નવરંગપુરાની

સોસાયટીઓના લોકો જેવા પૈસાદાર નથી. મોટા ભાગના લોકો કારીગરો, નાના વેપારીઓ તેમજ નાના નોકરીયાતો છે. તેમના વર્તનમાં ઓશીયાળાપણું અને નાની ગણતરીઓ સ્પષ્ટ દેખાય છે. જે કેટલાક નવધનિકો આ વિસ્તારમાં રહે છે તેમનાથી થોડા દબાઈને આપોઆપ આ લોકો નવધનિકોને 'મોટા માણસો' કે 'નેતાઓ' તરીકે સ્વીકારી લે છે. આમ સામંતવાદી પેટ્રોનેજનાં અવશિષ્ટ વર્તનો અહીં જોવા મળે છે. લગભગ બધાએ લોન લઈને મકાનો બનાવ્યાં છે. હપતા ભરે છે. મોટા ભાગના લોકોને મધ્યમ અને નીચલા મધ્યમવર્ગના ગણી શકાય.

લગભગ ૧૯૮૫ સુધી એક કોમના રહેણાક વિસ્તાર અને બીજી કોમના રહેણાક વિસ્તાર વચ્ચે ખાલી જગ્યા હતી. શરૂઆતનાં વેજલપુરનાં જમીન માલિકોએ એક કોમના અમુક લોકોને જમીનો વેચી ત્યારે કોઈ તંગદિલી ઊભી થઈ નહોતી. ૧૯૮૪માં શૈલેષ પાર્કનું બાંધકામ ચાલતું હતું ત્યારે વીજળી અને પાણીની સગવડ ઘણા સમય સુધી રોશનપાર્કના રહીશોએ કરી આપી હતી. ૧૯૮૫ના હુલ્લડો પછી સ્થિતિ બદલાઈ. જ્યારે જ્યારે તંગદિલી થાય ત્યારે જીવરાજપાર્કની મુખ્ય બજારમાંની એક કોમની દુકાનો બાળી નાખવામાં આવે. આથી એક કોમના લોકોમાં મલાવ તળાવ સામેના વિકસતા જતા રસ્તા પર દુકાનો બાંધવા-ખરીદવાનું વલણ વધ્યું. તે દરમિયાન આ રસ્તો ડામરનો કરવાની હિલચાલ થઈ. જીવરાજપાર્ક-વેજલપુર રસ્તા પર વધુ વિકાસ મુશ્કેલ હોઈ હવે બજાર આ તરફ વધશે. શહેરમાં એકલદોકલ વસતી એક કોમની મિલકતો પર હુમલાઓ વધતા ગયા તેથી તેમનામાં જથ્થામાં વસવાનું વલણ વિકસ્યું. આવી જમીન વેજલપુરના જીવરાજપાર્ક વિસ્તારમાં ઉપલબ્ધ હતી તેથી પ્રવર્તમાન બજારભાવ કરતાં પણ વધારે ભાવ આપીને એક કોમે બીજી કોમના જમીન માલિકો પાસેથી જમીન ખરીદી કે બાનાખત કર્યા. લગભગ ૧૯૮૬માં એક કોમના બિલ્ડરે સમગ્ર શૈલેષપાર્ક ખરીદી લેવાની દરખાસ્ત મૂકી. તેવી જ રીતે વેણુગોપાલનાં એક-બે મકાનો ખરીદી લેવાની હિલચાલ વધી. વેણુગોપાલ અને ઓમ જયશ્રી નજીકની ખાલી જમીન ખરીદવાનાં બાનાખતો લેનારી એક કોમ અને વેચનારી બીજી કોમ વચ્ચે થયાં. અહીં ખેતરની માલિકી ધરાવનાર ભાઈએ એક કોમના જમીન લેવા ઇચ્છનાર એકથી વધારે લોકો સાથે બાનાખત કર્યાનું કહેવાય છે. ઝલક એપાર્ટમેન્ટની સામેનું ખેતર ખરીદવા માટે એક કોમના બિલ્ડરે બાનાખત કર્યું. પછી વાત વિવાદમાં પડી. પછીનાં ખેતરો જાણીતા બિલ્ડર અનિલ બકેરી તથા અન્ય બિલ્ડરોએ ખરીદી લેતાં એક કોમને સાગમટે વસવા માટેની પરિસ્થિતિ મુશ્કેલ બનવા લાગી. જુહાપુરા અને વેજલપુરની આ સોસાયટીઓ વચ્ચે મેદાન હતા. વેજલપુર વિસ્તારની એક કોમની આ સોસાયટીઓમાં વસતા લોકો મધ્યમવર્ગના છે. તેમાંના મોટાભાગનાને બાજુની કોમ સાથે સ્પર્ધાના નહિ, પડોશી હોવાને નાતે વાટકીવહેવારના સંબંધો છે.

જુહાપુરાના એક કોમના યુવાનો વેજલપુરમાં સ્કૂટર મિકેનિક, ડ્રાયવર વગેરે તરીકે કામ કરે છે. તેમની આગલી પેઢી કરતાં તેમની આર્થિક સલામતી ઓછી છે. તેમના વડીલો નમાજ-પઢતા-ધર્મ જાણતા છતાં પ્રમાણમાં વધુ ઉદાર છે. જ્યારે નવી પેઢીના મોટાભાગના યુવાનો નમાજી નથી, છતાં ધર્મઝનૂન વધારે છે.

વેજલપુર વિસ્તારમાં જમીનો લગભગ વેચાઈ ગઈ અને હવે બચીખૂચી જમીન ખરીદવાની સ્પર્ધા, મકાનો બાંધવાની સ્પર્ધા વધી ગઈ. મકાનો ખરીદવા-બાંધવાનું વધુ મુશ્કેલ અને વધુ મોંઘું બનવા લાગ્યું. બરાબર આ સમયે ભારતમાં ધાર્મિક કટ્ટરતાવાદી વલણો વધવા લાગ્યાં. બે કોમોની જૂની પેઢીના લોકો વચ્ચે સંબંધ હોય અને નવી પેઢીના લોકો વચ્ચે ન હોય તેવું બનવા લાગ્યું. પારસ્પરિક વલણો બદલાયાં. છતાં ઔપચારિક બજાર સંબંધો પર તેની અસર હજી હમણાં પડી. અમારા પીંજારાને અમે રમેશ કહેતાં. તેનું ઘર બળ્યું, દુકાન બળી ત્યારે ખબર પડી કે રમેશ અજમેરી તો અન્ય કોમનો છે. અમુક કોમના લોકોને જમીન ન આપવી, મકાન ન આપવું, તેમની સાથે આર્થિક સંબંધો ન રાખવા વગેરે પ્રકારનો પ્રચાર પાછલા દિવસોમાં વધવા લાગ્યો. બહુમતી જ્યારે લઘુમતી સામે આવો પ્રચાર કરે અને તેને ભીંસમાં લે ત્યારે ચારેબાજુથી ભીંસાયેલી લઘુમતી

છંછેડાય છે. તેમાં પણ રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદે લોકોને તંગ અને લાગણીસભર બનાવી દીધા હતા. આ લાગણીનો નકારાત્મક ઉભરો ૩૦મી ઑક્ટોબરે ખેલાઈ ગયેલાં તાંડવમાં પરિણમ્યો.

**૩૦ ઑક્ટોબરનો બનાવ**

૩૦ ઑક્ટોબર ૧૯૯૦ના રોજ અયોધ્યામાં કારસેવાના સંદર્ભમાં અમદાવાદમાં એક પક્ષ તરફથી અમદાવાદ બંધનું એલાન હતું. બપોરના બાર વાગ્યાથી છૂટક તોફાનોના સમાચાર પ્રાપ્ત થતાં સરકારી-ખાનગી પ્રતિષ્ઠાનો બંધ થઈ ગયાં. બી.બી.સી. પરથી બાબરી મસ્જિદ તૂટ્યાના કહેવાતા અહેવાલોએ વાતાવરણમાં ઉત્તેજના પ્રસરાવી હતી. પાલડી વિસ્તારમાં લગભગ ૧૦૦ લોકોનાં ટાળાએ એક કોમનાં કેટલાંક મકાનો બાળ્યાં અને એક ડૉક્ટરને મારી નાખ્યાના સમાચારો વીજળીવેગે ફેલાઈ ગયા. સામાન્યજનો ઘરમાં પુરાઈને ટી.વી. પરથી પ્રસારિત 'સાજન' ચિત્રપટ જોતા હતા ત્યારે અસામાજિક તત્ત્વોને છૂટો દોર મળ્યો. એ સમયે લગભગ ૩-૧૫ વાગ્યે અલફારુક સોસાયટીમાં ત્રીસેક લબરમુછીયા યુવાનોનું ટોળું આવ્યું. હોહા થતાં અલફારુક સોસાયટીના રહીશોએ તેમને ચાલ્યા જવાનું કહ્યું. વાતચીત ઉગ્ર બનતાં હાથોહાથની થોડી મારામારી થઈ. તેમાં અલફારુકના એક રહીશને ખભે પાઈપ પણ વાગી. છતાં અલફારુકના રહીશો આ ટોળાંની સાથે વિવાદ કરતા હતા કે તમે બહારના આવીને તોફાન કરો છો અને સહન કરવાનું અમારે આવે છે. અલફારુકની બહાર જઈને રોડ પર થઈને ટોળું વેણુગોપાલમાં આવ્યું. લગભગ ૩-૨૫ વાગ્યે પ્રવેશેલાં આ ટોળામાં ત્રીસેક છોકરાઓ હતા જેમની વય અઢારથી પચીસ સુધીની હતી. આ યુવાનો પાસે પાઈપ, ચેઈન, ધારિયાં વગેરે હતું. બંદૂક નહોતી. 'મારો મારો'ની બૂમો પાડતા આગળના રસ્તે આવ્યા. સ્કૂટર સળગાવ્યું. અલફારુકના એક રહીશે આ બાજુ આવી સ્કૂટર ઠારવાનો પ્રયાસ કર્યો ત્યાં તેમનો હાથ દાઝી ગયો. એ દરમિયાન થાળી ખખડાવતાં આજુબાજુથી પુરુષો આવ્યા. સ્ત્રીઓ હટીને દયાળબાગ બાજુ ચાલી ગઈ. સામસામો પથ્થરમારો થતાં ટોળું મેદાન વટાવીને જુહાપુરા બાજું ચાલ્યું ગયું. દશેક મિનિટ પછી બસો યુવાનોનું ટોળું આવ્યું. દરેકના હાથમાં કોઈક શસ્ત્ર હતું. એકના હાથમાં તમંચો હતો, જેનો ઉપયોગ માત્ર ડરાવવા પૂરતો થયો હતો. વેણુગોપાલમાં આવતાં ટોળું વહેંચાઈ ગયું અને તોડફોડ કરવા લાગ્યું. એક મકાનની બંધ જાળીમાંથી એક બહેનનો હાથ ખેંચ્યો અને બે યુવાન દીકરીઓ સોંપી દેવાની માગણી કરી. બારણાઓ નબળાં તેથી લાત કે પાઈપ મારીને તોડી નાખ્યાં. મકાનો સળગાવ્યાં, લૂંટ ચલાવી. વેણુગોપાલ સોસાયટીનાં કુલ ૧૯ મકાનો તૂટ્યાં અને લૂંટાયાં. તેમાંથી છ મકાનો સળગાવ્યાં. બે કુટુંબોને સામેથી અલફારુક સોસાયટીવાળા બચાવીને લઈ ગયા. બે કુટુંબો બાથરૂમમાં ભરાઈ રહ્યાં. બાકીના નાસી ગયા. ટોળાંને પંદરેક મિનિટ લૂંટફાટ કરવા માટે મોકળું મેદાન મળ્યું. અલફારુક બાજુથી પેટ્રોલબોંબ ફેંકાયા. તે દરમિયાન સ્થાનિક પોલીસ આવી પહોંચતાં એક પોલીસે હવામાં ત્રણ ગોળીબાર કર્યા. ટોળું પાછું હટ્યું અને સોએક મીટરનું ચક્કર કાપીને રોશનપાર્કમાંથી શૈલેષપાર્કમાં આવ્યા. ત્રણ મકાનો પૂર્ણપણે સળગાવ્યાં. ત્રીસેક મકાનોના કાચ ફોડ્યા અને પાંચેક મકાનોમાંથી લૂંટ કરી, અહીં પણ બે કુટુંબો બાથરૂમમાં ભરાઈ રહ્યાં. અહીં સામસામો પથ્થરમારો થયો. લગભગ ૪-૩૫ વાગ્યે અનામત પોલીસ આવી. ગોળીબારના પચાસ રાઉન્ડ છોડાયા. ટોળું જુહાપુરા બાજુ ભાગ્યું તેમાં ગોળીબારથી છ મૃત્યુ થયાનું કહેવાય છે. એક કોમના ભાગતાં ટોળાં પાછળ બીજી કોમનું ટોળું પડતાં વચ્ચેના મેદાનમાં થોડો સમય યુદ્ધની સ્થિતિ સર્જાઈ ગઈ. બીજી કોમના કેટલાક યુવાનોએ વળતા હુમલામાં અલફારુકના એક ફલેટમાં તોડફોડ કરી. નાના પ્રમાણમાં લૂંટ પણ થઈ.

જુહાપુરામાં થઈને પાછા પશ્ચિમ દિશામાં ઝલક એપાર્ટમેન્ટ તરફ ટોળું ધસી ગયું. ઝલક એપાર્ટમેન્ટના લોકો મહદ્અંશે કલાર્ક, પટાવાળા, ચોકીદાર, માળી વગેરે નોકરીઓ કરનાર તથા કારીગરો છે. ઝલકના લોકોએ કિકિયારીઓ કરીને ધસી આવતાં ટોળાને જોયું ને ભોંયતળિયે રહેતા લોકો ઝપાટાભેર ઉપલા માળે ચડી ગયાં. ટોળામાં હથીયારધારી યુવાનો હતા. સ્કૂટર પર

કેરોસીનના ડબા લાવનારને પણ લોકોએ જોયા હતા. ગ્રીલવાળાં ભોંયતળિયાના મકાનો બચી ગયાં. બાકીનાં બાળીને લૂંટી લીધાં. પોતાનું મકાન જોવા બેંકનો એક આદિવાસી ચોકીદાર નીચે ઊતર્યો તો તલવારના ઝટકાથી તેનું મૃત્યુ થયું. પાછળનાં મકાનોમાંથી ખાનગી ગોળીબાર થયો પણ કોઈ ઘવાયું નહિ. ઝલક એપાર્ટમેન્ટના લોકોએ બુમરાણ મચાવતાં વેજલપુર ગામના લોકો મદદે આવ્યા. સામસામો પથ્થરમારો થતાં ટોળું જુહાપુરા તરફ પાછું ચાલ્યું ગયું.

લગભગ બે કલાક સુધી આ આતંક, સામસામો પથ્થરમારો, હુલ્લડ વગેરે મિશ્ર બનાવો ચાલ્યા. પોલીસ ગોળીબાર અને ઘાતક હુમલાથી કુલ અગિયાર મૃત્યુ થયાનું કહેવાય છે. વાડીલાલ હોસ્પિટલમાં ૭૩ ઘાયલ લોકોએ સારવાર લીધી. ખાનગી સારવાર લેનારનો આંકડો પ્રાપ્ત થતો નથી. ડરના માર્યા ઘર છોડી ગયેલા લોકોએ અન્યત્ર આશ્રય લીધો. ડરી ગયેલા આ લોકોને ફરી પાછા તેમના ઘરમાં વસતા કરવા ભગીરથ પ્રયત્નો કરવા પડ્યા.

તે જ દિવસે રાત્રે દશ વાગ્યે ફરી નાનકડું છમકલું થયું. બીજે દિવસે બપોરે ૩-૩૦ વાગ્યે આ વિસ્તારના એક ધર્મસ્થાન પર ફરી હુમલો થયાની જાહેરાત થઈ અને એક કોમનાં મકાનો પર નિશ્ચિત રંગના કટકા બાંધેલા પચાસ યુવાનોએ હુમલો કર્યો. પોલીસ હાજર હોવાથી મામલો ગંભીર બનતાં અટકી ગયો. આ યુવાનો વેજલપુરમાં થઈને નીકળી ગયા.

૩૦મી ઑક્ટોબરે વાતાવરણમાં તંગદિલી હતી ત્યારે એક કોમના લોકોએ બીજી કોમના પોતાના પાડોશીઓને સધિયારો આપ્યો હતો, કે ચિંતા ન કરશો, અમારા તરફથી તમને કોઈ નુકસાન નહિ થાય. બપોરે ટોળું આવ્યું ત્યારે રોશનપાર્કના લોકોએ પ્રથમ તો ટોળાંને અટકાવવાના પ્રયાસો કર્યા. પરંતુ હથિયારબંધ બસો યુવાનોના ટોળાં સામે તેમનું કાંઈ ન ચાલ્યું અને જોતજોતામાં ટોળું શૈલેષપાર્કમાં ઘૂસી ગયું. અલફારુક સોસાયટીના રહીશોએ વેણુગોપાલમાં પ્રવેશતાં ટોળાંને રોકવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. છેવટે વેણુગોપાલકનાં બે કુટુંબોને ટોળાંથી બચાવી સલામત સ્થળે અલફારુક સોસાયટીના રહીશોએ જ ખસેડ્યાં. સામી કોમનાં કુટુંબોને બચાવનારા આ લોકોને બંને કોમોનાં અસામાજિક તત્ત્વોનો ડર હતો તેથી તેઓ મકાન ખાલી કરીને અન્યત્ર જતા રહ્યા હતા.

આ બનાવ પછી બંને કોમો પરસ્પરને શંકાની નજરે જોવા લાગી. ચારેક દિવસ બાદ વેજલપુરમાં બળી ગયેલી દુકાન જોવા એક કોમનો દુકાનદાર આવ્યો ત્યારે બીજી કોમના કેટલાક યુવાનોએ તેના પર હુમલો કરતાં ફરી પાછી તંગદિલી વ્યાપી ગઈ હતી. જુહાપુરાથી મારા પર ફોન આવતાં શિસ્ત કમિટિના સભ્યો સાથે વાતચીત કરવા વેજલપુર પુનર્વસન સમિતિના બે સભ્યો જુહાપુરા ગયા. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતાં અમને લાગ્યું હતું કે હજી પરસ્પર ભય અને આશંકાનું વાતાવરણ છે. તે ઓછાં થાય અને બંને બાજુના અસરગ્રસ્તોનું પુનર્વસન થઈ જાય પછીથી સાથે મળીને શાંતિના પ્રયાસો કરવા.

**આતંકવાદનાં એંધાણ**

વ્યાપક આર્થિક ભીંસની સૌથી ખરાબ અસર લઘુમતીના યુવાનો પર પડી છે. અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના લોકો જેમ તેમને સરકારી નોકરીમાં અનામતનો લાભ મળતો નથી. તેથી મુસ્લિમોમાં સરકારી નોકરી મેળવનારનું પ્રમાણ ઘટતું જાય છે. ફેલાતા જતા ધાર્મિક કટ્ટરતાવાદને કારણે ખાનગી નોકરીઓ મળવાનું પણ મુશ્કેલ બન્યું છે. આથી સવર્ણોને ખપની નહિ તેવી ડ્રાઈવર, ક્લિનર, મિકેનિક, ફેરિયા વગેરે પ્રકારની કામગીરીઓ-તે પણ ખાનગીમાં-તેમને મળે છે. અલબત્ત, સવર્ણ મધ્યમવર્ગ પણ ભીંસાય છે. પરંતુ આ પ્રશ્ન દરેકને તેને યોગ્ય કામગીરી આપવાનાં આયોજનનો છે. તેને અભાવે સામાજિક પૂર્વગ્રહો લોકોને કામ મેળવવાની આડે આવે છે. જ્યારે પોતાને અમુક જ્ઞાતિ કે કોમના આધારે કામ મળશે કે નહિ મળે તે નક્કી થાય ત્યારે જ્ઞાતિ કે ધર્મનો કટ્ટરતાવાદ ઊભો થાય છે. આર્થિક ક્ષેત્રે યોગ્ય તકો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જતા યુવાનોને કટ્ટરતાવાદી

નેતાઓ અને તેમની વિચારસરણી જલદી આકર્ષે છે. આમાંછી ધીમે ધીમે દળો અને સેનાઓ ઊભાં થાય છે. તેમને બહારથી શસ્ત્રો અને નાણાંની મદદ મળે છે અને આતંકવાદ વકરે છે. પોતાની જ કોમનાં ઉદાર તત્ત્વો જો અંતિમવાદી પગલામાં સાથ આપવાની ના પાડે તો તેઓ પણ 'હીટલિસ્ટ'માં આવી જાય છે.

વેજલપુરમાં જે બનાવ બન્યો તે સીધેસીધો અંતિમવાદી તનાવ નહોતો. તેમાં આવાં આતંકવાદી તત્ત્વો ભળ્યાં હતા. હુમલો કરનારા લગભગ બધા ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો હતા. આવા ત્રીસેક યુવાનોએ જ્યારે અલફારુકમાં થઈને વેણુગોપાલમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો ત્યારે અલફારુકના રહીશોએ અટકાવીને કહ્યું કે 'તમે બહારના આવીને તોફાન કરી જાઓ છો પછી સહન કરવાનું અમારે આવે છે.' તોફાનોના ચાર-પાંચ દિવસ પછી એક કોમના રહીશોએ જુહાપુરાના કેટલાક યુવાનો સાથે મિટિંગ કરીને હવે તોફાનોમાં ન ભળવા જણાવ્યું ત્યારે યુવાનોએ તેમને કહ્યું કે 'અમારે તો બીજી કોમને ડરાવીને આ વિસ્તાર ખાલી કરાવવો છે.' અહીં મહત્ત્વનું એ છે કે જુહાપુરામાં જ એક અને બીજી કોમનું પ્રમાણ ૬૦ : ૪૦નું છે. પરંતુ ત્યાં હુમલો થયો નથી. વ્યૂહાત્મક સ્થાન પર આવેલ શૈલેષપાર્ક, વેણુગોપાલ અને ઝલક પર થયેલા હુમલાઓ આ હુમલા પાછળના ઇરાદાઓની સાક્ષી પૂરે છે. પ્રથમ હુમલો કરનાર યુવાનો પાસે હથિયાર હતા, છતાં તેમણે જાનહાનિ કરી નથી. બાથરૂમમાં ભરાઈ ગયેલા કેટલાક ભયભીત લોકોને સહેજે મારી શકાયા હોત. શૈલેષપાર્કના એક રહીશ પાસેથી પસાર થનાર યુવાને બારણું તોડ્યું પરંતુ આ નિઃશસ્ત્ર રહીશ પર હુમલો ન કર્યો. આમ શરૂમાં આવેલાં ટાળાંનો આશય તોડફોડ કરીને લોકોમાં ડર પેદા કરવાનો હતો. આ બધી બીનાઓ પછી 'ગુજરાત બીજું કાશ્મીર બનશે' તેવાં સૂત્રો લખાવા માંડ્યા હતા. ગુજરાતમાં આતંકવાદી જૂથોના ઉદ્ભવનો આ સળવળાટ હતો. જો બંને કોમો, સરકાર અને પ્રજાકીય સંસ્થાઓ વખતસર ચેતી જઈને યોગ્ય પગલાંઓ નહિ લે તો પંજાબ કે કાશ્મીરની જેમ ગુજરાતમાં પણ આતંકવાદ કાયમી ઘર કરી જશે એવો ડર ઊભો થયો હતો.

**રાહત કામ**

૩૦ ઑક્ટોબરના આ બનાવ પ્રત્યે વિવિધ સંસ્થાઓ, સરકાર અને લોકોએ જે પ્રતિભાવો આપ્યા તે સમજવા એટલા માટે જરૂરી છે કે તેથી આપણે એક પ્રજા તરીકે આ પ્રશ્નને હલ કરવા માટે કેટલા સક્ષમ અને તૈયાર છીએ તેનો ખ્યાલ આવે છે. આવા ચિત્તતંત્ર અને સામાજિક તાણાવાણાને છિન્નભિન્ન કરી નાખનાર બનાવો પ્રત્યે પ્રથમદર્શી પ્રતિભાવો લાગણીથી ભરપૂર હોય છે. આ ઊભરો શમી જતાં લાંબાગાળાના કાર્યક્રમ માટેના પ્રતિભાવો ઉદ્ભવે છે. આમ તો આ બંને સંકળાયેલા છે, માત્ર વિશ્લેષણ પૂરતા અલગ કરીને જોઈ શકાય. બીજી રીતે જોઈએ તો આ પ્રતિભાવોને રાહત કામ અને પુનર્વસન એવા બે વિભાગોમાં પણ જોઈ શકાય.

**સદ્વિચાર પરિવાર**

ત્રીસમી ઑક્ટોબરે સાંજે, બનાવ બન્યા પછી, મારા ઘર સામે કેટલાક યુવાનો સાથે હું ચર્ચા કરી રહ્યો હતો. આ યુવાનો લાગણીના આવેશમાં હતા અને બદલો લેવાની ઇચ્છા વ્યક્ત કરી રહ્યા હતા. મેં તેમને પૂછ્યું, 'આગ લાગે ત્યારે પહેલાં આગ બુઝાવાય કે પહેલાં કોણે આગ લગાડી તે શોધી બદલો લેવાય ?' યુવાનોએ સ્વાભાવિક રીતે જ કહ્યું, 'પહેલાં આગ બુઝાવાય.' યુવાનોના ઉશ્કેરાટને રચનાત્મક માર્ગે વાળવા મેં કહ્યું, 'તો પછી જે લોકો આગ-લૂંટથી તારાજ થઈ ગયા છે તેમને પહેલાં બેઠા કરીએ.' લગભગ વીસ-પચીસ યુવાનો રાહતકામ માટે તૈયાર થઈ ગયા. એમને તો રાહતકામનો કોઈ અનુભવ નહોતો. આવા સમયે ભાંગ્યાના ભેરુ જેવા સદ્વિચાર પરિવારના સ્વ. શ્રી હરિભાઈ, સુમતિભાઈ, સિદ્ધાર્થભાઈ મણકીવાળા તથા સ્વ. કે. જી. પ્રભુ સદ્વિચાર પરિવારના વાહનમાં આવી પહોંચ્યા. પ્રથમ તો સ્થળ પર મુલાકાત લઈને તારાજીનો પ્રથમદર્શી ચિતાર પ્રાપ્ત કર્યો. લોકોને મળીને વિગતો જાણી. પછી મારે ઘેર પાછા આવીને રાહતકામ કઈ રીતે કરવું તેની ચર્ચા કરી. અનુભવનો નીચોડ રજૂ કરતાં શ્રી હરિભાઈએ કહ્યું, 'અસરગ્રસ્તોને મદદ કરીને બેઠા કરવાના છે, દાન-

ધરમ કરીને તેમને આશ્રિત બનાવી દેવાના નથી. લોકો લાચારી વેઠતા, હાથ લાંબો કરતા, સ્વમાન ગુમાવતા રાહત છાવણી પર આધાર રાખતા ન થઈ જાય પરંતુ બહારથી થોડી મદદ મળતાં જાતે બેઠા થાય તેવું કરવાનું છે. આથી ઘરનાં સમારકામની સામગ્રી આપણે આપીએ ત્યારે લોકો સ્વમહેનત કરીને પોતાના ઘરનું સમારકામ કરે તે જરૂરી છે.'

આ ચર્ચાને અંતે રાહતકામનું માળખું નીચે મુજબ ગોઠવાયું.

૧. અમારે 'સદ્‌વિચાર પરિવાર પ્રેરિત વેજલપુર પુનર્વસન સમિતિ' નામનું ઔપચારિક સંગઠન બનાવવું.

૨. સદ્‌વિચાર પરિવાર તરફથી અસરગ્રસ્તોની એક ઝડપી મોજણી કરી રાહતકામ માટે જરૂરી વસ્તુઓનો અંદાજ બાંધવો.

૩. રાહત શિબિર શરૂ ન કરવી. (આવી શિબિરો શરૂ કરવાથી ધર્મના, સ્વાસ્થ્યના, સ્વચ્છતાના અનેક પ્રશ્નો ઊભા થાય છે અને આવી શિબિરોમાંથી લોકોને તેમના ઘેર મોકલવાનું મુશ્કેલ બને છે.) તેને બદલે જે લોકો તેમના ઘરમાં પાછા જાય તેમને જ મદદ આપવી.

૪. વેજલપુર પુનર્વસન સમિતિએ રોકડ મદદ ન સ્વીકારવી. (આ નિર્ણય ખૂબ સારો રહ્યો. કારણ કે કેટલાંક તત્ત્વોએ રાહતને નામે નાણાં ઉઘરાવ્યાં, પરંતુ લોકોને ન પહોંચાડ્યાં. આવા તત્ત્વો વેજલપુર વિસ્તારમાં બદનામ થઈ ગયાં.)

૫. અસરગ્રસ્તો ભીક્ષુકો નથી, પરંતુ ભીંસમાં આવી પડેલા માનવીઓ છે. આથી માનવગૌરવ સચવાઈ રહે તે રીતે રાહતકામ કરવું. ખેરાત ન કરવી. અસરગ્રસ્તો પોતાની જાતે બેઠા થાય તેવા પ્રયાસો કરવા.

**સંસ્થાઓનો પ્રતિભાવ**

સદ્‌વિચાર પરિવારના પ્રાથમિક પ્રતિભાવ બાદ, તેના થકી મને સ્વતંત્ર રીતે અનેક સંસ્થાઓએ મદદ કરી. અમારી મોજણી અનુસાર ૭૩ કુટુંબોને નાનું મોટું નુકસાન થયું હતું. ૨૩ ઘરોને આગ લાગી તે સહિત નાનીમોટી ભાંગફોડ અને લૂંટ થયા હતા. સદ્‌વિચાર પરિવારે ૩૧મી ઑક્ટોબરે રાત્રે અનાજ, ઘરવખરી અને કપડાં મોકલી આપ્યાં. બીજે દિવસે ૧૦૦ લિટર કેરોસીન મોકલ્યું. વાઘબકરી છાપ ચાની કંપની તરફથી ચાનાં પેકેટ્સ મળ્યાં. રેડક્રોસ તરફથી શ્રી સિદ્ધાર્થભાઈ મણકીવાળા ૪૦ કિલો બટર ઓઈલ આપી ગયા. રોટરી કલબના પ્રમુખ શ્રી રશ્મીભાઈ પટેલ ફેલો રોટેરીયન્સ સાથે આવ્યા અને ગાદલાં, ગોદડાં, ઓશીકાં, ચાદરનાં ત્રીસ સેટ્સ આપી ગયા. લાયન્સ કલબના સભ્યોએ ડૉ. ભગતની નિશ્રામાં પોતાની રીતે અનાજનું વીતરણ કર્યું. ગુજરાત સંકટ નિવારણ સોસાયટીના શ્રેષ્ઠિઓ હીરાલાલ ભગવતી અને બળદેવભાઈ પટેલ આવ્યા તેમણે બધું જોઈને જોઈતી મદદ આપવાની તૈયારી બતાવી. પછીથી મૃતકોના કુટુંબીજનોને પાંચહજારનો ચેક અને સાઈકલો બળી ગઈ, ચોરાઈ ગઈ તેવા સોળ લોકોને નવી સાઈકલો આપી. તૂટી ગયેલાં વળી ગયેલાં બારી-બારણાના સમારકામ માટે સદ્‌વિચાર પરિવારના પ્રયત્નોથી કાટપીટીયા મહાજનના અગ્રણી શ્રી બુલાખીદાસભાઈએ ૪૫ હજારનું ફાયરપ્રુફ પ્લાયવુડ, ટીંબર મર્ચન્ટ એસોસીએશનના અગ્રણીઓ શ્રી લાલજીભાઈ તથા પુરુષોત્તમભાઈએ જોઈતું લાકડું તથા હાર્ડવેર મર્ચન્ટ એસોસીએશને હાર્ડવેર આપ્યાં. કેટલીક સંસ્થાઓની મદદ બંને કોમોના અસરગ્રસ્તોને મળી. તો જુહાપુરાના અસરગ્રસ્તોને મદદ કરવા એકવોકેટ ફારૂકી અને બાબુભાઈ મનસુરીએ સારા પ્રયાસો કર્યા.

જુહાપુરામાં રાહતકામ કરતી શિસ્ત કમિટિ સાથે અમે સંપર્કમાં રહ્યા. આ તમામ પ્રયાસો કોમી શાંતિ અને સદ્‌ભાવના માટેના હતા. એક કોમને બીજી કોમ વિરુદ્ધ ભડકાવવાના ન હતા. અલબત્ત, અમને મદદ કરવા આવનાર ઘણી સંસ્થાઓ ધાર્મિક સંસ્થાઓ હતી. કેટલાકની ઈચ્છા અમુક-તમુક કોમનું કામ થાય તેવી હતી. પરંતુ અમારો માનવીય અભિગમ જોઈને, અમારી સમક્ષ કોઈએ કોમવાદી વાત કરી નથી.

આ ઉપરાંત ઓક્સફામ, જનપથ, સેવા, પંજાબી સમાજ, અવાજ વગેરે સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ સ્થિતિ જોવા અને મદદ કરવા માટે આવ્યા. પરંતુ વધુ મદદની જરૂર ન હોવાથી અમે સવિનય ના પાડી. આ

ઉપરાંત કેટલીક સ્થાનિક સંસ્થાઓએ પૈસા ઉઘરાવ્યા અને મદદ ન કરી તથા કેટલીક સંસ્થાઓએ પડતર કિંમતે હથિયાર આપવાની વાત કરી તેની તપાસ થવી ઘટે.

વેજલપુરના આ બનાવ સાથે શહેરમાં પણ ઘણા બનાવો બનતાં વ્યાપારી મહામંડળે તેનાં સભ્યમંડળો અને સમાજસેવી સંસ્થાઓની સંયુક્ત બેઠક બોલાવી હતી. આ બેઠકમાં વ્યાપારી મંડળોએ વેપારને થયેલાં ૨૦૦૦ કરોડ રૂપિયાના નુકસાનની વાત કરી સરકાર પાસે કેટલીક કરરાહતો માગી. જો આ મંડળો નુકસાનના દસ જ ટકા ૨૦૦ કરોડ શાંતિ અને વિકાસના યોગ્ય કામોમાં વાપરે તો કદાચ આવું નુકસાન થતું જ બચી જાય. પરંતુ મહાજનોને કોણ કહે ? અલબત્ત, શ્રેષ્ઠિઓ દ્વારા સંચાલિત સંકટ નિવારણ સોસાયટી ગુજરાતના બે શ્રેષ્ઠિઓ શ્રી હીરાલાલ ભગવતી અને શ્રી બળદેવભાઈ પટેલ સામે ચાલીને આવ્યા અને મદદ પણ કરી.

તેવી જ રીતે વ્યાપારી મહામંડળે બોલાવેલી આ બેઠકમાં કેટલીક સમાજસેવી સંસ્થાઓએ શાંતિ અપીલ બહાર પાડવાની તેમજ શાંતિ સરઘસની વાત કરી. ત્યારબાદ આ સંસ્થાઓએ તે કાર્યક્રમો અમલી પણ બનાવ્યા. પરંતુ આ સંસ્થાઓ અને જાહેર વ્યક્તિઓએ તેમાંથી કેટલાકને વિનંતી કરવા છતાં-વેજલપુરના અસરગ્રસ્તોની મુલાકાત લઈને અશાંત વિસ્તારમાં કંઈ કામ ન કર્યું. કેટલીક સંસ્થાઓએ સીધી મદદ પહોંચાડી. તેની વિગતો પ્રાપ્ત નથી. તો વળી કેટલીક સંસ્થાઓએ થોડું આપીને ઘણુંબધું આપ્યાના સમાચાર છાપામાં છપાવ્યાં. અસરગ્રસ્ત લોકોમાંથી કેટલાક આવી વૃત્તિ પર નારાજ થઈ છાપામાં રદીયો આપવાની વાત કરવા લાગ્યા. તેમને માંડ શાંત પાડી વિવાદ ઊભો થતો અટકાવ્યો. આમ સંસ્થાકીય પ્રતિભાવો ત્રણ પ્રકારના આવ્યા. લોકોને જરૂરી વસ્તુ આપી પ્રચારમાં ન પડનાર, ઓછી વસ્તુ આપી વધુનો પ્રચાર કરનાર તથા કશું નક્કર ન કરીને શાંતિ અપિલ, શાંતિયાત્રા કે પરિસંવાદ કરી પ્રસિદ્ધિ મેળવનાર. લોકોએ આ ત્રણેય પ્રકારની સમાજસેવી સંસ્થાઓને ઓળખવી જરૂરી છે.

**સરકારનો પ્રતિભાવ**

પ્રથમ પ્રતિભાવ પોલીસનો હોય. પોણાચાર વાગ્યે સ્થાનિક પોલીસ આવી. તેમાંના એક કર્મચારીને લોકોએ હવામાં બંદૂકના વાર કરતાં જોયાં હતા. તેની કોઈ અસર બંને બાજુના ટોળાં પર થઈ નહિ. લગભગ ૪-૪૫ વાગ્યે અનામત પોલીસદળ આવ્યું ત્યારે આ વિસ્તાર યુદ્ધમાં ફેરવાઈ ગયો હતો. અનામત પોલીસે લગભગ ૫૦ ગોળીઓ છોડી હુમલાખોરોને હટાવ્યા અને પરિસ્થિતિ કાબુમાં લીધી. આ ગોળીબારમાં કેટલાંક મૃત્યુ પણ થયાં.

૩૦ ઑક્ટોબરે સાંજે ૪-૦૦ વાગ્યે કેટલાક મકાનોને આગ લાગતાં ફાયરબ્રિગેડને ફોન કર્યો. જવાબ મળ્યો કે પોલીસ રક્ષણ મળશે તો આવશું. પોલીસ કંટ્રોલને ફોન કર્યો ત્યારે તો આખું અમદાવાદ ગાંડું થયું હતું. તેથી કંટ્રોલ તરફથી કોઈ મદદ ન મળી. લોકોએ જાતે આગ ઠારી. વેણુગોપાલની આગ ઠારવા માટે પાણી અલફારુક સોસાયટીમાંથી આવ્યું. કરફ્યુમાં અસરગ્રસ્તોનું કામ કરવા નીકળવા માટે કરફ્યુ પાસની માગણી માટે વરિષ્ઠ અધિકારીઓ સહિત પોલીસ ખાતાના લાગતા વળગતા વિભાગને ફોન કર્યા. જવાબો અહીં નોંધવા જેવા નથી. પછી સદ્વિચાર પરિવારનો બીલ્લો પહેરીને જવા માંડ્યા ત્યારે સ્થાનિક પોલીસોએ ન રોક્યો. પરંતુ જેમ કામ કરતા ગયા તેમ સ્થિતિ બદલાતી ગઈ. લઘુમતી કોમનું એક ઘર બળી ગયું તેની ફરિયાદ પોલીસ લેતા નથી તેવી વાત આવતાં સેટેલાઈટ પોલીસ સ્ટેશને ફોન કરતાં સારો પ્રતિભાવ સાંપડ્યો અને ફરિયાદ પણ નોંધી. પોલીસનું વલણ સહકારભર્યું રહ્યું. ૩૦ ઑક્ટોબરના બનાવ પછી પોલીસે ફરિયાદો નોંધીને, તપાસ કરી હતી. કેટલોક ચોરાયેલો માલ પરત મેળવ્યો છે. પરંતુ લવરમુછીયા યુવાનોનું જે ટોળું આવ્યું તે ક્યાંનું હતું, તેમને આ વિસ્તારની અમુક જ સોસાયટીઓ પર હુમલો કરવાનું કેમ સૂઝ્યું ? જે ઝડપે આ ટોળું આવ્યું અને ચાલ્યું ગયું તે ઝડપ પણ નોંધપાત્ર હતી.

બનાવ પછી ત્રીજે દિવસે મુખ્યમંત્રી આવ્યા. અનેક જાતના કાર્યકરોથી ઘેરાએલા મુખ્યમંત્રીશ્રીને સાચું ચિત્ર

પ્રાપ્ત ન થયું અને જેમને વધારે નુકસાન પહોંચ્યું હતું તેમને મળ્યા વિના તેઓ ચાલ્યા ગયા. ત્રીજી નવેમ્બર સુધીમાં સરકાર તરફથી વળતરની કોઈ કાર્યવાહી થઈ નહોતી, ત્યારે તે જ દિવસે તત્કાલિન ગૃહખાતાના નાયબમંત્રી નરહરિ અમીનની હાજરીમાં વ્યાપારી મહામંડળમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને મહાજનોની મિટિંગમાં આ વાત કહેતાં મંત્રીશ્રીએ તત્કાલ પ્રતિભાવ પાડ્યો. ત્યારબાદ ત્રણ મંત્રીશ્રીઓ-દલસુખભાઈ ગોધાણી, ઠાકોરભાઈ નાયક તથા નરહરિ અમીન-વેજલપુરના બંને કોમોના અસરગ્રસ્તોમાં અઢી કલાક ફર્યા અને લોકોની ફરિયાદો સાંભળી. તત્કાલ સર્વે થયો અને વળતરની રકમ ચૂકવાઈ ગઈ. મૃત્યુ પામેલાના નજીકના સગાને રૂ. ૨૦,૦૦૦-નો ચેક મળ્યો તથા વધારાના રૂ. ૩૦,૦૦૦-નર્મદા બોન્ડના સ્વરૂપે ચૂકવવાની વાત કરી. જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી વગેરેના પડાવે આ પ્રશ્નનો તત્કાલ ઉકેલ આણ્યો.

અલબત્ત, આપણું વહીવટીતંત્ર કટોકટીમાં સારું કામ કરે છે, પરંતુ સામાન્ય સ્થિતિમાં નહિ તે ચરિતાર્થ થાય છે. સગવડોના વિકાસ વિના વધેલી વસ્તી અને રહેઠાણોએ આ વિસ્તારમાં તંગદિલી ઊભી કરવામાં ફાળો આપ્યો છે. રસ્તા, ગટર, વીજળી (રસ્તા પરની), વાહનવ્યવહાર વગેરે જાહેર સગવડોનો અહીં અભાવ છે. ઔડા, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત કે સરકાર આ બાબતમાં કંઈ ધ્યાન આપતાં નથી. તોફાનો થયાં એટલે પંચાયતે જાહેર રસ્તા પર જરૂરી વીજળી ગોઠવી. શાંતિ થતાં તે પાછી લઈ લીધી.

**લોકોનો પ્રતિભાવ**

જેમનાં ઘર બળ્યાં-લૂંટાયા તેવા લોકો દોડીને અમારી સોસાયટીમાં આવ્યા. ૩૦ ઑક્ટોબર થી ૪ નવેમ્બર સુધી ચાર કુટુંબો વિશ્વામિત્ર સોસાયટીમાં રહ્યા. આવું બીજે પણ થયું. દિવસે લોકો પોતાનાં ઘર સાફ કરવા જાય. રાત્રે માત્ર પુરુષો ચોકી કરવા રોકાય. બારી-બારણાનું સમારકામ થયું ત્યાં સુધી આ સ્થિતિ ચાલુ રહી.

૩૦ ઑક્ટોબરની રાત્રે ફરી હુમલો થયો ત્યારે પોલીસ બોલાવવામાં મદદ કરી. ત્યારબાદ યુવાનો સાથે ચર્ચા થતાં રાહતકામ ઉપાડી લેવાનું સૂચન કરતાં બધાએ ઉત્સાહથી હા પાડી. આજુબાજુના લોકોને કહેતાં બધા એકત્ર થયા. પ્રથમ તો આ બનાવ 'રેકોર્ડ' કરી લેવા નુકસાનના ફોટા પાડવા પડે. બહારના છબીકાર અહીં આવવા તૈયાર ન થયા. સ્થાનિક છબીકાર શ્રી ઓચ્છવભાઈ પટેલે પોતાની સેવા આપી. બહારના દૂધવાળા આવતા બંધ થઈ ગયા હતા તેથી સ્થાનિક અશોક ડેરીના શ્રી અશોકભાઈએ દશ કુટુંબોને દશ દિવસ વિનામૂલ્યે દૂધ પૂરું પાડ્યું. સદ્‌વિચાર પરિવાર પાસે અમે લોટની માગણી કરી હતી અને ઘઉં મળ્યા. વિશ્વામિત્ર અને શીવસાગર-૨ સોસાયટીઓની ૪૦ બહેનોએ રાત્રે એક કલાકમાં પાંચ બોરી ઘઉં સાફ કરી આપ્યા અને બે ઘંટીવાળાઓએ કરફ્યુમાં સવારે છ વાગ્યે ઘંટી ખોલી ઘઉં દળી આપ્યા. આવેલું અનાજ અને ઘરવખરી જથ્થાબંધ હતા. જયભવાની સ્ટોરવાળા ભરતભાઈ અને તેમના ભાઈઓએ પરિવાર દીઠ પડીકાં બનાવી આપ્યાં. ઉપરાંત પોતાના તરફથી લંચબોક્સ, બિસ્કીટ વગેરે આપ્યા. મોરારજીપાર્કના રહીશો ૩૫ ટોયલેટ બેગ્સ આપી ગયા જેમાં નહાવા-ધોવાના સાબુ, ટૂથપેસ્ટ, બ્રશ વગેરે હતા. વિશ્વામિત્ર સોસાયટીમાં રહેતા પ્રેરણા ઇલેક્ટ્રિક સ્ટોર્સવાળા વાસુદેવભાઈએ કોઈપણ કિંમત લીધા વિના જરૂરતમંદોનું વીજળી સમારકામ કરી આપ્યું. આંબાવાડીના ટ્વીંકલ એપાર્ટમેન્ટના રહીશો સ્ટેનલેસ સ્ટીલના ૨૦ સેટ્સ આપી ગયા. વધારાની જરૂર હોય તો કહેજો એમ કહી ગયા.

આ બધું વીતરણ કરતાં અનાજ, વાસણ, કપડાં ખૂટ્યાં. યુવાનો કોથળા લઈને નીકળી પડ્યાં અને આજુબાજુના રહીશોએ અનાજ, વાસણ, કપડાં એટલા પ્રમાણમાં આપ્યાં કે અમારે વેજલપુર બહારથી આ વસ્તુઓ આપનારાઓને ના પાડવી પડી. મળેલાં કપડાંમાંથી ઉંમર પ્રમાણે જોડી બનાવવા તથા માપીને આપવા માટે વિશ્વામિત્ર સોસાયટીમાં રહેતા દરજી શૈલેષભાઈ પલાંઠી મારીને બેસી ગયા. નવરંગપુરાની સુમંગલ સોસાયટીના

લોકોએ અસરગ્રસ્તોને રૂ. ૧૩,૦૦૦- સુધીની મદદ કરવાની તૈયારી બતાવી. તેમણે શૈલેષપાર્કનાં બારણાં રીપેર કરનાર મિત્રીને રૂ. ૩૦૦૦- તથા બળી ગયેલાં ત્રણ મકાનોને રંગકામ કરી આપનારને રૂ. ૬૦૦- ચૂકવી આપ્યા. વેણુગોપાલ સોસાયટીના રહીશોએ કાચની જગ્યાએ ફાયરપ્રૂફ પ્લાયવુડ લગાવ્યું તો શૈલેષપાર્ક અને ઝલકના કાચની કિંમત સુમંગલ સોસાયટીએ ચૂકવી આપી. મોરારજી પાર્કમાં રહેતા પી.એચ. ગ્લાસ ટ્રેડર્સના હસમુખભાઈએ ફીટીંગ ચાર્જીસ લીધા વિના શૈલેષપાર્કના કાચ લગાવી આપ્યા. પછી લોકોએ આગ્રહ કરતાં મહેનતાણું લઈને ઝલક અને દયાળબાગના બારીના કાચ લગાવી આપ્યા. જીવરાજપાર્કના મિત્રો અરવિંદ પાઠક, નાથાલાલ વગેરે આવ્યા. તેમણે લગભગ રૂ. ૧૭,૦૦૦-એકત્ર કર્યા હતા, તેમાંથી રૂ. ૫,૦૦૦-એક મૃતકના સગાને તેમણે આપ્યા. બાકીના પૈસામાંથી તેલના ડબ્બા ખરીદી જરૂરતમંદોને તેમણે જ આપ્યા. આમ, સ્વયંભુ રીતે ઘણા લોકો વિવિધ પ્રકારની મદદો કરવા આવ્યા. અમે તો માત્ર કોને શેની જરૂર છે તે કહ્યું અને લોકોએ મદદ પહોંચાડી. કેટલાકે આગ્રહ રાખ્યો કે મદદ પુનર્વસન સમિતિ કરે. અમે રોકડા પૈસા ન લીધા, વસ્તુ લીધી. વસ્તુ સ્વીકારવાનું અને આપવાનું કામ સોસાયટીની યુવતીઓએ ઉપાડી લીધું. દોડાદોડીનું કામ યુવકોએ ઉપાડી લીધું. લગભગ ૧૦ દિવસ સુધી ૩૦ યુવાનોએ મને દઈને કામ કર્યું. તેમનો આગ્રહ છે કે તેમને પ્રસિદ્ધિ નથી જોઈતી. તેમનાં નામો ન લખવાં.

વેજલપુર પુનર્વસન સમિતિ તરફતી જરૂરતમંદ અસરગ્રસ્તોને જે કંઈ આપ્યું તેનો હિસાબ રાખ્યો. લેનારની સહી લીધી. દાતા સંસ્થાઓ અને વ્યક્તિઓને જોવા માટે આ સાહિત્ય ઉપલબ્ધ છે. પોતે આપેલી વસ્તુઓ યોગ્ય જગ્યાએ પહોંચી કે નહિ તે જાણવાનો તેમનો અધિકાર છે.

તેમ છતાં જેમને નહિવત નુકસાન થયું હોય અથવા કશું જ નુકસાન ન થયું હોય તેવા કેટલાક લોકોએ અણછાજતી માગણીઓ પણ કરી. આવા લોકો વધારે બોલકા હોય છે. એક જ દાખલો આપું. વેણુગોપાલમાં મકાન ધરાવતા એક ભાઈ પોતાનું ખાલી મકાન જોવા કદિ આવ્યા નહોતા તેમના બારણાઓને નુકસાન થયું નહોતું. છતાં ફાયરપ્રૂફ પ્લાયવુડવાળાં બારણાં (નુકસાનવાળાનાં) થયાં તેથી તે ભાઈએ શહેરના લગભગ પાંચેક સજ્જનો દ્વારા મને અવારનવાર સંદેશો કહેવડાવ્યો કે તેમને પણ મદદ આપવી. આ ઉપરાંત જે તે સોસાયટીના સમારકામનો વહીવટ તે સોસાયટીના લોકોને સોંપતાં કેટલાક આંતરિક ઝગડાઓ પણ બહાર આવ્યા. મંથન થાય ત્યારે અમૃત સાથે વિષ પણ નીકળે છે.

**પુનર્વસન**

એકવાર ઉખડી ગયેલા લોકોને પુનઃસ્થાપિત કરીને વિકાસના માર્ગ તરફ આગળ વધવાની તક પ્રાપ્ત થાય તેને પુનર્વસન કહી શકાય. નર્મદા યોજનાના અસરગ્રસ્તોના પુનર્વસનનું કાર્ય કર્યા પછી મને જ્યારે વેજલપુરના હુલ્લડ અસરગ્રસ્તોમાં રાહતકામ કરવાની તક મળી ત્યારે મને લાગ્યું કે માત્ર રાહતકામથી સમુદાયનું પુનર્વસન થતું નથી. સમગ્ર સમુદાયમાં ફરી એકતાની ભાવના જાગે, જ્ઞાતિ કે ધર્મના આધારે પોતાના પ્રશ્નોને જોતા અટકી જાય અને જે તે વિસ્તારના નાગરિકો તરીકે પોતાના પ્રશ્નોને જુએ અને હલ કરવા માટે સમુદાય જાતે તૈયાર થાય તો ખરું પુનર્વસન થયું કહેવાય. આમ તો રાહતકામ અને પુનર્વસન સંકળાયેલાં છે, પરંતુ બંને વચ્ચે તાત્ત્વિક ભેદ એ છે કે અસરગ્રસ્તો પોતે રાહતકામ કરતા નથી, તેમને માટે અન્ય લોકો કરે છે. જ્યારે પુનર્વસનની કામગીરી માટે સમુદાય જાતે પ્રથમ જાગૃત અને પછી સંગઠિત થાય છે.

આ વાત શ્રી હરિભાઈ પંચાલના મુખેથી પ્રતિદાનના ખ્યાલરૂપે નીકળી. તેમના મત મુજબ ‘સમાજની મદદ મેળવીને બેઠાં થનારાં કુટુંબો પોતાની અનુકૂળતા ઉભી થાય ત્યારે અન્ય અસરગ્રસ્તોની સેવા માટે પ્રતિદાન પણ કરે.’ અસરગ્રસ્તો પ્રતિદાન કરવા માટે તૈયાર થાય જ્યારે તેમને લાગે કે તેઓ પગભર થઈ ગયા છે. રાહતકામમાં પણ આ ભાવના અપનાવેલી. બહારની મદદ જરૂર કરતાં ઓછી લેવી અને દરેક સોસાયટીએ પોતાનું કામ એક સમૂહ તરીકે કરવું.

વેણુગોપાલ સોસાયટીના લોકો સાથે વાત કરતાં એક વિચાર સ્ફૂર્યો કે આપણે જૂનું લાકડું પહેલું કામમાં લેવું પછી મળેલું લાકડું વાપરવું. બધાએ આમ કરતાં, અમે અમારી જરૂરિયાતનું ૮૦ટકા લાકડું મળ્યું હતું, તેમાં બચત કરી. જૂના લાકડાં, હાર્ડવેર, કપડાં, અનાજ, વાસણ વગેરે પણ થોડા બચ્યાં હતા. સેવા સંસ્થાના રેનાના ઝાબવાલાએ અમને કહ્યું કે બાપુનગર-ગોમતીપુરમાં હજી પૂરી મદદ મળી નથી. તેથી અસરગ્રસ્તોએ પોતાની મળેલી આ વસ્તુઓ સદ્‌વિચાર પરિવાર દ્વારા, અન્ય અસરગ્રસ્તોને પહોંચાડવા માટે સેવા સંસ્થાને પ્રતિદાનમાં આપી. આ પ્રતિદાન કાર્યક્રમના સહગામી કાર્યક્રમ તરીકે સમર્પણ વિદ્યાપીઠમાં સદ્‌ભાવના મુશાયરો પણ યોજાયો. જેમાં ગુજરાતના ખ્યાતનામ કવિઓ અને શાયરોએ પોતાની કોમી એખલાસની ભાવના પ્રસરાવતી કવિતાઓનું રસપાન કરાવ્યું.

પ્રતિદાન બાદ અમે સદ્‌વિચાર પરિવાર પ્રેરિત વેજલપુર પુનર્વસન સમિતિનું કામ પૂરું થયેલું જાહેર કર્યું. લોકોને હવે કળ વળી ગઈ હતી. ધંધા-રોજગાર પહેલાં જેમ ચાલુ થઈ ગયા હતા. લોકો પોતાના ઘરોમાં રહેવા ચાલ્યા ગયા હતા. પોતાનું ઘર ધરાવતા કેટલાક વેચવાની પેરવીમાં પડ્યા. આવે સમયે એક કોમ વેચે અને બીજી કોમ ખરીદે તો ફરી પાછી તંગદિલી ઉભી થાય. આથી અમે સરકારને બે કોમ વચ્ચે મિલકત તબદિલી પર પ્રતિબંધ મૂકવાની વાત કરી, જે સરકારે સ્વીકારી. આથી હવે બંને કોમોને ખાતરી થઈ ગઈ કે અહીં જ રહેવાનું છે, તો શાંતિથી શા માટે ન રહેવું ? અમે વેજલપુર પુનર્વસન સમિતિ વિખેરી નાખતાં બાકી રહેલા પ્રશ્નો હલ કરવા માટે અસરગ્રસ્ત સોસાયટીના બે એમ કુલ દશ સભ્યોની એક સમિતિ બનાવી. આ સમિતિએ અનેક મિટિંગો પણ કરી. દરેક મિટિંગમાં સોસાયટીના આંતરિક ઝગડાઓ પણ આવતા, જેની મુક્તપણે રજૂઆત થવા દીધી. આથી કેટલાક લોકો કુલડીમાં ગોળ ભાંગવા ઈચ્છતા હતા તેમની મુરાદ બર ન પણ આવી.

આ સમિતિની બેઠકોમાં લોકો મને આમંત્રણ આપતા. હું કહેતો કે 'હું તો માત્ર હાજર રહીશ, કામ તમારે કરવાનું છે.' લોકોને લાગ્યું કે બંને કોમો શાંતિથી રહી શકે તે માટે બંને કોમોનાં રહેઠાણો વચ્ચે દીવાલની જરૂર છે. લોકોએ કહ્યું કે આ તો બર્લિનની દીવાલ છે. આજે બાંધવી જરૂરી છે, કાલે જરૂરિયાત બદલાશે તો તોડી પાડશું. અલફારુક ફ્લેટવાળાએ ઊંચી દીવાલ ચણ્યા બાદ શૈલેષપાર્કની દીવાલ થઈ. ત્યારબાદ વેણુગોપાલ અને ઓમજયશ્રીની દીવાલ થઈ. પછી ન્યુ આશીયાના અને શરીફાબાદના રહીશોએ દીવાલ કરી. આ દીવાલ ચણવામાં પ્રથમ ફાળો જે તે સોસાયટીના લોકોએ આપ્યો, ત્યારબાદ બહારના દાતાઓએ ઈંટો, રેતી અને સિમેન્ટ આપ્યા. આ દાતાઓને પણ જે તે સોસાયટીઓવાળાઓ શોધી લાવ્યા અને કામ પણ સોસાયટીના રહીશોએ પૂરું કરાવ્યું.

આ દીવાલની તત્કાલ અસર થઈ. ૧૦મી ડિસેમ્બરે શૈલેષપાર્ક બાજુથી કેટલાક લોકોએ રોશનપાર્કમાં હુમલા માટે પ્રવેશવાની વાત કરી. શૈલેષપાર્કના રહીશો આ અટકચાળા તત્ત્વોને રોકી શક્યાં. પોલીસ પણ તુર્ત જ આવી ગઈ અને તંગદિલી નિવારી શકાઈ.

વેજલપુરના લોકોને પોલીસ ફરિયાદ માટે છેક સેટેલાઈટ પોલીસ સ્ટેશને જવું પડતું. આ વિસ્તારની વસ્તી અને પ્રશ્નો જોતાં વેજલપુર પોલીસ સ્ટેશન અને એક વધારાની પોલીસ ચોકીની માગણી લોકોએ કરી. પ્રતિભાવરૂપે બંને મળ્યા. પોલીસ સ્ટેશનના સ્થળ વિશે કેટલાંક તત્ત્વોએ ઉહાપોહ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ લોકોએ ટેકો ન આપ્યો.

૧૪ જાન્યુઆરી, ૧૯૯૧, મકરસંક્રાંતિને દિવસે મોટા પાયા પર તોફાનો થવાની જોરદાર અફવા હતી. બંને કોમોના કેટલાક સ્થાનિક પ્રતિનિધિઓ મળ્યા અને શાંતિ સમિતિ રચવાનું નક્કી કર્યું. પોલીસ અધિકારીઓએ સારો ટેકો આપ્યો અને શરૂઆતની જાહેર બેઠકો યોજી. આવા બધા પ્રયત્નોથી લોકો એકબીજામાં ભળતા ગયા અને વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું. વહી ગયેલા સમયે પણ ઘાવ રુઝાવવામાં ફાળો આપ્યો. આથી મકરસંક્રાંતિને દિવસે કેટલાંક તત્ત્વોએ તોફાન કરવાનો પ્રયાસ કર્યો તેને દાદ ન મળી.

આ વિસ્તારમાં દરેક કોમને પોતાનું સંગઠન છે. પરંતુ સમગ્ર વિસ્તારના પ્રશ્નો વિચારે તેવું કોઈ સાર્વજનિક સંગઠન નથી. આથી શાંતિ સમિતિની એક બેઠકમાં મેં આવું સાર્વજનિક સંગઠન ઊભું કરવાની વાત કરી. લોકોએ વાત વધાવી લીધી અને આવું સંગઠન કરવા માટે તત્કાલ એક કામચલાઉ સમિતિ બનાવી. આ કામચલાઉ સમિતિની પ્રથમ બેઠકમાં અર્ધા સભ્યો ગેરહાજર રહ્યા. પછી તો એક કોમના જાણીતા કામદાર આગેવાન સભ્ય સિવાય બધા જ એક યા બીજું બહાનું બતાવી સરકવા લાગ્યા. દરેક સભ્ય ઇચ્છતા હતા કે હું આવું કરી આપું. બીજી બાજું, મારું માનવું એવું હતું કે લોકોને જો અને જ્યાં સુધી આવા સગઠનની જરૂર ન જણાય તો અને ત્યાં સુધી આવું સંગઠન ન બનાવવું.

**નિરીક્ષણો અને ભલામણો**

વેજલપુરમાં ૩૦ ઑક્ટોબરથી જે કંઈ બનાવો બન્યા, તોફાનો થયાં, તંગદિલી ઉદ્ભવી, રાહતકામ થયું તથા પુનર્વસનના પ્રયાસો થયા એ બધાનો પ્રથમદર્શી સાક્ષી રહ્યો છું તથા કોમ-કોમ વચ્ચેના બદલાતા જતા સંબંધોના એક ભાગ તરીકે બધું જોયું છે. આવા સમયે સંશોધનથી ટેવાયેલું મારું મન સ્વાભાવિક રીતે જ કેટલાંક નિરીક્ષણો રજૂ કરવા તરફ પ્રેરાય છે.

(૧) વેજલપુર વિસ્તાર સહકારી ગૃહનિર્માણ મંડળીઓનો વિસ્તાર છે. સહકારી માળખું એક કાનૂની અને ધર્મનિરપેક્ષ સંગઠનનું માળખું હોવાં છતાં કોઈ એક ગૃહનિર્માણ મંડળીના સભ્યો કોઈ એક નિશ્ચિત કોમના હોય તેવું બને છે. અપવાદરૂપે જ્યાં મિશ્રકોમ વસતી હોય છે ત્યાં પણ આવું એક વિસ્તારમાં એક કોમના વસવાનું વલણ કોમ તંગદિલીને પરિણામે વધતું જાય છે. કેટલાક કિસ્સાઓમાં તો એક ગૃહ સહકારી મંડળીમાં કોઈ એક જ્ઞાતિસમૂહનું વર્ચસ્વ હોય તેવું પણ જોવા મળે છે. કાનૂની-ધર્મનિરપેક્ષ સામાજિક પરિબળો મહત્ત્વના બને તેવું બનવાને બદલે સામાજિક પરિબળો સામે ધર્મનિરપેક્ષ-કાનૂની માળખું ઝૂકી જતું હોય તેવી સ્થિતિ પેદા થાય છે. બંધારણમાં ઇચ્છિત સામાજિક પરિવર્તનની દિશા કરતાં અહીં જુદું બની રહ્યું છે. તમામ સામાજિક વિચારકો માટે આ વાત ચિંતાજનક છે.

(૨) વેજલપુરના લોકોના આર્થિક સંબંધો કોમી સરહદોને અતિક્રમીને બંધાયા છે. અન્ય સમુદાય સાથે આ આર્થિક વ્યવહારોમાં કોઈને મુશ્કેલી પડતી નથી. શાંતિ સમિતિના એક કોમના એક સભ્ય જે મહેંદી બનાવે છે તેનું વેચાણ શાંતિ સમિતિના બીજી કોમના બીજા સભ્ય કરે છે. આ વાત બંને જણા ગૌરવપૂર્વક જાહેરમાં કહે છે. તેમ છતાં આ સંબંધો આર્થિક વ્યવહારોથી આગળ વધીને સામાજિક સંબંધોમાં પરિણમતા નથી. સામાજિક સંબંધોની વાત આવે છે ત્યાં કોમ અને જ્ઞાતિની સરહદો ઉભી થઈ જાય છે. એ ત્યાં સુધી કે આર્થિક વિકાસની તકો અંકે કરવા લોકો જ્ઞાતિ અને કોમનાં સંગઠનોનો આધાર લે છે. આર્થિક વિકાસની તકો વધુ ને વધુ વ્યક્તિગત પ્રાપ્તિના આધારે ઘડાતી જાય છે. ત્યાં તેને પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ પોતાની પ્રાપ્તિ તો વધારે જ છે, પરંતુ પ્રાપ્તિમાં જ્યાં વ્યક્તિ પાછી પડે છે ત્યાં અને તેટલી હદે તે જ્ઞાતિ અને કોમવાદી સંગઠનોનો આશરો લે છે. આજના કોમવાદનું ધ્વૈત એ છે કે વ્યક્તિ જે પ્રાપ્ત કરવા ઇચ્છે તે (આર્થિક વિકાસની તકો) સમાજને વ્યક્તિવાદ તરફ લઈ જાય છે જે કોમ કે જ્ઞાતિના હિતોથી સુસંગત નથી છતાં આ તકો પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ જ્ઞાતિ કે કોમનો સહારો લે છે. તે આવું કરે છે ત્યારે તેને જ્ઞાતિ કે કોમ માટે ભાવના છે તેમ કહેવા કરતાં જ્ઞાતિ કે કોમનો તે પોતાની વૈયક્તિક પ્રાપ્તિ માટે ઉપયોગ કરે છે તેમ કહેવું વધુ યોગ્ય છે. એક કોમના વડીલે મને જણાવ્યું હતું કે તેઓ નમાઝી છે, પરંતુ કોમવાદી હિંસામાં માનતા નથી. જ્યારે જ્યારે બીજી કોમના ઘણા યુવાનો ધર્મઝનૂનનો ઉપયોગ કરે છે, પરંતુ તેઓ નમાઝી નથી. તેમણે કુરાન પણ વાંચ્યું નથી. તેવી જ રીતે રામજન્મભૂમિ માટે કારસેવા કરવા નીકળી પડનારમાંથી કેટલાએ રામાયણ વાંચ્યું હશે અને કેટલાએ હિંદુધર્મનું પરિશીલન કર્યું હશે તે મહત્ત્વનો સવાલ છે. આમ વ્યક્તિના આર્થિક-ભૌતિક હિતો અને સામાજિક ઓળખ વચ્ચેનો સંબંધ સંકુલ અને ધ્વૈત છે.

(૩) જે સોસાયટીઓ પર હુમલો થયો, અને લૂંટવા-બાળવામાં આવી તેમને ખરીદી માટેની બોલી મળી ચૂકી હતી. તેમની નજીકના જમીનના ખાલી ટુકડાઓ બિલ્ડર લોબીએ ખરીદી લીધા છે કે ખરીદવાની પ્રક્રિયામાં છે. તેના ભાવો પ્રવર્તમાન બજારભાવથી સહેજ ઊંચા છે. હુલ્લડ પછી આ વિસ્તારમાં મકાન-જમીનના ભાવો ગગડી ગયા હતા. શાંતિ સમિતિના એક સભ્યે કહ્યું હતું, 'એક પથરો પડે છે ને ભાવોમાં પાંચહજાર રૂપિયાનો ઘટાડો થાય છે.' હકીકતો દર્શાવે છે કે હુમલો પણ ભાવો ગગડે અને ગભરાટીયા વેચાણ થાય તે માટે જ હતો. પરંતુ નાસી ગયેલા લોકો પાછા રહેવા ગયા અને રોજિંદુ જીવન શરૂ કર્યું તેથી ગભરાટીયા વેચાણ ઈચ્છનાર તત્ત્વોની મુરાદ બર આવી નથી.

(૪) હુલ્લડમાં સંડોવાયેલા બધા લોકો યુવાન હતા. રાહતકામમાં પણ યુવાનો હતા. પરંતુ પુનર્વસનના કામમાં સંકળાયેલા અને શાંતિ સમિતિમાં આવનાર બધા લોકો પુખ્તવયના હતા. હુલ્લડ અને રાહતમાં કોમ આધારિત કામ હતું, જ્યારે પુનર્વસન કોમ આધારિત ન હતું. એ જોતાં યુવાન પેઢીમાં, પુખ્ત પેઢીના પ્રમાણમાં, કોમવાદી ભાવના વિશેષ છે તેમ કહી શકાય. આગળ જણાવ્યું તેમ આ કોમવાદી ભાવના ધર્મની શ્રદ્ધાના પાયા પર નહિ પરંતુ આર્થિક તકો અંકે કરવાની સલામતીની લાગણીના પાયા પર બંધાયેલી છે. ધર્મ અને રાજકારણના ખેરખાંઓ યુવાનોની આ લાગણી વિષયક અસલામતીની ભાવનાનું શોષણ કરે છે.

(૫) સમગ્ર પરિસ્થિતિમાં સ્થાનિક રાજકરણીઓની ભૂમિકા નકારાત્મક અને ખંડનાત્મક રહી. મારી જાણમાં એવા ત્રણ કિસ્સાઓ આવ્યા છે જેમાં સ્થાનિક રાજકારણીઓએ લોકોની પ્રજ્વળી ઊઠેલી લાગણીનું શોષણ કરી રાહતકામને નામે પૈસા ઉઘરાવ્યા, પરંતુ રાહતકામમાં તેનો ઉપયોગ ન કર્યો. સ્થાનિક રાજકારણીઓએ અનેક લોકોને અનેક જાતના વચન આપ્યાં અને પૂરાં ન કર્યા. એટલું જ નહિ પરંતુ એક કોમ વિરુદ્ધ બીજી કોમની લાગણીઓ ઉશ્કેરી અને કાયમી શાંતિ ઊભી કરવાના કામોમાં દખલ કરી. આમાંના કેટલાક સ્થાનિક નેતાઓ ગુંડાગીરી માટે પણ જાણીતા છે. આ સ્થાનિક રાજકારણીઓના વર્તન વિશે રાજ્યકક્ષાના નેતાઓને વાત કરી જોઈ, પરંતુ તેનું કોઈ સુપરિણામ જાણવા મળ્યું નથી.

રાજકારણીઓ હુલ્લડ શરૂ નથી કરાવતા, પરંતુ શરૂ થાય પછી લાગણીઓ ભડકાવીને પોતાના નાનાવિધ હિતો સંતોષવાનો પ્રયત્ન કરે છે.

(૬)જ્યાં સુધી પુનર્વસનને લાગેવળગે છે ત્યાં સુધી લોકો અમુક હદથી આગળ જવા નથી માગતા. આગળ જણાવ્યું તેમ લોકો અન્ય કોમ સાથે આર્થિક વ્યવહારો રાખવા ઇચ્છે છે, પરંતુ પોતાની અલગ-કોમ અને જ્ઞાતિની ઓળખ ટકાવી રાખવા પણ ઇચ્છે છે. આર્થિક વ્યવહારોમાં ધર્મનિરપેક્ષતા ખરી, પરંતુ સામાજિક ઓળખમાં ધર્મનો પાયો લોકોને જરૂરી લાગે છે. કદાચ આવા સંકુલ સમાજમાં અસલામતીના સમયમાં રક્ષણ આપવાનું કામ આવી સામાજિક ઓળખ દ્વારા થતું હશે, કારણ કે રોજબરોજના વ્યવહારોમાં જે સામાજિક ઓળખ પ્રગટ નથી થતી તે તંગદિલીના સમયમાં ખાસ પ્રગટ થાય છે. ભારતીય સમાજ સંકુલ સમાજ હોવાથી, પશ્ચિમના એકરંગી રાષ્ટ્રોમાં જે રીતે ધર્મનિરપેક્ષ સમાજવ્યવસ્થા ઊભી થઈ, તે પ્રકારની ધર્મનિરપેક્ષતાની અપેક્ષા ભારતમાં કદાચ ન રાખી શકાય. આ બધી ધાર્મિક-જ્ઞાતિ વિષયક-જાતિ વિષયક ઓળખો ઓગળી જઈને ઐહિક વ્યક્તિની ઓળખ અહીં ઊભી થશે તે માનવું વધારે પડતું છે.

(૭) જે સંસ્થાઓએ રાહત અને પુનર્વસનના કામમાં મદદ કરી, અને ન કરી, તેમની ઓળખ જરૂરી છે. સામાજિક કલબો, વ્યાપારી મંડળો, ધાર્મિક સંગઠનો અને સેવાભાવી સંસ્થાઓએ રાહતકામમાં મદદ કરી. આમાંના કેટલાકે સામે ચાલીને મદદ કરી. પરંતુ કહેવાતા બુદ્ધિજીવીઓ અને સામાજિક કાર્યકરોના ધર્મનિરપેક્ષ સંગઠનોએ માત્ર મિટિંગો ભરી, પરિસંવાદો યોજ્યા કે સલામત સ્થળે સરઘસો કાઢ્યા. કેટલાંક માનવંતા નાગરિકોએ શાંતિ માટેની અપીલો બહાર પાડી. મૂલ્ય

રક્ષકોએ છાપામાં લેખો અને ચર્ચાપત્રો લખી કાઢ્યા. આમાંના ઘણાબધાને મેં હુલ્લડગ્રસ્ત વેજલપુરની મુલાકાતે આવવાનું આમંત્રણ આપ્યું. પરંતુ આંગળીને વેઢે ગણાય તેટલા લોકો આવ્યા.

**ભલામણો**

(૧) ગુજરાતમાં કોમવાદી અને જ્ઞાતિવાદી તનાવો વધતા જાય છે અને આગામી દશકામાં વધશે તેવાં તમામ ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે. પરંપરાગત સિદ્ધાંતો અને વાદો આ તત્ત્વને સમજાવી શકતા નથી. કદાચ, આપણે ભારતીય સમાજના સ્વસ્થ ચિંતન માટે, આ પરિસ્થિતિ સમજાવી શકે તેવા સિદ્ધાંતોની જરૂર પડશે. આ સિદ્ધાંતો રોમાંચક આદર્શો પર રચાયેલા નહિ પરંતુ અનુભવ સિદ્ધ સંશોધનો પર આધારિત હોવા જોઈએ. ગુજરાતના વિકાસની જેને ચિંતા છે તે મહાજનો, સેવાભાવી સંસ્થાઓ તથા સરકારે એક સંશોધન અને તાલીમ સંસ્થાન ઊભું કરવા માટે વિચારવું પડશે. પ્રવર્તમાન સંશોધન સંસ્થાઓમાં આ પ્રકારના સેન્સિટીવ વિષયો પર સંશોધન થઈ શકે તેવું ખુલ્લું વાતાવરણ નથી.

૯૨) જે વિસ્તારોમાં હુલ્લડો થયાં છે તે વિસ્તારોમાં જમીન, દારૂ, જુગાર તથા અન્ય અસામાજિક ધંધાઓમાંથી મોટો નફો મેળવી લેનાર તત્ત્વોનો હાથ અત્યાર સુધી દેખાયો છે. આ તત્ત્વો ધાર્મિક પ્રસંગો પાછળ ખર્ચ કરી જે તે વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ જમાવે છે અને લોકોની ધાર્મિક લાગણીઓને પરધર્મી વિરુદ્ધ ઉશ્કેરે છે. રાજકારણીઓ સાથે આ તત્ત્વોની સાઠગાંઠ હોય છે તેથી સામાન્ય સંજોગોમાં પોલીસ તેમને કશું કરતી નથી. બનાવ બની ગયા પછી તેમને પકડી લેવાથી બહુ અર્થ સરતો નથી. જે પોલીસ પંજાબ કે કાશ્મીરમાં સફળ નથી થઈ તે ગુજરાતમાં આવા તત્ત્વોને નાથશે તે માનવું વધુ પડતું છે. આથી આવા તત્ત્વો અને તેમની અસામાજિક પ્રવૃત્તિઓને ખુલ્લી પાડી તેની સામે સામાજિક પીકેટીંગનું શસ્ત્ર અજમાવવું જોઈએ. પત્રકારો અને લેખકો આ તત્ત્વોને ખુલ્લાં પાડે અને સેવાભાવી સંસ્થાઓ સામાજિક પીકેટીંગનું કામ કરે તો જ આવા તત્ત્વોની વિઘાતક અસરોને રોકી શકાશે.

(૩) કોમવાદી-જ્ઞાતિવાદી દંગલો જે વિસ્તારમાં થવાની શક્યતા લાગતી હોય તેવા વિસ્તારોના યુવાનો માટે રોજગારી, સ્વરોજગારી કે ઉદ્યોગ સાહસિકતાના કાર્યક્રમોનું આયોજન કરી યુવાનોને કામની પ્રવૃત્તિઓ તરફ વાળવા જોઈએ. આથી બેકાર યુવા શક્તિને કામ મળશે અને યુવાનોની શક્તિઓ રચનાત્મક માર્ગે વળશે. વાસ્તવમાં અને માનવ સંસાધન વિકાસ કાર્યક્રમ કહી શકાય. જે વિસ્તારો દંગલ સર્જાય તેવા છે ત્યાં ધર્મ નિરપેક્ષ સંસ્થાઓનું પ્રમાણ નહિવત છે. બાલ્કન-જી-બારી, સ્કાઉટ, નહેરુ યુવા કેન્દ્ર વગેરેના માળખાં આપણી પાસે છે પરંતુ સક્રિય નથી. તેના અભાવે પાનની દુકાને ટોળે મળતા યુવાનોની સંસ્થાઓ (સ્ટ્રીટ કોર્નર સોસાયટીઝ) જુગાર તથા નાના વિધ ગુંડાગીરી શરૂ થાય છે. આથી આ સંગઠનોને વ્યાપક ધ્યેય આપનાર સંસ્થાઓ ઊભી કરવી અને જૂની સંસ્થાઓને સક્રિય કરવી એ બંને બાબતો પર સ્વૈચ્છિક સંસ્થાઓએ ધ્યાન આપવું જરૂરી છે.

(૪) વેજલપુરનો અનુભવ બતાવે છે કે વાહન-વ્યવહાર અને સંદેશા વ્યવહાર અને અન્ય જરૂરી સગવડોના અભાવે આડેધડ વિસ્તરતા જતાં વિસ્તારોમાં સમય જતાં તંગદિલી ઊભી થાય છે. વેજલપુર પછી વિકસેલા પરંતુ જાહેર સગવડો ધરાવતા વિસ્તારોમાં તંગદિલી ઓછી છે. અહીં ઔડાના નિયમોના કડક અમલની જરૂર છે. વસ્તીના પ્રમાણમાં બસો તથા અન્ય જાહેર સવલતોનું પ્રમાણ અતિશય અલ્પ છે. સલામતીની દૃષ્ટિએ પણ કેટલીક સોસાયટીઓમાં રસ્તાની જરૂર છે, લાઈટની જરૂર છે. આ બધી સગવડો થાય તો જીવનશૈલી સુધરે અને તે થકી પરસ્પર સંબંધો સુધરે.

(૫) અમદાવાદના તોફાનો વખતે વેપારી મહાજને ફરિયાદ કરી હતી કે તોફાનોને કારણે વેપાર ધંધામાં રૂ. ૨૦૦૦ કરોડનું નુકસાન થયું છે. જો આ મહાજનોએ આ નુકસાનના દશ ટકા રકમ 'કોમી એકતા'ના નક્કર કાર્યક્રમો પાછળ ખર્ચી હોત તો પણ નવું ટકા ફાયદો રહેત. અલબત્ત, રાહતકામમાં ઘણાં વેપારી મંડળોએ મદદ કરી. પરંતુ લાંબા ગાળાની સેવાઓ પાછળ થોડી

રકમ ખર્ચી વધુ વળતર મેળવવાની વાત હજુ મહાજનોને ગળે ઊતરી નથી. આથી પુનર્વસનના પ્રયાસોમાં મહાજનો મદદ કરે તે જરૂરી છે. ખાસકરીને સંકટ નિવારણ સોસાયટી જેવી મહાજનોની સંસ્થાઓએ ગુજરાત પર ભાવિના સંભવિત જ્ઞાતિવાદી અને કોમવાદી તંગદિલી સામેના લાંબાગાળાના ઉપાયોમાં મદદ કરવી પડશે. બદલાયેલા સમયમાં સંકટનું સ્વરૂપ બદલાયું છે.

(૬) પોલીસની ભૂમિકા અનિવાર્ય છે, પરંતુ પોલીસની પરંપરા અને ‘કલ્ચર’ જમાના પ્રમાણે બદલવા જરૂરી છે. પોલીસ સામાન્ય પ્રજાના મિત્ર છે અને અસામાજિક તત્ત્વોના દુશ્મન છે તેવી છાપ હજુ ઊભી થવાની બાકી છે. હવે સંઘર્ષોનું સ્વરૂપ પણ બદલાય છે. આ નવા ઉભા થતા સંઘર્ષોની સમજણ પણ પોલીસ અધિકારીઓને આપવી પડશે. માત્ર દંડાબાજીથી આ સ્થિતિ હલ થઈ શકે તેવી નથી. પોલીસને આવા તનાવો અને સંઘર્ષો યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવાની તાલીમ આપવાની જરૂર છે.

ઉપરોક્ત ભલામણો સામાન્ય સ્વરૂપની છે. તેમાંથી નક્કર કાર્યક્રમો ઊભા કરવા માટે નક્કર પગલાં-અને નહિં કે પરિસંવાદો અને મોરચામાં-માં રસ ધરાવતા લોકોએ એક મંચ પર આવવું પડશે અને નક્કર કાર્યક્રમો અમલી બને તે રીતે દબાણજૂથ પણ ઊભું કરવું પડશે. શ્રી હરિભાઈ પંચાલે એકવાર કહ્યું હતું, ‘ખરો દુકાળ ધન-પૈસાનો નહિ, માનવ (સંસા)ધનનો છે.’

❑

# ગુજરાતમાં આર્થિક રાષ્ટ્રવાદના પ્રણેતા :
# શ્રી અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૪-૧૯૧૪)

- અરુણ વાઘેલા*

**પ્રસ્તાવના**

છેલ્લાં બેએક દાયકાથી ગુજરાતના ઈતિહાસ લેખને દિશા બદલી છે. પૂર્વે રાજા-મહારાજાઓની દીનચર્યાઓ અને તવારીખોમાં બંધ ઈતિહાસ લેખન આજે પ્રજાકીય ઈતિહાસ, સમાજ-સુધારા, સુધારકો, આર્થિક ઈતિહાસ, સ્વતંત્રતા આંદોલન વગેરે છે. પણ ઈતિહાસલેખન ક્ષેત્રમાં પ્રવેશ્યાં છે છતાં આપણે ત્યાં વર્ણનાત્મક શૈલી હાવી રહી છે. વળી, ઈતિહાસમાં વ્યક્તિવિશેષ, ઘટના વિશેષને એકલદોકલ રૂપને જોવાને બદલે બદલાતા સમયના વ્યાપક દાયરા અને ભૂતકાળ અને વર્તમાનના અનુસંધાનમાં તપાસવાની પણ તાતી આવશ્યકતા છે. કારણકે વર્તમાન ભૂતકાળના ખભા પર ખડો થયો છે, ભૂતકાળની શાસ્ત્રીય સમજ વગર વર્તમાન શુષ્ક છે.

આટલી ચર્ચા પછી ઉપરોક્ત મુદ્દાઓને સાંકળીને શ્રી અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૪-૧૯૧૪)ની આર્થિક રાષ્ટ્રવાદી વિચારધારા વિશે ચર્ચા કરવાનો અત્રે ઉપક્રમ છે. તેમનો સમય જોતા ખ્યાલ આવે છે કે આ વર્ષ તેમના મૃત્યુનું શતાબ્દી વર્ષ છે. પણ એ એટલું અગત્યનું નથી, કારણકે સ્થૂળદેહ કરતાં અક્ષરદેહ વધુ કિંમતી છે. જે આજે આપણી પાસે ઉપલબ્ધ છે. અંબાલાલના વ્યક્તિત્વ અને કૃતિત્વ પર બે જીવનચરિત્રો (બળવંતરાય ઠાકોર, અંબાલાલભાઈ, ૧૯૨૮ અને નરહરિ દ્વારકાદાસ પરીખ દી.બા. અંબાલાલભાઈનું જીવનદર્શન, ૧૯૪૩) લખાયા છે. તેમના ભાષણો, લેખોનું સંપાદન શ્રી વૈકુંઠલાલ ઠાકોરે (૧૯૨૮) કર્યું છે. તે સિવાય 'સ્મરણમુકુર'માં (૧૯૨૬) નરસિંહરાવ દીવેટિયા, વિજયસિંહ ચાવડા (મોડર્ન ગુજરાત) વગેરે તથા સમકાલીન સામયિકોમાં તેમના અવસાન નિમિત્તે લખાયું તે જુદું. આ બધું જોતાં શ્રી અંબાલાલ સાકરલાલ શીર્ષક તળે પીએચ.ડી. કક્ષાનું સંશોધન અઘરું નથી. આ લેખમાં તેમના આર્થિક રાષ્ટ્રવાદી તરીકેના પાસાંને સંશોધનાત્મક ઢબે પ્રગટાવવાનો પ્રયત્ન છે. ૧૯૧૪માં તેમના અવસાનને ૧૦૦ વર્ષ પૂરા થાય છે ત્યારે આ લેખને શ્રદ્ધાંજલિ લેખ ગણવો હોય તોય ગણી શકાય.

**(અ) અંબાલાલ સાકરલાલનો પરિચય**

સન ૧૮૫૭ની ક્રાંતિની સાથે ભારતમાં શૈક્ષણિક રીતે ક્રાંતિની પણ બુનિયાદ રચાઈ હતી. આ વર્ષે એ સમયની ભારતની ત્રણ મોટી પ્રેસિડેન્સી અનુક્રમે મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં વિશ્વ વિદ્યાલયોની સ્થાપના થઈ હતી. તેના આશ્રયે નાનો પણ નક્કર મધ્યમ વર્ગ તૈયાર થઈ રહ્યો હતો. પાશ્ચાત્ય ઢબે યુનિ. શિક્ષણ પામેલો આ વર્ગ ગુજરાતમાં નવા વિચારોનો વાહક બન્યો હતો. જેણે ૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં સાર્વજનિક-જીવનમાં ભાગીદારી અને બ્રિટિશ શાસનના આર્થિક લેખા-જોખાં કરવાની જવાબદારી નિભાવી હતી. આવા અગ્રણીઓ પૈકીના એક શ્રી અંબાલાલ સાકરલાલ હતા.

ગુજરાતના પ્રથમ એમ.એ., એલએલ.બી. અંબાલાલનો જન્મ ૨૫ માર્ચ ૧૮૪૪ના રોજ ખેડા જિલ્લાના અલીણા ખાતે બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં થયો હતો. તેમની જ્ઞાતિ ઈતિહાસ પ્રસિદ્ધ રહી હતી. ઉદા. તરીકે મુઘલ બાદશાહ અકબરના નવ રત્નો પૈકીનો એક અને તેનો મહેસૂલ પ્રધાન ટોડરમલ પંજાબી બ્રહ્મક્ષત્રિય હતો. તેણે જ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિજનો માટે રાજ્ય સેવાના બદલામાં ગુજરાતમાં જમીન-જાગીરો માંગેલી. તે મુજબ અંબાલાલના પૂર્વજોને ખેડા જિલ્લાના અલીણામાં જાગીરો મળેલી. તેમના પૂર્વજો મૂળ પંજાબથી સ્થળાંતરિત થઈ અત્રે આવ્યા હતા. પાછળથી તેમના કાકા અમદાવાદ સ્થાયી થયા હતા. કાકા અને પિતા બંને વકીલ હતા. આ વર્ણન દ્વારા કહેવાનો આશય એ છે કે વ્યક્તિત્વ

* એસોસિએટ પ્રોફેસર, ઈતિહાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ઘડતરની પ્રક્રિયામાં જ્ઞાતિ અને કૌટુંબિક સંસ્કારોને અવગણી ન શકાય.

અંબાલાલ બાળપણમાં તોફાની, વિનોદી અને ઉગ્ર સ્વભાવના હતા. માતા-પિતાના લાડકોડ તેમણે મન ભરીને માણ્યા હતા. માત્ર નવ વર્ષની ઉંમરે તેમના લગ્ન રતનબેન સાથે થયા હતા. અંગ્રેજ અધિકારી થિઓડોર હોપએ તેમને ભણવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. પ્રોત્સાહનના બળે ૧૮૬૮માં એલ્ફિન્સ્ટન્ટ કૉલેજ મુંબઈથી બી.એ., ૧૮૭૦માં એમ.એ. અને ૧૮૭૧માં બેચલર ઈન લો થયા હતા. વિદ્યાર્થી તરીકે તેઓ દેશી ઉપરાંત અંગ્રેજ અધ્યાપકોના પણ પ્રીતિપાત્ર રહ્યાં હતા. લેટિન, સંસ્કૃત, ઈતિહાસ, ન્યાયશાસ્ત્ર, ગણિત તેમના ગમતા વિષયો હતા. અભ્યાસકાળ દરમિયાન એલ્ફિન્સ્ટન્ટ સિનીયર ફેલોશીપ અને દક્ષિણા ફેલોશીપ પણ પ્રાપ્ત થઈ હતી. એલ.એલ.બી. પૂરું કર્યા પછી જમાનાની તાસીર મુજબ વકીલાત ન કરતાં શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો હતો. આ બાબતે તેમણે વ્યક્ત કરેલાં વિચારો આજના કોઈ પણ શિક્ષકજીવ માટે એટલાં જ પ્રસ્તુત છે. તેમણે નોંધ્યું છે કે 'મારો આખો જન્મારો શિક્ષકના કામમાં નથી ગયો તેથી દીલગીર છું. શિક્ષક તરીકે જ મેં આખી જિંદગી ગાળી હોત તો મારો પંડ ભાગ્યશાળી માનત..., ઉત્તમ ધંધો તો શિક્ષકનો જ છે. બીજા બધા ધંધા પેટ ભરવા માટે જ હોય છે જ્યારે શિક્ષકના ધંધામાં સ્વાર્થ સાથે પરમાર્થ પણ સંધાયેલો છે.' શિક્ષકના વ્યવસાયમાં માસિક રૂ. ચારના પગારથી કારકિર્દી શરૂ કરી હતી. ૧૮૭૦માં સુરતમાં હેડમાસ્તર, ગુજરાત પ્રોવીન્સીયલ કૉલેજમાં પ્રિન્સિપાલનું વધારાનું કામ પણ કરતા હતા. તેમનો એક વિશેષ એ હતો કે તેમણે દરિયાપુરમાં પછાત વર્ગના બાળકો માટે શાળા પણ શરૂ કરી હતી. તેઓ દઢપણે માનતા હતા કે શૈક્ષણિક સંસ્થાઓ પણ સ્વદેશાભિમાન, સ્વદેશપ્રેમ, સત્ય અને સંપનું શિક્ષણ આપતી હોવી જોઈએ. ૧૮૭૬માં ગાયકવાડી રાજ્યના નવસારીમાં જજ તરીકે નીમાયા હતા અને ત્યાંથી ૧૮૯૯માં નિવૃત્ત થઈ અમદાવાદ સ્થાયી થયા હતા.

શિક્ષક તરીકે તેઓ ઘણા કડક હતા. શિક્ષક તરીકે શારિરીક ઈજા કરવા કરતાં વિદ્યાર્થીની લાગણી પર અસર કરવાનું તેઓ વધુ પસંદ કરતા. અગાધ સ્મરણશક્તિ, ઉચ્ચ વિચાર અને સાદાઈથી તત્કાલીન શિક્ષણજગત પર તેમનો રૂઆબ હતો. શિસ્ત અને ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુસર તેઓ આસી. શિક્ષકોના કલાસમાં બાંકડા પર બેસતા, ભૂલો કાઢતા. શાળા જેવી જ શિસ્ત ઘરમાં પણ રાખતા. મનુષ્યમાત્રનું જીવન સ્વાશ્રયી, શરીર તંદુરસ્ત અને ખડતલ હોવું જોઈએ તેવું તેઓ દઢપણે માનતા હતા. જમવાના સમયે વચ્ચે છોકરાઓને કંઈપણ ખાવાનું આપવાના તેઓ સખત વિરોધી હતા. તેમના પૌત્રએ નોંધ્યું છે કે 'અમારે રોજ ઠંડા પાણીએ નાહવાનું હતું, કૂવામાંથી પાણી અમે જ કાઢતા, બાગને પાણી પણ અમે પાતા. દંડ-બેઠકની કસરત ઉપરાંત અમુક અંતર ચાલવાનું અમારે માટે ફરજિયાત હતું. દાદાજી માપસર ખાતા ને અમારે પણ એમ જ. તેઓ ભારે કરકસરીયા હતા. તેઓ કહેતા કે ઉડાઉ કરતાં કંજુસ સારા, કેમકે તેઓ જગતની દોલત વધારે છે. ઘરમાં જરૂરી વસ્તુઓ સિવાય મોજમજા અથવા વૈભવની કશી વસ્તુ આવે જ નહિ. તેવો એમનો નિયમ હતો. પણ આવી કરકસર પાછળ તેમની હૃદયની સંકડાશ પણ ન હતી, પણ દેશના આર્થિક ઉદયની દૃષ્ટિ હતી, રાષ્ટ્રોદ્ધાર કરવા શક્ય તેટલી મૂડી બચાવી ઉત્પાદક ઉદ્યોગમાં રોકવી જોઈએ તેવી તેમની માન્યતા હતી.'

અંબાલાલ દેસાઈ અમદાવાદ ખાતે ગુજરાતની જાહેર પ્રવૃત્તિઓના અગ્રણી હતા. અમદાવાદ પ્રાર્થના સમાજ, ગુજરાત કેળવણી મંડળ, અમદાવાદ સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળી, બાળલગ્ન નિષેધક મંડળી, વિધવા વિવાહ ઉત્તેજક મંડળી, અમદાવાદ એસોસિએશન, ગુજરાત સભા, વક્તૃત્વ ઉત્તેજક સભા, મદ્યપાન નિષેધક મંડળી, હિંદી રાષ્ટ્રીય મહાસભા વગેરેમાં તેમનું સક્રિય યોગદાન હતું. ૧૯૦૯માં રાજકોટ ખાતે ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ, મ્યુ. કોર્પોરેટર અને વાઈસ પ્રેસિડેન્ટ, અમદાવાદ પ્રાંતીક ધારાસભાના સભ્ય (૧૯૦૧), મુંબઈ, ૧૯૦૨માં અમદાવાદમાં આયોજિત કોંગ્રેસના ૧૮મા અધિવેશનના સ્વાગત પ્રમુખ વગેરે પણ તેમની જાહેરજીવનની પ્રવૃત્તિઓ હતી. અમદાવાદ કોંગ્રેસમાં તો ગુજરાતીઓ કોઈ ધનિકને સ્વાગત પ્રમુખ તરીકે મૂકવા માંગતા હતા. પણ ફિરોઝશાહ મહેતાએ આ જાણ્યું ત્યારે

તેમણે અંબાલાલને પૂછ્યા વગર તેમનું નામ સ્વાગત પ્રમુખ તરીકે મૂકી દીધું હતું. તત્કાલીન ગુજરાતના જાહેર જીવનમાં તેમની સક્રિયતા એટલી હદે હતી કે ગુજરાતની જાહેરજીવનની કોઈપણ સભા તેમના પ્રમુખપદ કે હાજરી વગર જોવા મળતી ન હતી. ૧૯૦૭માં સુરત કોંગ્રેસ વખતે તેઓ મવાળવાદી કોંગ્રેસી વિચારસરણીના આધારસ્તંભ હતા.[૧]

અંબાલાલ સાકરલાલના જીવન અને કાર્યને તેમના સમકાલીનો અને અનુગામીઓએ પુરસ્કાર્યું છે. કેટલાક દાખલા જોઈએ. નરસિંહરાવ દીવેટીયા 'સ્મરણ મુકુર'માં નોંધે છે કે 'હું અમદાવાદમાં છઠ્ઠા ધોરણમાં ભણતો હતો તે અરસામાં નવા હેડમાસ્તર આવનાર છે, એમનું નામ અંબાલાલ, એ બહુ કડક છે, સખત નિયમ અને આજ્ઞા પળાવનારા છે ઈત્યાદિ. એમની ખ્યાતિ અગાઉથી આવી હતી. હાઈસ્કૂલના તોફાની છોકરાઓને આ ખ્યાતિ ગભરાવનારી થઈ.' 'વાગી, વાગી નિશાળમાં હાક, અંબાલાલ આવ્યા રે' એમ એમના આગમનનું વર્ણન થઈ શકે. બળદના બે ગેણિયા જોડેલી ઉઘાડી ડમણીમાં બેઠેલાં. કરમજી ડગલો પહેરેલા અંબાલાલ આવ્યાં.[૨] બ.ક. ઠાકોરનું લખાણ તેમની વિદ્વત્તાને કેન્દ્રમાં રાખી થયું છે : 'અંબાલાલભાઈનું જ્ઞાન વિશાળ હતું, એકવાર મેળવ્યું તે આબાદ તેવું ને તેવું સંગ્રહી રાખે, જરાય ઝાંખુ ન પડવા દે. એવી એમની અજબ સ્મૃતિ હતી. અને પોતે આખો જન્મારો નવું નવું ઝડપથી શીખ્યે જ જનારા ખરેખરા વિદ્યાર્થી હતા.'[૩] ઇંદુલાલ યાજ્ઞિક તેમની શરીર સંપત્તિથી પ્રભાવિત થયેલાં. તેમણે નોંધ્યું છે કે 'તેમની પાઘડીથી મઢેલું ભરાવદાર ગૌર વદન, તેમની ઠરેલ ડહાપણભરી વિશાળ આંખો, તેમની સાદી તળપદી ભાષા અને વિશુદ્ધ વ્યવહારિક મુદ્રા-એની ઊંડી છાપ મારા પર પડેલી.'[૪] દા. સુમન્ત મહેતાએ તો તેમને ગુજરાતના રાજકીય જીવનના ઉદ્‌ગાતા ઘોષિત કરતાં લખ્યું છે કે '૧૯૦૨નું અમદાવાદ કોંગ્રેસ અધિવેશન તેમના સંગીન વ્યક્તિત્વને આભારી હતું. તે દિવસથી ગુજરાતમાં જાગૃતિ આવી તેમ કહીએ તો પણ ચાલી શકે.'[૫]

અંબાલાલના જીવનનું એક પાસું ધંધાદારી તરીકેનું પણ હતું. તેમણે નિવૃત્તિ પછી અમદાવાદ અને સુરતમાં મિલ એજન્સી લીધી હતી. નડિયાદમાં સ્વદેશી મિલ શરૂ કરી હતી. પરંતુ મિલ ઉદ્યોગમાં તેમણે ચાર-પાંચ લાખની મૂડી, ઘરબાર, જમીન-ઘરેણા બધું જ ગુમાવ્યું હતું. વિકટ આર્થિક સંજોગોમાં પણ પ્રામાણિકતા દાખવી તેમણે લેણદારોની પાઈ-પાઈ ચૂકવી હતી. આ દરમિયાન હતાશ થઈ કૂવે પડવા પણ ગયા હતા. મહાપુરુષોના વ્યક્તિગત-કૌટુંબિક જીવનમાં રહેલાં આવા વિરોધાભાસ ખાસ નવાઈની વાત ન કહેવાય. આજના ઈતિહાસકારો તો વ્યક્તિવિશેષોમાં રહેલાં વિરોધાભાસો (contrasiation)ને સામાન્ય ગણે છે.

ધર્મપાલન સંદર્ભે તેઓ સદાચાર અને સદ્‌વ્યવહારને મહત્ત્વ આપતા. દેવદર્શન કે જાત્રામાં તેમને શ્રદ્ધા ન હતી. તેઓ હંમેશા નાહીને માળા ફેરવીને સૂઈ જતા. આફતના પ્રસંગે તેઓ ભાગવત ગીતામાંથી આશ્વાસન મેળવતા. બીજાને આશ્વાસન આપવામાં પણ તેઓ ગીતાનો જ સહારો લેતા. હિંદુ ધર્મની સર્વોચ્ચતા વિશે તેમને અનન્ય શ્રદ્ધા હતી. 'ધર્મ શબ્દથી માત્ર જુદા જુદા ઈમાન સમજવાના નથી પણ જગતમાં રહીને જે જે સત્ય આપણે સમજવા લાયક હોય તે સમજવું, આચરવું, યોગ્ય હોય તે વસ્તુને ગ્રહણ કરવી અસદ્ વસ્તુને ત્યાગવી.'[૬] આવા બહુમુખી વ્યક્તિત્વના ધણી અંબાલાલ સાકરલાલ દેસાઈનું ૧૨ સપ્ટેમ્બર ૧૯૧૪ને શનિવારના રોજ બપોરે સાડાત્રણ વાગ્યે અવસાન થયું હતું. આ સમયે ગાંધી ભારતની રાજનીતિમાં પદાર્પણ કરવાની તૈયારી કરી રહ્યા હતા. તેમના કેટલાક કાર્યો તેમને 'ગાંધી બિફોર ગાંધી' કહેવડાવે તેવા છે. રાજકીય બાબતોમાં તેમની તુલના મહાદેવ ગોવિંદ રાનડે સાથે થતી. ગુજરાતી આલમ 'અંબાલાલભાઈ' તરીકે સંબોધી તેમના ગુણો અને નેતૃત્વથી રાજી થતી. ઇંદુલાલ યાજ્ઞિકે તેમને દયાનંદ અને ગાંધીજીની હરોળમાં બેસાડ્યા છે. સમગ્રતયા અંબાલાલ સાકરલાલ દેસાઈ ગાંધી પહેલાના ગુજરાતના જાહેરજીવનનું કદાવર વ્યક્તિત્વ હતા.

અંબાલાલ સાકરલાલ ગુજરાતના પ્રથમ એમ.એ., એલએલ.બી. હોવાને નાતે ગુજરાતના અગ્રણી બૌદ્ધિક

પણ હતા. તેમના વ્યક્તિત્વના અનેક પાસાંઓ હતા જેવાં કે આર્થિક રાષ્ટ્રવાદી, કેળવણીકાર, સમાજસુધારક વગેરે. તેમણે ૧૮૭૫માં મીલકૃત અર્થશાસ્ત્રનો સારાનુવાદ કરવા ઉપરાંત ‘શાંતિદાસ’(૧૯૦૦) નામની વિદેશીને વખોડતી અને સ્વદેશીને પુરસ્કારતી વાર્તા પણ લખી હતી. તદ્ઉપરાંત, ‘હિતેચ્છુ’, ‘વસંત’, ‘બ્રહ્મક્ષત્રિય’ ત્રિમાસિક ‘બુદ્ધિપ્રકાશ’, ‘પ્રજાબંધુ’ અને ‘Modern review’ (કલકત્તા) જેવા સામયિકોમાં આર્થિક-સામાજિક બાબતોને લગતા અનેક લેખો લખ્યા હતા. ગુજરાત અને ગુજરાત બહારની સંસ્થાઓમાં અનેક વક્તવ્યો પણ આપ્યા હતા. તેના આધારે અત્રે અંબાલાલ સાકરલાલ દેસાઈની આર્થિક રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓને આલેખવામાં આવી.

**(બ) અંબાલાલ સાકરલાલની આર્થિક રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ**

ભારતીય રાષ્ટ્રવાદની પ્રારંભિક અવસ્થા આર્થિક અને વૈચારિક સ્વરૂપમાં વિકસી હતી. ગુજરાતમાં તેને લગતા અનેક દાખલાઓ ઉપલબ્ધ છે. કવિ દલપતરામ ભલે બ્રિટિશ ભક્ત હતા છતાં તેમણે કાવ્યો દ્વારા આ મુદ્દાને રજૂ કર્યો હતો. ૧૮૫૧માં ‘હુન્નરખાનની ચઢાઈ’ કાવ્ય દ્વારા આપણા દેશમાં ઉદ્યોગો સ્થાપવાની હિમાયત કરી હતી. આ જ ગાળામાં હિંદના દાદા દાદાભાઈ નવરોજીએ ‘Poverty and unbritish rule in India’માં ‘દ્રવ્ય અપહરણ’ (Drain theory)નો ખ્યાલ રજૂ કર્યો હતો. આ સિવાય હરગોવિંદદાસ કાંટાવાલા કૃત દેશી કારીગરીને ઉત્તેજન (અમદાવાદ, ૧૮૭૭), જગજીવન કાશીરામ પંડ્યા અને ભોગીલાલ ત્રિપાઠીનું ‘સ્વદેશ હિત બોધક’ (૧૮૭૭), કાપડ બનાવવાના હુન્નરની ચોપડી-૧, લલ્લુભાઈ મથુરદાસ (૧૮૭૯), ગંગાબાઈ પ્રાણશંકર કૃત હુન્નરવર્ણન ભાગ-૧ (અમદાવાદ, ૧૮૯૧) અને ‘ભવાનીશંકર જોશી કૃત પરદેશી માલ આપણા દેશમાં તૈયાર કરવાને શા શા ઉપાય યોજવા’ (અમદાવાદ, ૧૮૮૪), જેવા અનેક પુસ્તકો, ચોપાનિયા ૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં રચાયા હતા.[૭]

ઉપર ટાંકેલા દાખલાઓ માત્ર વિચારની કક્ષાએ હતા. તેને વ્યાપક સંદર્ભમાં બ્રિટિશ શાસનના આર્થિક શોષણ વિરુદ્ધ ‘આર્થિક સાક્ષરતા’ (Economic Literacy)ની પ્રવૃત્તિ ગણી શકાય. તેને વિચાર ઉપરાંત વ્યવહારુ સ્વરૂપ આપવાનું શ્રેય અંબાલાલ સાકરલાલને ફાળે જાય છે. તેમના આર્થિક રાષ્ટ્રવાદી વિચારોને નીચેના વિભાગોમાં વહેંચ્યા છે.

**(ક) અંબાલાલ સાકરલાલનો સ્વદેશીવાદ**

અંબાલાલ સાકરલાલ રાજદ્વારી બાબતોમાં વિનિતવાદી (Moderate) વિચારસરણીને વરેલા હતા. અંગ્રેજ શાસન ઉપર અવિચળ શ્રદ્ધા રાખનારા બહુમતી ગુજરાતી બૌદ્ધિકોમાંના એક હતા. બ્રિટિશ છત્રછાયા આપણે માથે કાયમ રહે તે ઈષ્ટ માનતા છતાં ચાલું રાજ્યતંત્રમાં સુધારા માટે તથા ગોરી અમલદારોની ભૂલો માટે કડક ટીકા કરવામાં પાછી પાની કરતાં ન હતા. પ્રસ્તુત વલણ ૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં ગુજરાતી બૌદ્ધિકોમાં સામાન્યપણે જણાય છે. જેને ‘Love-hate relation’ (અંદરથી ઘૃણા ઉપરથી પ્રેમ)ની કક્ષા ગણી શકાય.

અંબાલાલના કિસ્સામાં તેમણે ૧૮૭૬માં અમદાવાદમાં ‘સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળી’ સ્થાપી પોતાના આર્થિક રાષ્ટ્રવાદી વિચારોની પહેલ કરી હતી. જે સમયે બ્રિટિશ નીતિઓ વિરુદ્ધ બોલવાનું કે લખવાનું ઓછું વલણ હતું ત્યારે તેમણે દેશીજનોને આર્થિક સાક્ષરતાના પાઠ શીખવ્યા હતા. જર્મન વિદ્વાન મિ. વેબના ‘હિંદ અને સામ્રાજ્ય’ તથા W. Harburt Dowson કૃત ‘Evolution of Modern Germany’નો ‘જર્મન દેશનો અર્થોદય’ નામથી સમીક્ષા લખી હતી. પોતે શહેરી બૌદ્ધિક હોવા છતાં ગ્રામીણ વાતાવરણ, અર્થતંત્રથી સુપેરે વાકેફ હતા. ૧૮૫૭માં મિલકૃત અર્થશાસ્ત્રનો સારાનુવાદ કર્યો હતો. શ્રી બ. ક. ઠાકોર તેને ગુજરાતી ભાષામાં અર્થશાસ્ત્રનું પહેલું પુસ્તક ગણાવે છે. મીલના પુસ્તકનો અનુવાદ કર્યો હોવા છતાં તેમણે જ્હોન સ્ટુઅર્ટ મીલનું અર્થદર્શન આંખો બંધ કરી સ્વીકાર્યું ન હતું. તેઓ લખે છે કે આપણી સ્કૂલો અને કૉલેજોમાં જે અર્થશાસ્ત્ર શીખવાય છે તે અંગ્રેજોનું બનાવેલું છે. અંગ્રેજો પાસે તેમણે શીખવાના અને આપણને શીખવવાના બે જુદી જુદી જાતના અર્થશાસ્ત્ર છે.[૮] આવું

સમજનાર અને સમજાવનાર તેઓ પહેલાં ગુજરાતી આર્થિક ચિંતક હતા. (દાદાભાઈ ગુજરાતી પણ તેમના લખાણો અંગ્રેજીમાં હતા.)

બ્રિટિશ સત્તા દ્વારા હિંદ પર પડતો લશ્કરી ખર્ચનો બોજ, રેલવે નૂરમાં અસમાનતા, દુષ્કાળનીતિ, કાપડ ઉદ્યોગ પર અન્યાયી જકાત, બ્રિટિશ શાસનમાં દેશી ઉદ્યોગોનું પતન વગેરે મુદ્દાઓને લઈ આંકડાઓ, દાખલાઓ સાથે સમકાલીન સામયિકોમાં અનેક લેખો લખ્યા હતા, ભાષણો કર્યા હતા. તા. ૧ ઑક્ટોબર ૧૯૦૦ના રોજ તેમણે જર્મન અર્થશાસ્ત્રી બ્રિસ્ટનો હવાલો આપી કહ્યું કે 'અંગ્રેજો દ્રવ્ય પેદા કરવાનો વિચાર કરે છે પણ માણસના પોષણનો વિચાર કરતા નથી. અંગ્રેજોની પાસે તેમને શીખવાના અને આપણને શીખવવાના બે જુદી જુદી જાતના અર્થશાસ્ત્રો છે... અર્થશાસ્ત્ર તર્કની વિદ્યા છે, લોકો સઘન અને સુખી થાય તે અર્થશાસ્ત્રનો ઉદ્દેશ હોવો જોઈએ.'[૯] તેમની ઈ.સ. ૧૯૦૦ના વર્ષ લખાયેલી 'શાંતિદાસ' વાર્તાને પણ આર્થિક સાક્ષરતાના સંદર્ભમાં નજર અંદાજ કરવા જેવી નથી. આ વાર્તામાં તેમણે સ્થાનિક પગરખાંના ઉપયોગના ઉદાહરણ દ્વારા સ્વદેશીનો મહિમા કર્યો છે.

બ્રિટિશ આર્થિક નીતિઓની ટીકા પુરતું તેમનું આર્થિક ચિંતન સીમિત ન હતું. પ્રસ્તુત વૈચારિક-આંદોલનમાં હિંદુસ્તાનના ભાગે શું કરવાનું આવે છે, તેનું પણ તેમણે ચોટદાર બયાન કર્યું છે. પ્રજાકીય કેળવણીમાં તેમણે રાષ્ટ્ર-દુનિયાનું અર્થશાસ્ત્ર, વ્યક્તિગત તથા સાર્વજનિક, આંતરરાષ્ટ્રીય કાયદો, વેપારી કાયદો, મોટા દેશોની વેપાર સંબંધી નીતિ, એક કે બે પરદેશી ભાષાઓનું જ્ઞાન, વેપારી અને આર્થિક ભૂગોળ, વેપાર-વણજ, ખેતી, કારખાના, ખાણો અને તેનું આંકડાશાસ્ત્ર તથા નાણાંવ્યવહાર વગેરે શીખવવાની હીમાયત કરી હતી.

જે જમાનામાં જગતના ઇતિહાસ અને રાજનીતિને લગતું પર્યાપ્ત જ્ઞાન શાળા-કૉલેજો સુધી પહોંચ્યું ન હતું તે સમયે અર્થતંત્રના વૈશ્વિક પ્રવાહોની વાત વિદ્યાર્થીઓ સુધી પહોંચવી જોઈએ તેવું કહેનાર અંબાલાલ જમાનાથી કેટલા અગળ હતા તેનો ખ્યાલ આવે છે. તેઓ ટેકનિકલ શિક્ષણના પણ પ્રખર હીમાયતી હતા. આ બાબતે તેઓ સાંપ્રતમાં જીવતા હતા. તેમણે કહ્યું છે કે 'મ્હારે ઘણું જીવવું છે, ઘણું ઘણું કરવું છે કંઈક કરવાની તક મને હમણાં જ મળી છે...આપણા દેશની આર્થિક હાલત કેમ સુધરે એ પ્રશ્નમાં-એ સર્વે કાર્યક્ષેત્રોમાં મારે તો ડગલે ને પગલે ઘણું જ્ઞાન મેળવવાનું છે.'[૧૦] તેમના આ વિચારો ગુજરાતી ભાષા અને ગુજરાતના સીમાડા પૂરતા સીમિત રહ્યાં ન હતા. અંગ્રેજી શિક્ષણ પામેલા બૌદ્ધિકના નાતે તેમણે આર્થિક બાબતો પરની હથોટીનો પરિચય સમગ્ર દેશને પણ કરાવ્યો હતો. તેનો ઉત્તમ નમૂનો કલકત્તાથી પ્રકાશિત થતાં, 'The Modern Review'ના ફેબ્રુ. ૧૯૦૭ના અંકમાં 'Economic swadeshism : An Analysis' નામનો મહત્ત્વપૂર્ણ લેખ છે. તેમાં તેમણે ભારતભરના તત્કાલીન ઉદ્યોગ-ધંધાઓની સ્થિતિ, સ્વદેશીવાદની વિભાવના, આર્થિક સ્વદેશીવાદના પ્રકારો, વિદેશી માલનો બહિષ્કાર, સ્વદેશી થકી દેશભક્તિ, ભારતીય ઉદ્યોગોના વિકાસની ચાવીઓ, વગેરે મુદ્દાઓની ચર્ચા સાડા પાંચ પાનાંના લેખમાં કરી છે. તેમાંથી એક નમૂનો જોઈએ : 'Swadeshism in its Liberal and Broadest sense is equivealent to nationalism, or national patriotism....' 'Economic swadeshism has two aspecs one positive and the other negative'[૧૧] (ઇતિહાસના જાણકારો જોઈ શકશે કે આ જ વાત ગાંધી ૧૯૨૦-૨૧માં અસહકારના આંદોલન વખતે કહેવાના હતા.)

અંબાલાલ સાકરલાલ દેસાઈના ઉપરોક્ત વિચારો બંગાળના ભાગલા (૧૯૦૫) પછી ચાલેલા સ્વદેશી-બહિષ્કારના આંદોલન (૧૯૦૫-૧૯૧૧) દરમિયાન વ્યક્ત થયા હતા. આ સમયે બ્રિટિશ સરકાર પ્રત્યે મુંબઈ પ્રાંતના કોંગ્રેસીઓમાં જેટલી વફાદારી હતી તેટલી બીજા કોઈ પ્રાંતમાં ન હતી. સ્વતંત્રતા આંદોલનની પૂર્વસંધ્યાએ જ્યારે આ વાતાવરણ અને શિક્ષિત બૌદ્ધિકોને પણ બ્રિટિશ આર્થિક નીતિઓની આંટીઘૂંટીઓની ગતાગમ પડતી ન હતી ત્યારે અંબાલાલના આર્થિક સાક્ષરતાના પ્રયત્નો આર્થિક રાષ્ટ્રવાદ પેદા કરવામાં સીમાસ્તંભરૂપ વૈચારિક કાર્ય ગણી શકાય.

અંબાલાલ દેસાઈની સ્વદેશીવાદ, આર્થિક ચિંતન વગેરે દાદાભાઈ નવરોજી, મહાદેવ ગોવિંદ રાનડે, સુરેન્દ્રનાથ બેનરજી, ફિરોઝશાહ મહેતાના વૈચારિક સાંનિધ્યમાં કેળવાઈ હતી. આમ પણ ૧૯મા સૈકાના મોટાભાગના સ્વદેશીવાદીઓ દાદાભાઈના આર્થિક વિચારોથી અભિભૂત હતા. આ મવાળવાદી આર્થિક ચિંતન પરંપરામાં તેમણે નોંધ્યું છે કે 'સ્વદેશી ભાવનાનો જો આપણે ઉદાર અને વિશાળ અર્થ કરીએ તો એ રાષ્ટ્રીયતા અથવા તો દેશભક્તિની સમાન કોટિની છે... રાષ્ટ્રભક્તિના સાચા જુસ્સારૂપી ખડક ઉપર જ એનો પાયો ચણાયો છે.[૧૨] ઇતિહાસકાર મકરન્દ મહેતાએ તેમને સ્વદેશી અને શિક્ષણ વિશે લખનાર મહાન દેશભક્ત ગણાવ્યા છે.'[૧૩]

સ્વદેશી ભાવનાથી પ્રેરાઈ તેમણે દેશમાં ખાંડ, શણ, રેશમ, ચામડાના ઉદ્યોગો શરૂ કરવાના વિચારો મૂકવાની સાથે ગામડાંઓમાં હાથશાળ, ગૂંથણ અને લેસની હિમાયત પણ કરી હતી. તેમણે પ્રાંતવાર ઉદ્યોગોની સ્થાપના દ્વારા ભારતની આર્થિક એકતાનો ખ્યાલ પણ આપ્યો હતો. દાદાભાઈની જેમ તેમણે ભારતની કંગાલિયતનો જવાબ સ્વદેશીમાં જોયો હતો. તા. ૨૯ ડિસે. ૧૯૦૭ના રોજ સુરત ખાતે યોજાયેલી ત્રીજી ઔદ્યોગિક પરિષદના પ્રમુખસ્થાનેથી કરેલાં ભાષણમાં નાગરિકોને રાષ્ટ્રીય ફરજ સમજાવી હતી. તેમણે કહ્યું હતું કે 'આપણે એ વસ્તુ કદી ન ભૂલવી જોઈએ કે રાષ્ટ્રનું ઘડતર રાષ્ટ્રવાસીઓને હાથે જ થઈ શકે. આ તેમજ બીજી પ્રવૃત્તિઓમાં સ્વાવલંબન અને સ્વાર્થત્યાગ એ આપણા તારણમંત્ર છે. દરેક દેશભક્ત હિંદીને લાગવું જોઈએ કે આપણા દેશની ગરીબી ટાળવા માટે પોતાનાથી બનતું એ કરે અને બીજાઓ પાસે કરાવે.'[૧૪] આવું જ વક્તવ્ય ૧૭ નવે. ૧૯૦૬ના રોજ અમદાવાદમાં પણ આપ્યું હતું. 'જો તમારામાં આર્યત્વનો અંશ અને ખરું દેશાભિમાન હોય અને તમારા દેશી ભાઈઓનું તથા દેશનું તમે કલ્યાણ ઇચ્છતા હો તો સ્વદેશી હિલચાલને ઉત્તેજન આપીને દેશના ઉદ્યોગોનો ઉદ્ધાર કરજો.'[૧૫] આ મતલબના ભાષણો તેમણે ગુજરાતમાં ફરીફરીને કર્યા હતા. સ્વદેશીને અપનાવવામાં ડરતા દેશીઓને તેમનો ધર્મ સમજાવતા કહ્યું કે સ્વદેશી હિલચાલને કેટલાક ઉત્તેજન આપતા નથી. સરકાર નારાજ થશે તેવી તેમા કાળજામાં બીક છે પણ તેઓને દેશ માટે લાગણી જ નથી એમ જણાય છે, નહિ તો તેઓને ખરી બાબતમાં કોઈથી ડરવાનું શું કારણ છે ?[૧૬] આમ સ્વદેશી પ્રવૃત્તિઓથી ડર રાખી કિનારો કરનારા લોકો અંબાલાલની નજરે કાયર અને દેશદ્રોહી હતા. ૧૧ ડિસે. ૧૮૭૫ના રોજ સ્વદેશી ઉદ્યોગવર્ધક મંડળીનું ઉદ્‌ઘાટન કરી દેશનો ઉદ્યોગ વધારવા વિશે ભાષણ આપતા તેમણે કહ્યું કે 'સ્વદેહ તેમ સ્વદેશીની લે નહિ જે સંભાલ ચોટે તેને ચાંદલે ગાંડા કેરી ગાળ'.

અંબાલાલની આ વિચારધારા સ્વરૂપની રીતે 'Militant' હતી પરંતુ તેની પ્રક્રિયા શાંતિપૂર્ણ હતી. તે દ્વારા તેમનું શું સ્વપ્ન હતું તે તેમણે ૨૫ મે, ૧૯૦૬ના રોજ ભરૂચ સ્વદેશી પ્રદર્શનમાં જણાવ્યું હતું. તેમણે સ્વદેશી આંદોલન પછી વિકસી રહેલાં સ્વદેશીવાદને પુરસ્કારી ભારતને દ્રવ્યવાન અને મોટા વેપારી દેશ તરીકે જોવાના સોણલા જોયા હતા. તેમણે સ્વદેશી પ્રદર્શનો ભરવાની હિમાયત પણ કરી હતી. આ ભાષણ બદલ તેમને સરકારે તલપ કર્યા હતા.[૧૭]

અંબાલાલ દેસાઈ સ્વદેશીવાદી વિચારો રજૂ કરી રહ્યા હતા ત્યારે ગુણવત્તા, ભાવતાલ વગેરેમાં પણ દેશી-વિદેશી માલ વચ્ચે તફાવત હતો. આ સંદર્ભે તેમણે કહ્યું કે દેશી માલ ખરીદતા તમને બે રૂપિયાનું નુકસાન થતું હોય તો તે વખતે યાદ રાખજો કે તમારી પાસેથી તે બે રૂપિયા જે જાય છે તે તમારો દેશી ભાઈ જ કમાય છે.'[૧૮] તેઓ સ્વદેશી હુન્નર ઉદ્યોગો સ્થાપવાના ચુસ્ત હિમાયતી હોવા છતાં સ્વદેશીના વિકાસ માટે સંકુચિત વલણના પણ ન હતા. ૧૯૦૬માં ભરૂચ સ્વદેશી પ્રદર્શનમાં તેમણે દેશભરમાં હુન્નરશાળાઓ વિકસાવવાના દેશી સાહસિકોના પ્રયત્નોને બિરદાવી હુન્નર ઉદ્યોગો શીખવા માટે વિદ્યાર્થીઓને પરદેશ મોકલવા માટે શિષ્યવૃત્તિઓ ઊભી કરવાની ભલામણ પણ કરી હતી. દેશી વિદ્યાર્થીઓ માટે હુન્નશાળાઓ ખોલવા અને તે

શીખવા પરદેશ મોકલવાની વાતો તો તેમણે વારંવાર કરી હતી. તેમણે પરદેશી બહિષ્કારના વિકલ્પ તરીકે સ્વદેશીના વિકાસને જોયો હતો. એ રીતે સ્વદેશી અને બહિષ્કાર પરસ્પર પૂરક હતા. ટૂંકમાં, તેમનો સ્વદેશીવાદ એટલે હિંદુસ્થાનની ગરીબાઈનો ઉકેલ અને સમૃદ્ધ ભારતની રચના. આ સ્વપ્ન તેઓ જોરજુલમ નહિ પરંતુ હૃદય પરિવર્તનના બળે પૂરું કરાવવા ઇચ્છતા હતા.

૧૯૦૫માં શરૂ થયેલાં સ્વદેશી આંદોલને અંબાલાલના સ્વદેશીના વિચારોને પોષણ આપ્યું હતું. તેઓ આ સમયે બંગાળી નેતાઓ સાથે વૈચારિક આદાન-પ્રદાન પણ કરતાં હતા. આ પ્રક્રિયામાંથી ગુજરાતમાં અને વિશેષ કરીને અમદાવાદમાં સ્વદેશી અને બહિષ્કારનું આંદોલન ચાલ્યું હતું. તેમાં અંબાલાલનો સિંહ ફાળો હતો. તેમના પ્રદાનને બિરદાવતા 'બુદ્ધિપ્રકાશ' સામયિકએ નોંધ્યું છે કે 'સન ૧૯૦૫માં બંગાળના ભાગલાને લીધે આ દેશમાં નવીન જાગૃતિ આવી હતી. સર્વત્ર સ્વદેશી ચળવળ પ્રસરી હતી. તે વખતે સ્વદેશીનો ઝઘડો આગળ ફેલાવવાને તેઓએ આગેવાન ભાગ લીધો હતો અને તેમના વિચારોની જબરી અસર થઈ હતી.[૧૯]' ઇંદુલાલ યાજ્ઞિકે પણ લખ્યું છે કે અંબાલાલ સાકરલાલ અને તેમના મિત્રોએ બંગભંગની લડત વખતે ભેગા થઈ સ્વદેશી મિત્ર મંડળની સ્થાપના કરી હતી અને શહેરમાં સ્વરાજનું આંદોલન જમાવવા માંડ્યું. સ્વદેશીની સભાઓનું નેતૃત્વ લઈ તેમણે ચળવળને વ્યવહારુ સ્વરૂપ આપવાના પ્રયત્નો કર્યા હતા.[૨૦] આમ તેઓ વૈચારિક સ્તરે જ નહિ વ્યવહારુ સ્તરે પણ પાક્કા સ્વદેશી હતા. ગુજરાત અને અમદાવાદમાં થોડે ઘણે અંશે સ્વદેશી આંદોલન ફેલાયું તેમાં તેમના વિચારો અને વ્યવહારનો ફાળો મહત્ત્વનો હતો.

**(૨) અંબાલાલ સાકરલાલના વિદેશી બહિષ્કારના વિચારો**

૨૦મા સૈકાના આરંભે સ્વદેશી જેટલો જ નક્કર વિચાર વિદેશી માલના બહિષ્કારનો પણ ઊભો થયો હતો. તેમના માટે સ્વદેશી અને બહિષ્કાર એક જ સિક્કાની બે બાજુ સમાન હતા. વિચાર, વાણી અને વ્યવહારના સ્તરે તેઓ વિદેશી બહિષ્કાર માટે પ્રતિબદ્ધ હતા. અલબત્ત તેમનો બહિષ્કાર વિદેશી માલના ધિક્કારના સંદર્ભમાં નહિ, બલકે રાષ્ટ્રીય અને આર્થિક હેતુ સાધવાના સંદર્ભમાં હતો. લોક તંદુરસ્તી અને સુખી જીવનનો ઉપાય તેમને બહિષ્કારમાં દેખાતો હતો. એક સંવાદમાં તેમણે કહેલું કે સ્વદેશી અપનાવશો અને પરદેશીનો બહિષ્કાર નહિ કરો તો શું તમે બંને જાતના માલ ખરીદશો ? પરદેશી બહિષ્કાર પાછળ તેમનો હેતુ બ્રિટિશ માલના અતિક્રમણનો સામનો કરવાનો હતો. તેમણે કહ્યું છે કે 'આ હિલચાલની જરૂર એટલા માટે છે કે ગયા સૈકામાં પરદેશી ઉદ્યોગોએ આપણા દેશના જૂના ઉદ્યોગો પર આક્રમણ કર્યું છે અને તેમ કરીને આપણા દેશને કંગાળ બનાવી દીધો છે એ એટલે સુધી કે આજે આપણા લોકોને જીવનની રોજની જરૂરિયાતો મેળવવાના પણ સાંસા પડવા લાગ્યા છે.'[૨૧] આમ પરદેશીનો ભરાવો અને તેના પરિણામે થતી આર્થિક બેહાલી અને દેશી કાચામાલની નિકાસના જોરે દેશમાં ઠલવાતો વિદેશી માલ વગેરે મુદ્દા તેમની બહિષ્કારની વિચારસરણીના કેન્દ્રમાં હતા.

પરદેશી બહિષ્કારના સંદર્ભમાં તેઓ સ્વદેશી વ્રતનું ચુસ્તતાથી પાલન કરતાં હતા. તેમની શતપ્રતિશત સ્વદેશી નિષ્ઠાનો દાખલો શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે નોંધ્યો છે : 'તેઓ પોતે સ્વદેશી વ્રત ચુસ્તપણે પાળતા ને સ્વદેશી ધર્મનો રોજબરોજ ઉપદેશ આપતા. તેમની ગેરહાજરીમાં તેમના દીવાનખાનાના કોચ પર ગફલતથી પરદેશી કાપડ ચોંટાડેલું હતું. પાછા આવતા તે કાપડ જોઈને તે રીસે ભરાયા ને તે કાપડ તેમણે જાતે જ ચીરી નાંખ્યું.'[૨૨] અંબાલાલ પરદેશી બહિષ્કાર માટે પ્રતિબદ્ધ હોવા છતાં પરદેશી જ્ઞાન ગ્રહણ કરવામાં પોતાનું મન ખુલ્લું રાખ્યું હતું. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહેલું કે 'જ્ઞાન શુદ્ધ હોવાથી તે અભડાતું નથી, સૂર્યના પ્રકાશની પેઠે તે નિર્મળ અને પવિત્ર છે, માટે ગમે તેની પાસેથી તે ગ્રાહ્ય છે.'[૨૩] આથી વિપરીત વિદેશી માલ ખરીદવાના મુદ્દે તેઓ હિંદીઓ પર આકરા પ્રહારો કરવાની એકપણ તક જતી કરતાં ન હતા. તેમણે લખ્યું છે કે 'આપણને પરદેશીઓની ફેશનની મોહિની લાગી છે. પાઘડીને બદલે

ટોપીઓ ને ધોતિયાને બદલે પાટલુન આપણને પસંદ પડ્યા છે. ધોળા પોશાકના વૈદક ફાયદા ભૂલીને યુરોપિયનોની આ ફિશિયારીનો ચેપ સ્ત્રીઓને પણ લાગ્યો છે. તેઓ ચોળીઓને તજીને ફૂલેલી બાંયના પોલકા પર મોહી પડી છે. આ બધી ઘેલછા દેશના ખરા લાભની વિરોધી છે. માટે ભાઈઓ, જો તમારામાં ખરું દેશાભિમાન હોય તો તમે પરદેશી માલને છાંયડે પણ ઊભા રહેશો નહિ. મોઢાના ભાષણોથી કાંઈ વળવાનું નથી, માટે કામ કરી બતાવો. પરદેશી લુગડાને અડકવાથી પણ જાણે અભડાતા હોઈએ તેમ તેનો સ્પર્શ પણ કરશો નહિ.'[૨૪] આ ફકરામાં તેમણે વિદેશીના બહિષ્કાર અને સ્વદેશીને અપનાવવા માટે તેમણે ભારતીય પરંપરાના શબ્દોનો ઉપયોગ કર્યો છતાં તેમાં તેમની પરંપરાવાદી કે રૂઢિચુસ્ત તરીકેની છાપ શોધવાને બદલે જમાનાની તાસીર જ ગણવી રહી.

વિદેશી બહિષ્કાર અને સ્વદેશી માટેની નિષ્ઠા માટેની વાત તેમણે સંવેદનાસભર રીતે પણ કહી છે. 'આ દેશના કેટલાક માણસો એવા પણ છે કે તેઓ આ દેશના લોહીના છતાં, દેશી માલ વિલાયતીના જેવો સારો મળતો હોય તો પણ વિલાયતી માલ વાપરવામાં મોટાઈ સમજે છે. આવા માણસોને મૂર્ખ નહિ તો બીજું શું કહીએ ? એક માતા પોતાના કાણાકુબડા છોકરા તરફ જેવી દૃષ્ટિથી જુએ છે તેવી જ દૃષ્ટિથી આપણે સ્વદેશી માલ તરફ જોવાનું છે. આટલો જ વિચાર કરો કે આપણે જ આપણા દેશને ઉત્તેજન નહિ આપીએ તો બીજું કોણ આપનાર છે ? માની સંભાળ પુત્ર-પુત્રીઓ નહિ લે તો બીજી કોની આશા રાખવી.'[૨૫] ટૂંકમાં તેમણે જમાનાની તાસીર મુજબ માતૃભૂમિની દુહાઈ અને સગાઈ સંબંધોનો વિશેષણો તરીકે ઉપયોગ કરીને પરદેશી માલને ખદેડી મૂકી સ્વદેશીને પ્રસ્થાપિત કરવાની હિમાયત કરી હતી. પરદેશી માલના બહિષ્કાર પછી તેના ક્રમિક વિકાસની પ્રક્રિયામાં તેઓ વિદેશી શાસનને પણ હઠાવવા ઇચ્છતા હતા. સમગ્રતયા જોઈએ તો વિદેશી બહિષ્કારની પાછળ તેમની નક્કર, પુખ્ત અને તબક્કાવાર વિચારણા હતી. જે માત્ર લાગણીના ઉભરા પર નહિ પરંતુ રાષ્ટ્રવાદી, સ્વાશ્રયીપણાની બુનિયાદ પર રચાઈ હતી.

### (૩) બ્રિટિશ આર્થિક નીતિ વિશે પ્રકીર્ણ વિચારો

અંબાલાલ સાકરલાલ તત્કાલીન ભારતીય આર્થિક પ્રવાહોના ઊંડા અભ્યાસી હતા. સાંસ્થાનિક સરકારની આર્થિક નીતિના દરેક પાસાં વિશે તેમણે કંઈક ને કંઈક કહેવાનું થયું હતું. ઉદા.તરીકે, હિંદને માથે ઠોકાતો અમર્યાદિત લશ્કરી ખર્ચ, બ્રિટિશ સરકારની ઔદ્યોગિક નીતિ, બ્રિટિશ ભારત અને રજવાડી ભારતમાં ચલણની અસમાનતા અને પરિણામે વેપારી સંબંધોમાં થતી અસમતુલા, રેલવેના ધીમા વ્યવહારથી ખેતી-ઉદ્યોગોને થતું નુકસાન, આયાત-નિકાસ વ્યાપારમાં અસમતુલા, વહાણવટા પર બ્રિટનનો એકાધિકાર, દ્રવ્ય અપહરણ વગેરે. બે ઉદા. જોઈએ. 'સરકાર લશ્કર પાછળ ૩૦ કરોડ જ્યારે કેળવણી પાછળ પૂરા બે કરોડ પણ ખર્ચતી નથી.' અંગ્રેજોના દ્રવ્ય અપહરણ બાબતે લખ્યું છે કે, 'આપણા દેશમાં દ્રવ્ય નથીને અંગ્રેજોના દેશમાં નાણું વધી ગયું છે, તેનો સબબ શો છે ? શું તેઓ આપણું દ્રવ્ય ચોરી ગયા છે ? ના, જો તેઓ આપણો પૈસો ચોરી છૂપીથી લઈ ગયા હોત તો તેમની સામે આપણે ફોજદારી કર્યા વિના રહીએ નહિ. પણ આપણે ચોરીની ફરિયાદ ગોરા લોક સામે કદી નોંધાવી નથી.'[૨૬] તેમના આ લખાણમાં ગાંધીજીની 'અંગ્રેજોએ હિંદ જીત્યું નથી આપણે જ એમને ચાંદીની તાસકમાં ધરી દીધું છે એ વાત પડઘાતી જણાય છે. એ જ રીતે તેમણે વધતા લશ્કરી ખર્ચ બાબતે નોંધ્યું છે કે વધતા જતાં લશ્કરી ખર્ચનું કારણ સરકારનો આપણા લોકો ઉપર અણવિશ્વાસ છે. તથા બ્રિટિશને હિંદુસ્તાનને ખર્ચે સામ્રાજ્યનું રક્ષણ કરવું એ છે..., જ્યાં સુધી આપણા મુલકનું અને આપણા ઘરબારનું રક્ષણ આપણને ઉપાડી લેવા દેવામાં આવશે નહિ ત્યાં સુધી લશ્કરી ખર્ચમાં વધારો થયા જ કરવાનો.'[૨૭] સંક્ષેપમાં, તેઓ આ વિચારો દ્વારા જવાબદાર રાજ્યતંત્ર પ્રાપ્તિની દિશામાં વિચારતા હોવાનું જણાય છે. તેમાં આંધળી સ્વદેશભક્તિને બદલે નક્કર, પાકું ગણિત હતું.

### (૪) ગાંધી પૂર્વે અંબાલાલ સાકરલાલ

૯૦ વર્ષ જીવવાની ઉમ્મીદ રાખનાર અંબાલાલ ૧૯૧૪માં ૭૦ વર્ષની ઉંમરે અવસાન પામ્યા. પછીના

વર્ષે ભારતીય રાજનીતિમાં મહાત્મા ગાંધીનો અભ્યુદય થાય છે. બંને પરસ્પરના વિચારો અને કાર્ય પદ્ધતિથી સુપરિચિત હતા. અંબાલાલના વિચારો અને કાર્યોને તપાસતા ગાંધીવિચાર સાથે તેની ગજબની સામ્યતા દેખાય છે. કેટલાક સંદર્ભમાં તો તેમને Gandhi before Gandhiના વિશેષણથી નવાજીએ તોપણ અતિશયોક્તિ નહિ કહેવાય. બંને વચ્ચેની વૈચારિક સામ્યતાઓ તપાસીએ.

(૧) ગાંધીજીની પેઠે તેઓ પણ દૃઢપણે માનતા હતા કે બ્રિટનના ભારત વિજય પાછળ જેટલો શ્રેય બ્રિટનની મુત્સદ્દી, કુનેહ, આવડત વગેરેને આપવામાં આવે છે, તેટલા દોષો ભારતીયોમાં રહેલાં કુસંપ, વાડાબંધી વગેરેમાં પણ રહેલાં હતા.

(૨) ૧૯મા સૈકામાં જ્ઞાતિનું લોખંડી સામ્રાજ્ય હિંદુ સમાજ પર હતું. પાશ્ચાત્ય પ્રભાવમાં મોટાભાગના સુધારકો જ્ઞાતિ સંગઠનોને નકારાત્મક દૃષ્ટિ અને જડ સંસ્થા તરીકે જોતા હતા. તેથી વિરુદ્ધ પાશ્ચાત્ય કેળવણી પામેલા હોવા છતાં અંબાલાલ જ્ઞાતિ જેવા મજબૂત સામાજિક સંગઠનોની રચનાત્મક બાજુ સમજી ચૂક્યા હતા. સ્વદેશી બહિષ્કારના આંદોલન વખતે તેમણે અમદાવાદ મધ્યે નાનૈ પાયે જ્ઞાતિ સંગઠનોનો ઉપયોગ કર્યો હતો. પાછળથી ગાંધી-સરદારે રચનાત્મક કાર્યોમાં જ્ઞાતિમંડળોના કરેલા ઉપયોગનો ઇતિહાસ તો સુવિદિત છે જ. એટલા આ મુદ્દે ગાંધી પહેલા અંબાલાલ પહેલ કરી ચૂક્યા હતા.

(૩) અંબાલાલ દેસાઈ અને ગાંધી રાજકીય સંગઠનોની ભૂમિકાથી સુપેરે વાકેફ હતા. છતાં પાયાના સ્તરની જાગૃતિ બાબતે બંને સતત ચિંતિત હતા. ગ્રામ સ્વરાજ, ગ્રામોદ્ધાર બાબતે ગાંધીજીના વિચારો બાબતે આજે કશું જણાવવાની જરૂર નથી. અંબાલાલના વિચારો જોઈએ : 'કોંગ્રેસ ભરો, ધારાસભાઓ ગજાવો પણ દેશનું ખરું કામ કરવાનું છે તે મુંબઈ, કલકત્તામાં નથી પણ નાના-નાના ગામોની શેરીઓ અને ઝૂંપડાઓમાં કરવાનું છે.'[૨૮] એટલે અંબાલાલ દેસાઈએ પોતાના વિચારોને ભલે સિદ્ધાંતોના વાઘા ન પહેરાવ્યા હોય છતાં આ બાબતે તેમણે ચોક્કસ ચિંતન કર્યું હતું.

(૪) માતૃભાષા અને રાષ્ટ્રભાષાનો મહિમા ગાંધીજી જેટલો જ અંબાલાલે પણ કર્યો હતો. ઉદા. તરીકે શિક્ષણનું માધ્યમ માતૃભાષા, ઉચ્ચ કેળવણી પણ માતૃભાષામાં અપાવી જોઈએ, વર્તમાનપત્રો અને સાહિત્ય સર્જનમાં ભાષા સીધી સાદી અને સરળ હોવી જોઈએ, પરરાજ્યની કેળવણી લીધાથી કોઈ દેશનો ઉદ્ધાર થયો નથી, સ્ત્રી-કેળવણી, પુરુષ કરતાં સ્ત્રીને ચઢતી કેળવણી મળવી જોઈએ જેવા મૂલ્યવાન વિચારો તેમણે વ્યક્ત કર્યા હતા.[૨૯]

ગાંધી-અંબાલાલ વચ્ચેની ઉપરોક્ત સામ્યતાઓને બારીકાઈથી તપાસતાં 'ગાંધી બિફોર અંબાલાલ' શીર્ષકથી સંશોધનક્ષેત્ર ઉદ્‌ઘાટિત થઈ શકે ! અંબાલાલે પણ ગાંધીના બે-ત્રણ દાયકા પહેલાં ગાંધીકાર્યનું ખાતમૂહુર્ત કરતાં હોય તેમ રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ વિચાર અને વ્યવહારના સ્તરે શરૂ કરી હતી. ૯૦ વર્ષ જીવવાની ઉમેદ રાખનારા અંબાલાલ ૭૦ વર્ષની ઉંમરે અવસાન પામ્યા એટલે દેશોદ્ધારના તેમના વિચારો-કાર્યો અધૂરા રહ્યા, જે હવે પછી મહાત્મા ગાંધી નામનો સિતારો સંભાળવાનો હતો. આચાર્ય આનંદશંકર ધ્રુવે તો દી. બ. (અંબાલાલ)નું ડહાપણ અને ગાંધીજીનું મનોબળ એકઠાં થવાનો વખત આવ્યો હોત તો અત્યારે ગુજરાત શું શું ન કરી શક્યું હોત ? તેવી કલ્પના પણ કરી હતી.

**ઉપસંહાર**

અંબાલાલ સાકરલાલ વિશેના ઉપરોક્ત વિવેચનથી ગુજરાતના પ્રારંભિક આર્થિક રાષ્ટ્રવાદી તરીકેનું તેમના જીવનનું મહત્ત્વપૂર્ણ પાસું ઉજાગર થાય છે. તેમના સમકાલીનો અને અનુગામીઓએ તેમના કાર્યને એકી અવાજે બિરદાવ્યું છે. 'બુદ્ધિપ્રકાશ' માસિકે તેમની અવસાન નોંધ નિમિત્તે લખ્યું છે કે 'આખા દેશમાં તેમની એક સાચા દેશભક્ત અને દેશાભિમાની વીરનર તરીકે તેમની નામના થાય છે..., આપણને બુદ્ધિશાળી અને વિદ્વાન પુરુષો વહેલા-મોડા મળી આવશે પણ આવા સદ્‌વર્તનવાળા ન્યાયી અને સત્યનિષ્ઠાવાળા મનુષ્યો મળવા દુર્લભ છે.'[૩૧] આનંદશંકર ધ્રુવના મતે 'દેશાભિમાન,

દેશભક્તિ અને દેશસેવા ત્રણે એમનામાં હતા. દેશાભિમાન સહજ છે પણ દેશભક્તિ ક્ષણિક છે. તેમની દેશસેવા વૃત્તિ છેવટ સુધી અડગ અને અચળ રહી.'[૩૨]

અંબાલાલ સાકરલાલની ઉપલબ્ધિઓને તાત્કાલીન લાભો, સફળતાના માપદંડમાં ન મૂલવવી જોઈએ પણ દીર્ઘકાલીન સંદર્ભમાં જોઈએ તો તેમણે દેશ-ગુજરાતની જનતાને આર્થિક હિતો પરત્વે જાગૃત કરી, ભારતના આર્થિક શત્રુઓથી અવગત કરાવી, તત્કાલીન આર્થિક દુર્દશા વિરુદ્ધ સુધારાઓની સંભાવનાઓથી રૂબરૂ કરાવી, અસ્પષ્ટ આર્થિક આકાંક્ષાઓને આર્થિક રાષ્ટ્રવાદનું સ્વરૂપ પ્રદાન કર્યું હતું. ગુજરાતમાં ગાંધીયુગ દરમિયાન સડસડાટ ચાલેલી રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં અંબાલાલ સાકરલાલ રૂપી આર્થિક વિચારકો પગથિયા રૂપ હતા. તેમણે ગુજરાતની જનતાને આર્થિક સાક્ષરતાનો ખ્યાલ આપ્યો હતો. વિચાર, વ્યવહારના સ્તરે ગુજરાતના સમાજને નક્કર ભૂમિકા પર ઊભો કર્યો હતો. જે ગાંધી આવતા રાષ્ટ્ર નિર્માણની દિશામાં સીધેસીધો ખપમાં લાગ્યો હતો. જે ન ભૂલાવું જોઈએ. ટૂંકમાં, ગાંધીની ફળદ્રૂપ ખેતી માટે ઉપજાઉ જમીન અંબાલાલ જેવા વિચારકોએ તૈયાર કરી હતી.

## સંદર્ભિકા


(૧) અંબાલાલ સાકરલાલના જીવન પરિચય માટે જુઓ : કેશવલાલ હરિવિઠ્ઠલદાસ, સત્યવક્તાની ચિત્રાવલી, મુંબઈ, ૧૮૮૯ અને ઠાકોર વૈકુંઠરાય શ્રીપદરાય, દી. બા. અંબાલાલ સાકરલાલ દેસાઈના ભાષણો અને લેખો, અમદાવાદ, ૧૯૪૨ (ત્રીજી આવૃત્તિ), બ. ક. ઠાકોર, અંબાલાલભાઈ, અમદાવાદ, ૧૯૨૮, નરહરિ દ્વારકાદાસ પરીખ, દી. બા. અંબાલાલભાઈનું જીવનદર્શન, અમદાવાદ, ૧૯૪૩

(૨) નરસિંહરાવ દીવેટીઆ, સ્મરણમુકુર, અમદાવાદ, ૧૯૨૬, પૃ. ૮૦

(૩) બ. ક. ઠાકોર, અંબાલાલભાઈ, પૃ. ૧૨

(૪) ઈંદુલાલ યાજ્ઞિક, આત્મકથા, ભાગ-૧, અમદાવાદ, ૧૯૫૬, પૃ. ૧૧૯

(૫) સુમન્ત મહેતા, સમાજદર્પણ, અમદાવાદ, ૧૯૬૪, પૃ. ૩૪

(૬) વૈકુંઠ ઠાકોર, પૃ. ૬૦

(૭) ૧૯મા સૈકામાં રચાયેલા ગ્રંથોની વધુ વિગતો માટે જુઓ ગૌરાંગ જાની, (સંપા.), ઓગણીસમી સદીનું ગુજરાત ગ્રંથોમાં, રાજકોટ, ૨૦૧૩

(૮) વૈકુંઠ ઠાકોર, પૃ. ૨૮, પ્રોફેસર બિપનચંદ્રએ પણ તેમના પ્રસિદ્ધ ગ્રંથ 'Rise and Growth of Economic nationalism in India' ગ્રંથમાં અંબાલાલના આર્થિક રાષ્ટ્રવાદની નોંધ લીધી છે.

(૯) વૈકુંઠ ઠાકોર, ઉપર મુજબ

(૧૦) બ. ક. ઠાકોર, પૃ. ૧૦

(૧૧) The Modern Review, Feb. 1907, p. 123

(૧૨) વૈકુઠ ઠાકોર, પૃ. ૧૧-૧૨

(૧૩) Makrand Mehta, The Ahmedabad Cotton Textile Industries, Genesis and Growth, Ahmedabad, 1982, p. 119

(૧૪) વૈકુઠ ઠાકોર, પૃ. ૩૦

(૧૫) એજન, પૃ. ૩૮-૩૯

(૧૬) એજન, પૃ. ૭૦-૭૧

(૧૭) એજન, પૃ. ૨૧

(૧૮) એજન, પૃ. ૨૯

(૧૯) બુદ્ધિપ્રકાશ, સપ્ટેમ્બર, ૧૯૧૪

(૨૦) વૈકુંઠ ઠાકોર, પૃ. ૭૧

(૨૨) ઈંદુલાલ યાજ્ઞિક, આત્મકથા-૧, પૃ. ૧૨

# માર્ક્સ, ફૂકો અને વૈશ્વિકીકરણ

- રોહિત શુકલ*

**૧. પ્રસ્તાવના**

સોવિયેત સંઘના પતન પછી ઘણીવાર સાંભળવા મળે છે કે 'હવે માર્કસવાદ કે તેના વિચારોનો અંત આવી ગયો છે. માર્કસવાદનું મૃત્યુ થયું છે.' માર્કસવાદની વિદાય થઈ ગઈ છે અને તેની સાથે એક 'era of erros and horros'નો અંત આવ્યો છે. ફુકોયામાએ (૧૯૯૨) તો તેથી ઇતિહાસનો પણ અંત આવી ગયો છે તેમ જણાવ્યું. માર્કસના વિચારો જાણે કે કોઈ ભયાનક ભૂતાવળ હોય અને તેનો અંત આવવાથી હવે જગતભરમાં 'અચ્છે દિન' આવી ગયા હોય તેવો એક મત વ્યાપક છે. અલબત્ત સ્ટાલિન અને માઓ સહિતના અનેક સામ્યવાદી શાસકોએ સ્થાનિક લોકો ઉપર ભયાનક અત્યાચારો પણ ગુજાર્યા છે. સોલ્ઝિનિસ્તિનના 'ગુલાગ'ને કોઈ ભૂલી શકે નહિ. પરંતુ મૂડીવાદનો પણ અગણિત અને લોકસમૂહો માટે ભયાનક અત્યાચારી ઘટનાઓનો ઢાંકપિછોડો કરવામાં આવી રહ્યો છે તે પણ ખ્યાલમાં રાખવું રહ્યું. ગુજરાતમાં કહેવાતા મૂડીવાદી વિકાસના મોડલનો-સાવ ઘર આંગણાનો-દાખલો લઈએ તો મહૂવા, કાડા, બેચરાજી સર, વડોદરા ઝાલા વગેરે વિસ્તારોમાં સરકારી કાર્યશૈલીને કારણે લોકોએ અતિભારે ત્રાસ વેઠવો પડ્યો છે. સાગર રબારી (૨૦૧૪) અને લખન મુસાફીર (૨૦૧૪)એ આ અંગે કર્મશીલો તરીકે જે અનુભવ્યું અને વેઠ્યું તેનો ચિતાર આપ્યો છે.[૨] ૫. બંગાળના-સિંગુરમાંથી હાંકી કઢાયેલી તાતાની નેનો મોટરકાર બનાવવાની ફેક્ટરીને ગુજરાતના સાણંદમાં સ્થાપવાના ફળ સ્વરૂપે સામાન્ય અને સ્થાનિક રહીશોએ વેઠેલા નુકસાનનો અંદાજ મેળવ્યા વગર મૂડીવાદી વિકાસના એકતરફી ગુણગાન ગાવાની પદ્ધતિમાંથી પણ નવા ઊભરેલા મૂડીવાદની આક્રમકતાની દિશાના એંધાણ મળી શકે છે.

મૂડીવાદની તરફેણ વાસ્તે યોજાતા વૈચારિક આધારોમાં આધુનિકતાના મુખ્ય બે મૂલ્યો-મુક્તતા અને સમાનતા-લિબર્ટી અને ઇક્વિટી-નો ઉપયોગ થાય છે. બજારતંત્ર દ્વારા લેવાતા આર્થિક બાબતોના નિર્ણયો કાર્યક્ષમ હોવાના અને રાજ્ય કે અન્ય કોઈ દખલગીરી વગર રચાતું અને કામ કરતું બજાર માનવજાત માટે મુક્તિ અને સમાનતાલક્ષીતાના આદર્શો સિદ્ધ કરવામાં પણ ઉપયોગી છે તેમ કહેવામાં આવે છે. આ નવ્ય મૂડીવાદમાં બજારના ઉદ્ભવને 'અનુઆધુનિક' એવા નવા વૈચારિક ક્ષેત્રના ઉદયની ઘટના રૂપે પણ સમજવામાં આવે છે. મૂડીવાદ કોઈક 'અદૃશ્ય હાથ' વડે બધું બરાબર કરી દેશે તેવી આશાયેશ આપવામાં આવે છે.

આ બે અંતિમ ધ્રુવો ઉપરાંત કલ્યાણકારી રાજ્યની એક ત્રીજી ભૂમિકા પણ વિચાર અને આચારમાં જોવા મળી છે. ખાસ કરીને ઇંગ્લેન્ડમાં ૧૯૪૪થી કાર્યરત બનેલી-'બાળોતીયાથી કબર સુધીની-ફ્રોમ ક્રેડલ ટુ ગ્રેવ'ની બિવરીજ યોજના સામાજિક સલામતી માટેની એક ઉત્તમ યોજના ગણાતી. ૫. યુરોપના અનેક દેશોમાં આ પ્રકારની સામાજિક સલામતીની યોજનાઓ આજે પણ સારી રીતે ચાલી રહી છે. આધુનિકતાની વૈચારિક ભૂમિકામાં આ યોજનાઓ સમતાલક્ષી હોવાનું સ્પષ્ટ થાય છે. કહેવાતા મૂડીવાદી કલેવરમાં આ વ્યવસ્થા સામાજિક ન્યાયલક્ષી છે. બીજી તરફ સામ્યવાદી શાસન વ્યવસ્થા ધરાવતા ચીનમાં મુક્તતા વગરના મૂડીવાદની આંતર રચના ચલાવાય છે. માર્કસવાદ અને મૂડીવાદ-બે પરસ્પર માટે અંતિમ ધ્રુવો હોવા ઉપરાંત પરસ્પર માટે પૂર્ણરૂપે વિરોધી પણ છે. એટલું જ નહિ, બંનેમાં રાજ્ય અંગેની વિભાવનાઓ પણ અલગ અલગ છે. મૂડીવાદ રાજ્યની આર્થિક કામગીરીને વિઘ્નરૂપ માને છે. સામ્યવાદમાં રાજ્ય સર્વેસર્વા બનીને વર્તે તેનો આધુનિકતાના સંદર્ભે પણ વિરોધ કરાય છે. કલ્યાણ રાજ્યની વિભાવનામાં પ્રગટતી વિવિધતા, લચીલાપણું અને વખતોવખત પ્રગટ થતી હેતુવિહીનતા પણ ભારે નુકસાનકારક સાબિત થાય છે.

---

* અર્થશાસ્ત્રી અને કર્મશીલ

આધુનિક મૂડીવાદ મુખ્યત્વે વૈશ્વિકીકરણના આચરણ સ્વરૂપે દેખાય છે. વૈશ્વિક સ્તરે વેપાર કરવાનો હોવાથી, ઉત્પાદનની કામગીરીને હરીફાઈ અને કાર્યક્ષમતાના ઉચ્ચતમ ધોરણો અનુસાર રાખવા રહ્યા. સારામાં સારો માલ સસ્તામાં સસ્તા ભાવે વેચવો હોય તો કામદારોને ઓછામાં ઓછા વેતને અને વધુમાં વધુ કલાકો માટે કામ કરતા કરવા પડે. અર્થશાસ્ત્રીઓ આને શ્રમની ઉત્પાદકતામાં થયેલા વધારા રૂપે જુએ છે. આ સામેના તેમના કોઈપણ વિરોધને દબાવી દેવો પડે. આથી મજૂર કાયદા બદલવા પડે. જમીન અને અન્ય કુદરતી સાધન સંપત્તિ પણ ઉદ્યોગોના ચરણે ધરી દેવી પડે. સરકારી નીતિઓમાં ઉદ્યોગોનો દબદબો રહેવો જોઈએ. આ પ્રકારનું એકંદર વાતાવરણ સર્જવા માટે, રાજકોષીય સ્તરે પણ ચોક્કસ નીતિઓનું પાનલ કરવું પડે. સરકારોએ કરવેરા ઓછામાં ઓછા કરી નાખવા પડે. બજેટની ખાધ સાવ જ ઓછી કરી નાખીને-શૂન્ય કરી દઈને અર્થતંત્ર ચલાવવું પડે. આ માટે જાહેર ખર્ચા અત્યંત ઓછા કરી નાખવા પડે. જાહેર ખર્ચા ઘટાડવા જવા વાસ્તે, મનરેગા, અન્ન સ્વાવલંબન વગેરે જેવી યોજનાઓ તથા વિવિધ પ્રકારની સબસિડીઓ નાબૂદ કરવી પડે. શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓની સબસિડીઓ બંધ કરવી પડે. ખરેખર તો આ બંને સેવાઓનું ખાનગીકરણ કરવું પડે અને તેમાં લેવાતી ફી વગેરે પરવડે તેવા જ લોકોને તેનો લાભ મળી શકે તેવી બજારલક્ષી વ્યવસ્થા નીપજાવવી પડે. જો સરકાર કરવેરા ઘટાડે તો લોકોના હાથમાં વધુ નાણાં રહે અને તેના ખર્ચ દ્વારા બજારની માંગ વિસ્તરે. માંગ વધે તો ઉત્પાદન પણ વધે અને ઉત્પાદન વધે એટલે રોજગારી વધે અને તો વળી પાછી માંગ વધે- અને આમ ચક્ર ચાલતું જાય. વિકાસનું આ ચક્ર બરાબર ચાલતું રહે તે માટે રાજ્યને આર્થિક ક્ષેત્રમાંથી દૂર રાખવું રહ્યું. રાજ્યે લોકોના ભલા માટે 'રોબિનહૂડ' બની બેસવાનું નથી. રાજ્ય માત્ર ફૂટબોલની રમતના રેફરીની ભૂમિકામાં જ રહી શકે. તેનું કામ માત્ર એટલું જોવાનું જ છે કે જે તે પક્ષો નિયમ પ્રમાણે રમે છે કે નહિ. ફૂટબોલનો રેફરી હારતા પક્ષના ખેલાડીઓની મદદે જઈ ખોટા નિર્ણયો કરી ન શકે અથવા તેની તરફેણમાં ધસી જઈને ફૂટબોલને લાત મારી ન શકે.

આધુનિક જગતમાં સામ્યવાદ, મૂડીવાદ, લોકશાહી અને તેના બહુવિધ આયામો, રાજ્ય અને તેના કાર્યકલાપો ઉપરાંત બે અન્ય બાબતો પરત્વે પણ જગત સારું એવું ચિંતિત બન્યું છે. આ બે બાબતો એટલે ટેકનોલોજી અને પર્યાવરણ. ટેકનોલોજીને કારણે એક તરફ ખુલ્લાપણું અને પારદર્શિતા આવ્યા છે તો બીજી તરફ નાગરિકોના ખાનગી જીવન સામે પણ ખતરો ઊભો થયો છે. વિકીલિક્સના જુલિયન અસાંન્જે તથા એડવર્ડ ટાઉસેન્ડના કિસ્સા જાણીતા છે.[૩] અમેરિકાએ જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કલ તથા અન્ય અનેક વ્યક્તિઓ અને દેશો ઉપર ચલાવેલી જાસૂસીના કિસ્સા દર્શાવે છે કે આપણે, જ્યોર્જ ઓરવેલે '૧૯૮૪' (૧૯૪૮)માં દર્શાવેલા દુસ્વપ્નોની નજીક સરી રહ્યા એ. તે જ લેખકના અન્ય મહત્વના પુસ્તક 'એનિમલ ફાર્મ'ને પણ યાદ કરવું રહ્યું. ટેકનોલોજીનો વૈશ્વિકીકરણનો એક આગવો જ સંદર્ભ વિકસ્યો છે. આમ યુરોસેન્ટ્રિઝમ, નફો અને ટેકનોલોજીના સંમિશ્રણ વડે જે વ્યવસ્થા ઊભી થઈ છે તેમાં નફો અને બજાર કે કાર્યક્ષમતા અને સાધન ફાળવણી જેવા પરંપરાગત વિચાર સમૂહોને સ્થાને એક આગવી જરૂરિયાત વિકસી છે. આ નવી બાબત તે 'વ્યવસ્થા' અથવા 'ઓર્ગેનિઝેશન.' અનેક દાખલા બતાવે છે તેમ હવેનો સમય નફા અને બજારના 'અદૃશ્ય હાથ' વડે આપોઆપ ધકેલાતો નથી. તે અનેક ઓર્ગેનિઝેશન્સ દ્વારા સુચિંતિત રીતે અને ચોક્કસ હેતુ અને ઉદ્દેશો દ્વારા ચાલે છે. G-૭, G-૨૦, BRIC(S), Davos, યુરોપીય સંઘ વગેરે જેવી આર્થિક સંરચનાઓ ઉપરાંત નાટો, નાફટા, વગેરે જેવી શાસકીય અને સૈન્ય વ્યવસ્થાઓ પણ છે. આ બધા વડે ચાલતા અને ચલાવાતા આ જગતમાં 'કોઈ અદૃશ્ય હાથ'ની કલ્પના દ્વારા મૂડીવાદી વિચારોનો પ્રચાર કરવા ચાહે તો તે સસલાના શિંગડા સમાન છે-વાસ્તવિક બાબત નથી.

પ્રશ્નો માત્ર આટલા નથી. પ્રવર્તમાન જગતની અનેક બાબતો વિશે વૈચારિક ક્ષેત્ર પાસેથી ઉત્તરો

મેળવવાના રહે છે. બીડેટ અને ફૂવેલાકિસ (૨૦૦૮) લખેછે : "It requires an in-depth analysis, some elements of which we shall suggest, both in terms of theoretical and historical *balance-sheets*...and, ..., of sketches that seek to construct a *cartography* of Marxism today, which is surprising in many respects. The constellations outlined thus simultaneously convey a diversification of the philosophical identity of Marxism, its integration into new social and political contexts, and its confrontation with what are in part historically unprecedented subjects-for example, the issue of the so-called 'globalisation' of the economy, changes in the labour process and production, generalised urbanisation, the effects of the revolution brought about by information and communication technologies, the new forms of racist violence, of cultural and military imperialism, of male domination, and of the ecological threat.''

આ લેખનો ઉદ્દેશ આવા વિચારોની દિશામાં ચહલકદમીનો છે. આ જરૂરી છે એમ જણાય છે કારણ કે માર્કસવાદ મરણ પામ્યો નથી. ખાસ કરીને તેની વૈચારિક અને પૃથક્કરણાત્મકતા હજુ જીવંત છે. PIGS દેશોનો અનુભવ, 'ઓક્યુપાય વોલસ્ટ્રીટ' અને 'લંડન રાયટ્સ' કે પછી 'અંબ્રેલા રેવોલ્યુશન'ના સંદર્ભોનો વિચાર કરીએ તો જણાશે કે માર્ક્સ તેમજ મૂડીવાદ અને સાથોસાથ કલ્યાણ રાજ્યની વિભાવનાઓ વિશે વિચાર ચલાવતા રહેવા જેવું છે.

બીજી તરફ માર્કસના વિચારોથી અન્ય વિચારકો પણ ઘણા પ્રભાવિત થયા છે. તે પૈકી આલ્તુઝર (૧૯૬૮) લખે છે : માર્ક્સે તો જ્ઞાનનો એક મહાખંડ શોધી કાઢ્યો છે. તેનું પ્રદાન ભૌતિકશાસ્ત્રના ગેલિલીઓ અને થેલ્સના ગણિતશાસ્ત્રના પ્રદાનની તોલે ઊભું રહે તેવું છે. '...in that the structure of his theory is unlike anything posited by his predecessors.'

## ૨.૦ માર્કસના વિચારોનો સંદર્ભ

માર્કસના વિચારો વિશે ખાસ કરીને, કોન્ટિનેન્ટલ યુરોપમાં સારો એવો વૈચારિક ઉહાપોહ થતો જોવા મળે છે. ૧૯૬૭નો સોબોર્ન યુનિવર્સિટીનો વિદ્યાર્થીઓનો આક્રોશ, અને તે પછી કિર્કગાર્ડ અને સાર્ત્રના અસ્તિત્વવાદમાં તે સમયની નવી પેઢીને આધુનિકતાના બે મૂલ્યો-લિબર્ટી અને ઇક્વોલિટીનું સમાધાન જણાયું. આધુનિકતાના મૂલ્યોનું સંવહન મૂડીવાદ કરી શકે ખરો તે સવાલની જેમ જ આ ક્ષેત્રે માર્કસવાદની દશા અને ભૂમિકા કેવા છે તે પણ તપાસના મુદ્દા બને છે. આ રીતે જોતાં આ ચર્ચા માત્ર મૂડીવાદ સારો કે માર્કસવાદ તેવી-કોઈક ઉન્નતભ્રૂ કૉલેજની ડિબેટીંગ સોસાયટી પૂરતી સીમિત રહેતી નથી. તે માત્ર આર્થિક વિકાસ અને વૃદ્ધિ કે માત્ર સરકાર અને રાજ્યની વિભાવનાઓ અને કાર્યશૈલીમાં પણ સીમિત રહેતી નથી. માર્કસના વિચારો મરી પરવાર્યા નથી પણ આધુનિક ગણાતા અને મુખ્યત્વે 'ક્રોની કેપિટાલિઝમ' સામે તે એક સાબદો અવાજ પણ ઉઠાવે છે. આજે પણ દુનિયાના કેટલાક દેશોમાં એક કે બીજા પ્રકારનો માર્કસવાદ પ્રવર્તતો જોવા મળે છે. કેટલાક દેશોમાં મૂડીવાદના વળતા પાણી થયા છે અને ક્યાંક 'પિન્ક પરિવર્તનો' શરૂ થયા છે. એકવીસમી સદીના પ્રારંભે જગતમાં ચીન, ક્યુબા, લાઓસ, વિયટનામ અને ઉ. કોરિયા જેવા દેશો સામ્યવાદી હતા. નેપાલમાં વર્ષ ૨૦૦૮માં પ્રચંડની સામ્યવાદી સરકાર પણ બની. આ ઉપરાંત દ. અમેરિકાના વેનેઝૂએલા, બોલિવિયા, ઇક્વાડોર, નિકારાગુઆ વગેરેમાં પણ સામ્યવાદી વલણો ધરાવતી સરકારો આવી છે. દ. અમેરિકાની આ સરકારો ચીનની જેમ કઠોર કે કડક સામ્યવાદી નથી. તેમાં પશ્ચિમની લોકશાહી અને સમાનતાલક્ષી ઉદ્દેશો બાબતે વિશેષ સભાનતા જોવા મળે છે.

માર્કસના પોતાના વિવિધ લખાણો તથા તેના વિવિધ નિષ્ણાતો અને અભ્યાસીઓ દ્વારા થયેલા અર્થવિસ્તારોમાં પણ કોઈ ચોક્કસ એકવાક્યતા નથી. વળી માર્ક્સ યુવાન વયે જે વિચારો દાખવ્યા હતા તે અને ઉત્તરાવસ્થામાં વ્યક્ત કરેલા વિચારો વચ્ચે પણ તફાવતો છે. એટને

બાલિબાર (૧૯૯૩) કહે છે તેમ 'there is no Marxist philosophy and there never will be, on the other hand, Marx is more important for philosophy than ever before.' ફિલોસોફી માટે માર્ક્સનું મહત્વ વધતું જાય છે, કદાચ આ પ્રકારની પરિસ્થિતિ માટે એક તરફ માર્ક્સનું ફિલોસોફી અંગેનું દૃષ્ટિબિંદુ પણ જવાબદાર છે. ફોયરબાખ (૧૮૪૫) કહે છે, 'ફિલસૂફો એ દુનિયાની સમજૂતી આપવાનું કામ કર્યું છે, તેણે તેને બદલવાનું પણ વિચારવું રહ્યું.' આમ માર્કસની દૃષ્ટિએ ફિલસૂફીનો અર્થ જરૂરી પરિવર્તનો કે ક્રાંતિને સમાવી લે તેટલો વ્યાપક છે. આજ સંદર્ભમાં, પોતાના 'ધ જર્મન આઈડીયોલોજી' નામના પુસ્તકમાં તે જણાવે છે કે સામ્યવાદ કોઈ ભાવિની સ્થિતિ નથી પરંતુ તે તો એક આંદોલન છે કે જે પ્રવર્તમાન રાજ્યને ઉખાડીને ફેંકી દે છે.

માર્ક્સના વિચારોમાં વાંચ્છિત અને નવી વ્યવસ્થા માટેનો પોતાનો આગવો ચિતાર રહ્યો છે. આ નવી વ્યાખ્યા સમાજમાં ઉતરે તે માટે તેને આંદોલન કે ક્રાંતિનો માર્ગ જરૂરી લાગ્યો છે. માર્ક્સ આ નવા વિશ્વની રચના માટેના આદર્શો પૂરતા પૃથક્કરણ સાથે અને વૈજ્ઞાનિક પદ્ધતિથી રજૂ કરે છે.

**૨.૧ માર્કસના વિચારના આધારસ્તંભો**

માર્કસના વિચારના ચાર મુખ્ય આધાર સ્તંભો જોઈ શકાય છે. તે આ પ્રમાણે છે :

(ક) વ્યવસ્થાને તંત્રલક્ષી અને વ્યક્તિલક્ષી ગણવાને બદલે એક જીવંત સમગ્રતામાં જોવાનો દૃષ્ટિકોણ.

(ખ) વિશ્વનો ઇતિહાસ કેટલાક તબક્કાવાર આગળ વધે છે.

(ગ) પ્રકૃતિગત અને ઇતિહાસગત (Dialectical) પરિવર્તનોમાં ફરક છે, અને

(ઘ) ઇતિહાસગત પરિવર્તનો (Dialectical) જે તે સ્થિતિના આંતરિક સંઘર્ષોની નીપજ છે.

આ ચાર મુખ્ય આધારસ્તંભોને કારણે માર્ક્સના વિચારોમાંથી એક ચોક્કસ ફિલસૂફી ઊભી થાય છે. આ વિચારોએ યુરોપના અનેક બૌદ્ધિકોને વિચાર કરતા કરી મૂક્યા છે. આ વિચાર યાત્રા ચાલુ જ છે અને આથી માર્કસના વિચારોનું મરણ થયું છે તેમ કહેવું તે એક બાલિશ રતમ માત્ર બની રહે છે.

એક અન્ય અભ્યાસી, કોસ્ટનાન્ઝો પ્રીવના (૧૯૯૦) મતાનુસાર માર્કસના ચાર ગુરુઓ હતા. એપિકુરસ (૩૪૧-૨૭૦ B.C.), રુસો (૧૭૧૨-૧૭૭૮), હેગલ (૧૭૭૦-૧૮૫૧) અને એડમ સ્મિથ (૧૭૨૩-૧૭૯૦). આ વિચારકોના લખાણોમાંથી માર્કસને સ્વતંત્રતા, લોકશાહી, સમતાલક્ષીતા ઉપરાંત સંપત્તિ અને મજૂરો અંગેના સૈદ્ધાંતિક નિરુપણો સાંપડ્યા હતા. આ ઉપરાંત, માર્કસના  વિચારોને અન્ય અનેક અભ્યાસીઓએ ખૂબ તર્કબદ્ધ રીતે પણ તપાસ્યા છે. આ ફિલસૂફોમાં ફૂકો (Foucault, ૧૯૨૪), બોરદયુ (Bourdieu, ૧૯૩૦-૨૦૦૨), હાબરમાસ (Habermas, ૧૯૨૯), દેલ્યુઝ (Deleuze, ૧૯૨૫-૯૫), આલ્તુઝર (Althusser, ૧૯૧૮-૧૯૯૦) વગેરે જાણીતા છે. આ ઉપરાંત 'ફ્રાન્કફર્ટ સ્કૂલ'ના નેજા હેઠળ થયેલા અનેક અભ્યાસો અને તેમાંથી પ્રગટેલી એક અલગ વિચારધારા પણ વિશદ અભ્યાસનું ક્ષેત્ર બની રહે છે.

માર્ક્સના વિચારોને આ ચાર ગુરુઓ અને ચાર આધારસ્તંભોના સંદર્ભમાં તપાસવા જેવા છે. ઇતિહાસ અને સમાજ અંગેના તેના વિચારો પુરાતન વિદ્યા, નૃવંશશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ, સંસ્કૃતિ, ઇતિહાસ, ભૂગોળ, મનોવિજ્ઞાન, કલા, સૌંદર્યશાસ્ત્ર એમ અનેક ક્ષેત્રોમાં ફેલાયા છે. આ રીતે માર્ક્સનો અભ્યાસ કરવો તે એક અતિ વિસ્તૃત કામગીરી બની રહે છે. તેના સંદર્ભો પણ અતિ વિશાળ અને ઊંડાણભર્યા છે. આવો અભ્યાસ એક લાંબા ગાળાનો 'પ્રોજેક્ટ' બની રહે તેમ છે. આ એકંદર સંદર્ભોને ધ્યાનમાં રાખી માર્કસના વિચારોનો એક ટૂંક પરિચય આપવાનો અહીં ઇરાદો રાખ્યો છે.

**૨.૨ માર્કસની પ્રમુખ વિચારધારા**

માર્કસની વિચારધારાનો પ્રારંભ માનવ સમાજ અને તેની ભૌતિક જરૂરિયાતો અંગેની તેની સમજથી થાય છે. માનવ સમાજો માટે ભૌતિક જરૂરિયાતોના સંતોષ અર્થે આર્થિક પ્રવૃત્તિ જરૂરી હોય છે. માર્કસના મતે આર્થિક

તંત્ર 'Economic organisation' અથવા 'mode of production'-ઉત્પાદનનું સ્વરૂપ, સમાજનો મુખ્ય આધાર છે. સામાજિક સંબંધો, રાજકીય અને ધારાકીય વ્યવસ્થા, વગેરે ઉપરાંત નૈતિકતા અને આદર્શો પણ આ ઉત્પાદનના સ્વરૂપનું પરિણામ હોય છે. સામાજિક સંબંધોના પાયા ઉપર આર્થિક વ્યવસ્થાની ઈમારત ઊભી થાય છે. આ આર્થિક વ્યવસ્થા એક સુપર સ્ટ્રક્ચર છે. હવે ઉત્પાદનના ક્ષેત્રે નવી ટેકનોલોજી દાખલ થાય છે ત્યારે જૂનો સામાજિક ઢાંચો બિનકાર્યક્ષમ સિદ્ધ થાય છે. આથી નવો આર્થિક વિકાસ અવરોધાય છે. આ અવરોધોના કારણે સામાજિક સંઘર્ષો અને પછીથી ક્રાંતિના પગરણ મંડાય છે.

સમાજમાં એક તરફ મૂઠ્ઠીભર લોકોના હાથોમાં ઉત્પાદનના સાધનોના માલિકો છે, તો બીજી તરફ પોતાનો શ્રમ વેચીને જીવતા બહુસંખ્ય શ્રમજીવીઓ છે. માલિકો હંમેશા નફાના હેતુથી કામ કરે છે. નફા માટેની તેમની ઈચ્છા અદમ્ય હોવા ઉપરાંત તે અનંત પણ છે. સમાજમાં આ બૂર્ઝવા વર્ગ લઘુમતિમાં હોય છે જ્યારે પોતાનો શ્રમ વેચનારો વર્ગ વિશાળ બહુમતીમાં હોય છે. આ શ્રમિક વર્ગ અર્થતંત્રમાં સેવા અને વસ્તુઓનું ઉત્પાદન કરે છે. નવી ટેકનોલોજી આવ્યા પછી પણ જૂની ઢબે ઉત્પાદન કરનારાના નફાના દર ઘટતા જાય છે. આથી તે મજૂરોના વેતન ઘટાડવા ચાહે છે. બુર્ઝવા વર્ગ કામદારોને ઓછું વેતન આપે છે અને તે રીતે પણ તે પોતાનો નફો વધારતો રહે છે. નફાની વૃત્તિથી ચાલતો મૂડીવાદ અને સમાજના આ ઉત્પાદકો વચ્ચે આવા કારણોસર સંઘર્ષ થાય છે. માર્કસના મતે આ સંઘર્ષ અનિવાર્ય છે. આખરે સમાજના બહુમતિ એવા શ્રમિક વર્ગનો વિજય થાય છે અને નવા સમાજની રચના થાય છે. માર્કસના મતે સંઘર્ષ અને ક્રાંતિ અનિવાર્ય છે.

જે નવા સમાજની રચના થશે તેમાં ઉત્પાદનના સાધનો ઉપર વ્યક્તિગત માલિકી હશે નહિ. વળી ઉત્પાદન પણ સમાજની જરૂરિયાત મુજબ અને સમાજ માટે થશે. આ બાબતે માર્કસના સાથી એન્ગલ્સ કહે છે. "Then the capitalist mode of appropriation in which the product enslaves first the producer, and then appropriator, is replaced by the mode of appropriation of the product that is based upon the nature of the modem means of production; upon the one hand, direct social appropriation, as means to the maintenance and extension of production_ on the other, direct individual appropriation, as means of subsistence and of enjoyment."

અલબત્ત, માર્કસના આ વિચારો અને નિરીક્ષણો બાબતે ઘણા મતભેદો પ્રવર્તે છે. જો માર્કસની વિચારધારા ઉપયુક્ત હોત તો ચીન જેવા તે સમયના કૃષિપ્રધાન દેશમાં ક્રાંતિ કેમ થઈ અને અમેરિકા જેવા ઉદ્યાગ પ્રધાન દેશમાં આવી ક્રાંતિ કેમ ન થઈ તેવા પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક જ છે. ગેલબ્રેથ (૧૯૬૭) અમેરિકામાં ક્રાંતિ ન થવા માટે શ્રમિકોના પ્રતિબળ-'countervailing power'નું કારણ આપે છે. શ્રમિકોએ પોતાનું શોષણ થવા જ ન દીધું તેથી આ સંઘર્ષની ભૂમિકા રચાઈ જ નહિ તેવું તેમનું અર્થઘટન છે. બીજી તરફ જ્યોર્જ ઓરવેલે 'Animal Farm' (૧૯૪૫) જેવા પુસ્તક દ્વારા ક્રાંતિ પછીના નેતાઓ અને તેમની તે જ જૂની બૂર્ઝવા માનસિકતા તરફ પણ સારું એવું ધ્યાન દોર્યું.

સમાજોની સ્થિતિ તથા ઈતિહાસના સંદર્ભને ગોઠવીને માર્કસે જણાવ્યું કે માણસની જેમ સમાજો પણ ઉત્ક્રાંત થાય છે. અગાઉના સામંતયુગી સમાજમાંથી બહાર નીકળીને સમાજ મૂડીવાદી બન્યા અને હવે તે વધુ ઉત્ક્રાંત થઈને સમાજવાદી બન્યા. આ દિશામાં આગળ ચાલીને આખરે તે સામ્યવાદી બનશે. સામ્યવાદ ઉત્ક્રાંત થયેલા સમાજની સ્થિતિ છે જેમાં દરેક વ્યક્તિની જરૂરિયાત સંતોષાશે અને દરેક પોતપોતાની આવડત તથા ક્ષમતા અનુસાર કામ કરશે.

**૨.૩ વિચારો અને પ્રશ્નો**

માર્કસના વિચારોમાંથી કેટલાક મૂળભૂત સવાલો ઊઠે છે. આ પૈકી કેટલાકની ટૂંક રજૂઆત કરીએ :

(૧) માર્કસની વ્યવસ્થામાં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને ઉદારમતનું સ્થાન કેવું ?

(૨) નવી સમાજરચનામાં લોકશાહીનું અને તે રીતે રાજ્યનું સ્વરૂપ કેવું હશે ?

એક તરફ મૂડીવાદમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને લોકશાહી મૂલ્યોનો આધાર છે જ્યારે બીજી તરફ માર્કસવાદ સમાજને વ્યક્તિઓના એટલે કે અનેક અણુઓના સમૂહ તરીકે જોવાને બદલે એક જીવંત સમગ્રતામાં જોવાનો દૃષ્ટિકોણ ધરાવે છે. માર્કસને 'ગુરુ' એરિસ્ટોટલના વિચારોમાંથી આ આધારસ્તંભ સાંપડ્યો છે. માર્કસ (૧૮૫૮) આ અંગે સ્પષ્ટ છે, તે લખે છે. "Society does not consist of individuals, but expresses the sum of interrelations, the relations within which these individuals stand."

માનવ અધિકારોની બાબતમાં માર્કસ અને અન્ય માર્કસવાદીઓ વ્યક્તિલક્ષીતાની વિરુદ્ધમાં છે. દા.ત., સામ્યવાદના સ્થાપકો પૈકીના એક બાબોફ (Babeuf) ૧૭૮૯ની ફ્રેંચ ક્રાંતિ અંતર્ગત કરવામાં આવેલા માનવ અધિકારો અંગેની ઘોષણાને બૂર્ઝવાઓના વ્યક્તિલક્ષી અહંકાર જ ગણાવે છે. તે લખે છે. પ્રસ્તુત ઘોષણાને તે 'અહંકારી વ્યક્તિઓના અધિકારોનો પત્ર' છે તેમ તે કહે છે.

વ્યક્તિલક્ષીતાનો આ વિરોધ એવો છે કે તેમાં ખાનગી મૂડી કે સંપત્તિને કોઈ સ્થાન નથી. સંપત્તિ એકઠી કેવી રીતે થાય છે તે તરફ ધ્યાન ખેંચી માર્કસવાદીઓનું કહેવું એમ થાય છે કે આખરે તો શ્રમિકોના શોષણનું જ પરિણામ હોય છે. આ અંગે વર્ષ ૧૯૭૧નું કવિતાનું નોબલ પારિતોષિક વિજેતા પાબ્લો નેરુદા હિંસાની પણ તરફેણ કરે છે. તે કહે છે, સંસારમાં હિંસાનું ચક્ર ચાલતું જ રહે છે. આ ચક્ર હેઠળ આજે શોષિતો કચડાઈ ગયા છે. તેમને બહાર કાઢવા રહ્યા. પેલા હિંસાના ચક્રને રોકી દેવાથી આ શોષિતો બહાર આવી નહિ શકે. જો ચક્ર આગળ ચલાવીએ તો હિંસા અનિવાર્ય બને છે. આમ હિંસાને સામાજિક ન્યાયના સંદર્ભે પણ વજૂદ પૂરું પાડવાનો પ્રયાસ થયો છે.

વળી આ હિંસા અને ક્રાંતિના સંદર્ભોમાં વ્યાપક સામાજિક લાભના અનુસંધાને બહુજન સમાજના વ્યક્તિ સ્વાતંત્ર્યને સાચવવા વાસ્તે, મૂડીપતિઓના પેલા શોષક એવા મૂડીપતિઓના સ્વાતંત્ર્યનો ભોગ લેવાય તે પણ જરૂરી અને સામાજિક ન્યાય પૂર્વકનું પગલું ગણાય.

### ૩.૩ ફુકોની વૈચારિક ભૂમિકા

ફુકો એક ફ્રેંચ ફિલસૂફ તરીકે જાણીતા છે. તેમણે પોતાની પીએચ.ડી.નું સંશોધન કાર્ય 'ગાંડપણ' ઉપર કર્યું હતું. તેમના થિસિસનો વિષય *'Madness and Unreason: History of Madness in the Classical Age*, 1961 હતો. પોતાના આ સંશોધનમાં ફુકોએ ગાંડપણ અને તર્ક (reason) ના ક્ષેત્રને વૈશ્વિક અને સર્વવ્યાપક એવા વસ્તુલક્ષી વર્ગીકરણમાં વહેંચવાની શક્યતાને નકારી. આ વિધાનો તેના ઇતિહાસ વિષયક સામગ્રીના અભ્યાસ ઉપર આધારિત હતા. આ અભ્યાસ માટે તેણે સત્તરમી અને અઢારમી સદીમાં ગાંડપણ બાબતે સમાજ અને રાજ્યોના વલણો અને જેલ તથા કેદખાના અંગે દર્શાવ્યું કે ગાંડપણ અને ડહાપણ વચ્ચેનો ફરક-એજ ઓફ રીઝન-તર્કબુદ્ધિના યુગની નીપજ છે. આ સંદર્ભમાં તેણે દેકાર્તના 'માઈન્ડ એન્ડ મેટર'ના વિચારોમાં રહેલી ત્રૂટીઓ દર્શાવી. દેકાર્તે વિશ્વની બાબતો અંગે શંકાઓ વ્યક્ત કરી ખરી પણ તે પોતે ડહાપણ ધરાવનાર હતો કે કેમ તે અંગે શંકા કરવાનું બાકી રાખ્યું હતું એવી પણ એક ટીકા છે.

ફુકો 'વર્તમાન ઇતિહાસ' લખવાનો વિચાર આપે છે. તે કહે છે, "The game is to try to detect those things which have not yet been talked about, those things that, at the present time, introduce, show, give some more or less vague indications of the fragility of our system of thought, in our way of reflecting, in our practices," ફુકોના આ વિચાર પાછળનું કારણ એ હતું કે તેના મતાનુસાર આજે જે કાંઈ બને છે તેના મૂળ ભૂતકાળમાં રહેલા છે. માનવીના વ્યક્તિગત વર્તનની બાબતમાં આ સાચું છે તેમ સમાજોના વર્તનની બાબતમાં પણ સાચું છે. દા.ત., બુદ્ધના હીનયાન પંથમાં આ મુદ્દાને વ્યક્તિગત સંસ્કારો રૂપે ઓળખવામાં આવ્યા છે. વ્યક્તિના નિર્ણયો, વલણો વગેરે આ સંસ્કારોની

ભૂમિમાંથી સાંપડતા હોય છે. જો કે બૌદ્ધધર્મ સમગ્ર સમાજના સંદર્ભમાં કોઈ વિશેષ વિચાર આપતો નથી. સમાજ વ્યક્તિઓનો બનેલો છે અને બધી વ્યક્તિઓ સુધરવા માંડે તો સમાજ પણ સુધરે તેવો ખ્યાલ રખાય છે. તો આ રીતે ઇતિહાસનો અભ્યાસ અર્થકારણ, સમાજ અને રાજ્ય જેવા ક્ષેત્રોમાં બનતા બનાવોનું ટીકાત્મક પરીક્ષણ કરવાની ભોંય પૂરી પાડે છે.

૧૯૭૫માં ફુકોએ જેલો અને સજા અંગે એક પુસ્તક-*"Discipline and Punish: The Birth of the Prison"*, પ્રસિદ્ધ કર્યું. આ પુસ્તકનો કેંદ્રવર્તી વિચાર 'સત્તા' હતો. સમાજમાં સત્તા લોકશાહી વડે કે લોકોના હાથમાં હોવાનો કે પછી તે લોકોના ભલા માટે વપરાતી હોવાનો વિચાર જ્ઞાન પ્રકાશયુગની નીપજ હતો. ફુકો તેની સાથે સમંત ન હતો. તેના મતે સત્તા લોકોને શિસ્તમાં રાખવા માટે જ હોય છે. શિસ્તનો ઉપયોગ લશ્કરના આધિપત્યના યુગથી થતો આવ્યો છે. ફુકોએ દર્શાવ્યું કે સત્તરમી સદીથી આ પદ્ધતિ ચાલી આવી છે અને વર્તમાન લશ્કર, સંસ્થાઓ કે નિશાળોમાં પણ તે વ્યાપક રીતે અમલમાં છે. સત્તાને જ્ઞાન અને તેના વિવિધ આયામો સાથે પણ સંબંધ છે. જ્યોર્જ ઓરવેલના પ્રખ્યાત પુસ્તક ૧૯૮૪માં થતી લોકોની જાસૂસી અને તેના 'બીગ બ્રધર'ના ખ્યાલને આ સત્તાની મીમાંસા સાથે પ્રત્યક્ષ સંબધ છે. આ રીતે હાલના સમયમાં પણ અમેરિકા તથા પશ્ચિમી જગત અને ભારતના પણ અનેક બનાવોને યાદ કરી શકાય. ફુકો કહે છે કે આ રીતે સત્તાનો ઉપયોગ કરીને સમાજમાં કરોડરજ્જૂ વગરના-જીહજૂરીયા લોકો પેદા કરી શકાય છે. આવા લોકોને હુકમ કે ઈરાદા પ્રમાણે વાળી કે મરોડી શકાયછે. આથી કરીને વ્યક્તિઓ ઉપર માનસિક કાબૂ મેળવી શકાય છે. આ તર્કને ફુકો ઓર આગળ વધારે છે. તે બતાવે છે કે જો જેલોમાં કેદીઓ ઉપર નજર રાખવા માટે કેમેરા કે અન્ય કોઈ જાસૂસી પદ્ધતિ વાપરવામાં આવે તો આખરે કેટલાક કેદીઓ જ એક બીજાની જાસૂસી કરતા થઈ જશે અને આખરે પેલા કેમેરા વગેરેની પણ જરૂર નહિ રહે. આ રીતે જેલો ગુન્હાખોરી ઘટાડવાનું નહિ પણ નવા પ્રકારની ગુન્હોખરીવાળા સમાજના સર્જનનું કામ કરશે. આ રીતે સત્તાનો ઉપયોગ લોકશાહી અને કલ્યાણ રાજ્ય માટે થતો નથી પરંતુ જીહજૂરીની માનસિકતા પેદા કરીને શાસન ચલાવવા તથા સત્તા ભોગવવા વાસ્તે થાય છે.

અન્ય વિચારોની તુલનાએ ફુકોના વિચારો સમગ્રપણે સાવ અલગ અને ક્રાંતિકારી જણાય તેવા છે. તેણે સમાજ અને સત્તા બાબતે રજૂ કરેલા વિચારો સાથે સમંત થવાનું ઘણાને અઘરું જણાય તે શક્ય છે. આવા વિચારો તેણે જાતીયતા અંગે પણ રજૂ કર્યા છે. આ વિચારને તેણે "sex without the law, and power without the king''-એવા એક સૂત્ર રૂપે રજૂ કર્યા છે.

આ રીતે વિચારનાર માણસ માર્કસના સમાજ અંગેના કે રાજ્ય અને સત્તા અંગેના દર્શનને સ્વીકારે નહિ તે સાવ સ્વાભાવિક છે. આ અંગે રોબર્ટો નીગ્રો (૨૦૦૮) લખે છે, "Throughout his philosophical career as well as his biographical trajectory, Foucault's confrontation with Marx and Marxism was twofold. He rejected Marxism *qua* knowledge inscribed in the rationality of the Western world and sought to show that this knowledge constructed a system of power that he could not but refuse. Any Marxism committed to the system of power was rejected by Foucault. Hence his unease over, and mistrust of, the Marxist discourse dominating his epoch, which appeared to him to be a reverse sign of the same power mechanism. It seems to me that the words accompanying his response to the question, 'What is to be put in place of the system?, clearly convey this orientation: 'I think that to imagine a different system actually still forms part of the system'.

ફુકોનું દર્શન અનેક ક્ષેત્રોમાં વિસ્તરેલું છે. તે લાંબા સમય સુધી મનોવિજ્ઞાની તરીકે જ ઓળખાયો હતો કારણ કે તેણે 'ગાંડપણ'નો અભ્યાસ કર્યો હતો. તેણે જેલ અને સત્તાના ક્ષેત્રો તથા નૃવંશશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો. તેની મુખ્ય ચિંતા માનવ અંગેની છે. માણસ ભૂતકાળનું

સર્જન છે ? માણસને માત્ર નૃવંશશાસ્ત્રના દર્શનાત્મક પાસા સુધી સીમિત કરી શકાય ? માણસ ઉપર તેની સંસ્કૃતિની અસરો વગેરે અનેક પાસાંને જોડતા જવાની તેની સમજમાંથી તેનું દાર્શનિક વિચાર તંત્ર ઊભું થયું છે. આ વિચારોમાં તેને નિત્ઝેની માણસ અને ઈશ્વર વિષયક વિચારણાનો પણ પ્રભાવ અનુભવ્યો છે.

### ૩.૧ માર્કસ સાથેનો વૈચારિક વિરોધ

ફુકોના વિચારોનો સમય ૧૯૭૦થી શરૂ થાય છે. આ સમયની રાજકીય, આર્થિક અને બૃહદ એવી સાંસ્કૃતિક ગતિવિધિઓની અસર ફુકોના વિચારો ઉપર પડી છે. ૧૯૬૫-૬૬ના ફ્રાંસમાં સમાજવાદી વિચારો તરફ ઝુકાવ વધ્યો હતો. સોબોર્ન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સાર્ત્રનો ટેકો મળ્યો હતો. તે પહેલા પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ પછીનું યુરોપ અનેક પ્રકારની ગડમથલોમાં ગુંચવાયેલું હતું. સોવિયત સંઘ અને પૂર્વ યુરોપના દેશોમાં માર્કસના વિચારો પ્રમાણેનું સ્વર્ગ આવવામાં નડતી મુશ્કેલીઓનું પણ પૃથક્કરણ ચાલતું હતું. રાજ્ય, સત્તા, લોકશાહી, અર્થતંત્ર તથા માણસના અનુસંધાનો વિશે અગાઉના જુદી જુદી વિચારધારાઓના ચિંતકોએ રજૂ કરેલા વિચારોની સામે નવા વિચારો પ્રગટ થતા હતા. કોઈકને ફુકો આ સંદર્ભમાં અરાજકતાવાદી જણાય તે પણ સંભવ છે.

ફુકોના લખાણોમાંથી ત્રણ મુખ્ય વિચારક્ષેત્રો સાંપડે છે, તે આ પ્રમાણે છે :

ક. આધિપત્ય - Domination

ખ. દિશા - Direction

ગ. સરકાર - Government

ફુકો આધિપત્ય ધરાવતી કે ધરાવવા મથતી શાસનપ્રથાની સામે છે. આ હિસાબે જો તે બીજા વિશ્વયુદ્ધના ગાળામાં જન્મ્યો હોત તો હિટલરશાહી અને ફાસીવાદનો વિરોધી હોત. રાજ્યનું તંત્ર લોકો ઉપર જોહૂકમી કરે અને સત્તાનો ઉપયોગ વ્યક્તિસ્વાતંત્ર્યને ગુંગળાવવામાં કરે તે તેને કબૂલ ન હતું. રાજકીય ફિલસૂફીના ક્ષેત્રમાં જેને 'રાઈશીયન હાયપોથિસીસ' કહેવામાં આવે છે તેની સામે તે વૈચારિક ભૂમિકાએ વિરોધમાં હતો. (હિટલરના સામ્રાજ્યને 'થર્ડ રાઈશ' કહેવામાં આવે છે-'રાઈશ' એટલે સામ્રાજ્ય.

પણ ફુકો આ કાર્ય માત્ર કર્મશીલતાની ભૂમિએ સધાય તેમ માનતો ન હતો. વધુ તો વૈચારિક ભૂમિકાએ-જ્ઞાનના ક્ષેત્રે તેનો વિરોધ કરીને માત્ર માર્કસના વિચારોનો જ વિરોધ નથી કરતો. તેથી વધુ તો તે વૈચારિક કક્ષાએ સાર્વત્રીકરણ સાધીને ઘણા વ્યાપક અને સર્વદેશીય તથા સર્વકાલીય ફલક ઉપર પોતાનું વૈચારિક પ્રદાન કરે છે. આથી તે તર્ક-રીઝન અને અતર્ક, વાસ્તવ અને ભ્રમણા-રીયાલિટી અને ઇલ્યુઝન, વૈજ્ઞાનિક અને અવૈજ્ઞાનિક વગેરે પ્રકારના વિચારક્ષેત્રોને એક સાથે સાંકળીને પોતાનું દર્શન રજૂ કરે છે. તેના વિચારોના આધાર તરીકે ગાંડપણ, સત્તા, જેલ વગેરેના વાસ્તવિક અનુભવોને તે સાંકળે છે. આ સંદર્ભમાં એક મહત્ત્વનો મુદ્દો આ રીતે ગોઠવી શકાય :

ડોમિનેશન-આધિપત્ય દ્વારા વાસ્તવ અને ભ્રમણા વચ્ચેનો તફાવત ભુલાવી દઈ શકાય. ગુજરાતમાં તાજેતરમાં પ્રાથમિક શિક્ષણમાં વધારાના વાંચન તરીકે વહેંચવામાં આવેલા દીનાનાથ બત્રાના પુસ્તકો દ્વારા આધિપત્યનો (અને સત્તાનો) ઉપયોગ કરીને સત્ય અને ભ્રમણા વચ્ચેનો ભેદ ભૂંસી નાખવાનો પ્રયાસ થયો જ છે ને ! શર્મિલા ઈરોમનો અનુભવ કે પછી કાશ્મીરના લોકોના વાસ્તવિક અનુભવો સરકાર, તેના આધિપત્ય તથા તેની રાઈશીયન મનોવૃત્તિ દાખવે છે. આ અંગે બાલીબાર (૧૯૯૩) લખે છે, 'Freudo-Marxism is an *inversion* of the values expressed by powerful institutional apparatuses. It inspires contestation in these apparatuses, struggles whose importance Foucault acknowledges. But the main thing for him is to ponder the extent to which they really break with the discursive formation that they denounce.'

### ૩.૨ સામાજિક પરિવર્તન અને અસ્તિત્વની ક્રાંતિ

ફુકોના દર્શનમાં સામાજિક પરિવર્તન અને માનવ અસ્તિત્વના ક્ષેત્રે આવેલા ક્રાંતિકારી ફેરફારોની અસરો પ્રતિબિંબિત થતી દેખાય છે. ૧૯૭૫ પછીના વરસોમાં ફુકોના પૃથક્કરણમાં એક તરફ સરકાર અને સમાજ તથા

બીજી તરફ વ્યક્તિત્વના મુક્ત જીવનના સંઘર્ષો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ફુકો માર્કસના ક્રાંતિના વિચારોમાં યુટોપિયાની સ્વત સિદ્ધતાની સામે વાસ્તવના અનુભવો નોંધે છે. સમાજમાં સંસ્થાઓ, જેલ, નિશાળ, ધાર્મિક મઠો, વગેરેમાં પણ શિસ્તના બહારી ખ્યાલ હેઠળ વ્યક્તિસ્વાતંત્ર્યને રુંધવામાં આવે છે. દા.ત., ભારતની નિશાળોમાં ભણતા બાળકો પૈકી ૯૯.૬૩ ટકા બાળકોએ શિક્ષકોનો માર ખાધો હોય છે એમ એક અભ્યાસ જણાવે છે.[૪] ફુકો કહે છે કે શિસ્ત જેવા ખ્યાલોની બાબતમાં સત્તા તેમ જ જ્ઞાન જેવા સાધનોનો પણ ઉપયોગ થાય છે. ખરેખર તો વ્યક્તિસ્વાતંત્ર્યની સામે જ્ઞાન અને સત્તા પરસ્પર જોડાયેલા રહે છે.

સવાલ એ થાય છે કે ફુકોના આ વિચારો, જેને એક સ્થૂળ અર્થમાં 'નીઓ લિબરાલિઝમ', 'મૂડીવાદ' અને વૈશ્વિકીકરણની સાથે જોડી શકાય, તેની સાથે બંધ બેસતા થાય છે ખરા ? આ સંદર્ભમાં વૈશ્વિકીકરણ અને તેના જાગતિક અનુભવો વિશે વિચાર કરવો જોઈએ.

**૪.૦ વૈશ્વિકીકરણ**

વૈશ્વિકીકરણના તાજેતરના પ્રવાહોનો પ્રારંભ રેગન-થેચર દ્વારા થયો. આંતરિક અર્થતંત્રોમાં બજેટની ખાધ દૂર કરવી અને આંતરિક દેવાને કાબૂમાં રાખવા જેવા પગલાથી શરૂ થઈને આ વ્યવસ્થા WTO, TRIPS, Free Floating Excahnge rate, વગેરે ઉપરાંત સબસિડીની નાબૂદી. આવકો ઉપરના કરવેરા ઘટાડવા, ખાધપૂરવણી બંધ કરવી વગેરે અનેક પ્રકારના નટ-બોલ્ટસનો ઉપયોગ કરે છે. કોઈપણ દેશે જો વૈશ્વિકીકરણના વાતાવરણમાં ટકી રહેવું હોય તો તમામ ક્ષેત્રોના-વસ્તુ બજાર, સેવા બજાર અને સાધન બજારના પરિબળોને મુક્ત રીતે પનપવા દેવા પડે. આમ મજૂરની મજૂરી માંગ અને પુરવઠાના પરિબળો દ્વારા નક્કી થશે. વ્યાજના દર મૂડી માટેના માંગ અને પુરવઠા દ્વારા નક્કી થશે. જમીનના ભાવ હોયકે પીવાનું પાણી, સોના-ચાંદી હોય કે ડોલર કે પછી કાંદા બટાકા-બધાની કીંમતો માગ અને પુરવઠા દ્વારા નક્કી થાય. આથી આર્થિક સંસાધનોનો ઈષ્ટતમ ઉપયોગ અને વિનિયોગ થશે. આથી આખરે ઓછામાં ઓછા ખર્ચે સારામાં સારું ઉત્પાદન થશે. આમ વૈશ્વિકીકરણ માટે આખરે ખાનગીકરણ અને ઉદારીકરણ આવશ્યક શરતો બને છે.

ફુકોનો સંદર્ભ ગોઠવીએ તો જણાશે કે અહીં વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર પુષ્કળ ભાર છે. વ્યક્તિ પોતાની સમજ અને માહિતી અનુસાર યોગ્ય શિક્ષણ લેશે અને પોતાનું સારામાં સારું પ્રદાન કરશે. આથી સમાજ આખો અત્યંત કાર્યક્ષમતાપૂર્વક ચાલશે. ગ્રાહકોને ઓછામાં ઓછા ખર્ચે સારામાં સારું મળશે. તાજેતરનો દાખલો લઈએ તો-જો લોકોને ઈન્ટરનેટ મારફત સસ્તામાં સસ્તો માલ મળે તો દુકાનોમાંથી ખરીદી નહિ કરે. આથી દુકાનોવાળા બેકાર થઈ જશે તો શું-તેવો પ્રશ્ન જ અસ્થાને છે. તે ચાની કિટલી કરે કે જૂતા પોલીશ કરે કે પછી ભીખ માંગે-આ અર્થશાસ્ત્ર કહે છે કે સૌ પોતપોતાની આવડત કે ક્ષમતા પ્રમાણે ગોઠવાઈ જશે.

વૈશ્વિકીકરણ ધરાવતા આ નવ્ય મૂડીવાદમાં ગરીબોને પણ ચિંતા કરવાની જરૂર નથી. નિત્ઝેથી લઈને મિલ્ટન ફ્રીડમેન સહિતના ફિલસૂફો અને અર્થશાસ્ત્રીઓ દયા, દાન અને આ પ્રકારની માનસિકતાના સમર્થકો નથી. તેમનો તર્ક 'Trickle Down' નામના સિદ્ધાંતનો આધાર લે છે. તેનો અર્થ એ છે કે સમાજમાં ધનપતિઓ જે નવું ઉત્પાદન કરશે તે એક પ્રવાહમાં ફરતું ફરતું અને વરસાદી પાણીની જેમ ઝમતું ઝમતું અર્થતંત્રના છેક છેવાડાના આદમી અને ઓરતના ઘર સુધી પહોંચશે. આદમ સ્મિથે જેને 'અદશ્ય હાથ' ગણાવ્યો છે તે આ રચના છે.[૫]

આ તર્કનો સાર એ છે કે રાજ્યે કોઈ દખલગીરી કરવાની જરૂર નથી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ બુશ કહે છે તેમ 'Greed is a Virtue.' રાજ્યે રોબિનહૂડ થવાની જરૂર નથી. ધનિકો અને ગરીબોને પોતપોતાની સમજ અને આવડતના આધારે છોડી દેવાથી આર્થિક વૃદ્ધિ ઝડપી થશે અને વહેંચણી પણ આપોઆપ જ થશે. આમ માર્કસના શોષણના વિચારનો અહીં છેદ ઊડી જાય છે.

ફુકો તો વ્યક્તિસ્વાતંત્ર્યમાં માનનારો કે તેનો પુરસ્કાર કરનારો ચિંતક છે. આથી અર્થવ્યવસ્થાના ઉદારમતવાદી

પાસાનો હિમાયતી હોય તે સ્વાભાવિક છે. પરંતુ પાયાનો સવાલ એ છે કે ગરીબો સ્વતંત્ર હોઈ શકે ખરા એ? મુક્ત બજાર વડે ઉત્પાદનમાં વધારો થાય તોપણ તેનાથી ઉચિત વહેંચણી થતી નથી તે એક વ્યાપક અને જાગતિક અનુભવ છે. આ અહેવાલ આર્થિક બરડતા-'vulnerability' ના મુદ્દાને લક્ષમાં રાખીને નોંધે છે કે વૈશ્વિકીકરણના ફલસ્વરૂપે આર્થિક વૃદ્ધિ થવા છતાં સમાજના જે નબળા જૂથો છે તે ગમે ત્યારે ફરી પાછા ગરીબ પણ બની શકે છે. આ વાસ્તે તે લાઈફ ટાઈમ અર્નિંગની જેમ લાઈફ ટાઈમ વલ્નરેબિલિટીનો ખ્યાલ આપે છે.

બીજી બાજુ એવું જોવા મળે છે કે આર્થિક વૃદ્ધિની સાથોસાથ રોજગારીમાં પૂરતી વૃદ્ધિ થઈ શકી નથી. પશ્ચિમ યુરોપના ઘણા દેશોમાં ૧૮-૩૦ વર્ષની ઉંમર ધરાવતા લોકોના લગભગ ૨૪ ટકા યુવાનો વર્ષોથી બેકાર છે. વળી આ નવ્ય મૂડીવાદના અર્થતંત્રો સ્થિરતા સાથે વૃદ્ધિ કરી શકતા નથી. 'ટાઈમ' મેગેઝીન (૯-૧૨-૨૦૧૪), જણાવે છે કે અમેરિકામાં ગરીબી અગાઉ ૧૪ ટકા હતી તે હવે વધીને વીસ ટકા થઈ છે. આ વાસ્તે મુખ્યત્વે માનવ શ્રમના ઉપયોગને ટાળતી નૂતન અને વધુ નૂતન બનતી જતી ટેકનોલોજીને જવાબદાર ગણવામાં આવે છે. જો કે ૨૦૦૮ જેવી મંદીનો-મૂડીવાદમાં અંતર્નિહીત એવા વ્યાપરચક્રોનો ફાળો પણ નાનોસૂનો નથી. માર્ક્સે ટેકનોલોજીના પરિવર્તનોની માનવશ્રમના સમુચ્ચય ઉપરની અસરોની મીમાંસા કરી જ છે જે આ લેખમાં અગાઉ નોંધ્યું છે. આ ગણતરીમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ પ્રકારના લાભ ગણ્યા પછી પણ બેકારીની ટકાવારી ઊંચી જ રહે છે. વળી ભારત જેવા દેશમાં શ્રમ અંગેના કાયદાઓના પાલનમાં વર્તાવાતી શિથિલતા, શ્રમિકોની પોતાની અપૂરતા કે પછી સાવ જ નિરક્ષરતાની સ્થિતિ, સંગઠનનો અભાવ વગેરે જેવા કારણોસર બેકારી એક વિશેષ પ્રકારની વિકટતા ધારણ કરે છે. વળી ભારતમાં નેવું ટકાથી વધુ રોજગારી અસંગઠિત ક્ષેત્ર દ્વારા પૂરી પડાય છે. આથી તેમના વેતનદરોમાં માલિકો દ્વારા મનમાની કરાતી હોવાની પણ ઘણી ખબરો આવે છે. આ ઉપરાંત દેશમાં ચાલતા વ્યાપક ભ્રષ્ટાચારને લીધે મનરેગા જેવી સરકારી યોજનાઓમાં પણ મજૂરોને મળતા વેતન નિર્ધારીત ધોરણો અનુસારના હોતા નથી.

મૂડીવાદી અર્થતંત્રોમાં આવતા ઉતારચઢાવને કારણે પણ ગરીબીમાં અને જીવનધોરણમાં મોટા ફેરફારો આવતા હોય છે. હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ્સમાં દર્શાવેલું 'રેઝીલિયન્સ' આ કારણે જાળવી શકાતું નથી. હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ (૨૦૧૪)માં આ વાત વિગતો સાથે ચર્ચાઈ છે. આ સંદર્ભમાં ફુકો અને માર્ક્સ માટેનો સવાલ એ છે કે માનવ સ્વાતંત્ર્ય અને સ્થિરતા જાળવીને સમાજ માટે સુધરતું જતું જીવન શક્ય છે ? તે સિદ્ધ કરવા માટે સમાજ, રાજ્ય અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની જરૂર ખરી કે નહિ ? આ બાબતો સિદ્ધ કરવા વાસ્તે કેવી વૈચારિક ભૂમિકા અને કેવી નીતિઓની જરૂર પડે ? તે કયા પ્રકારની સત્તા, શાસન વ્યવસ્થા અને સંસ્થાઓને જરૂરી ગણે ? આ સમગ્ર વિચારમાં ફુકોના સત્તા અને માર્કસના બૂર્ઝવાના અહંકારોને કેવી વૈચારિક ભૂમિકા અને વિમર્શમાં ગોઠવી શકાય ?

વૈશ્વિકીકરણની નીતિઓ તથા તેના વાસ્તવિક અમલની સામે અનેક સમાજોમાં ખુદ લોકશાહી શાસન વ્યવસ્થા સામે અને લોકશાહી રાજકીય ફિલસૂફી બાબતે સવાલો ઊઠ્યા છે. આર્થિક અસમાનતા, રાજ્ય અને ઉદ્યોગગૃહો તથા ધર્મસંસ્થાઓના મેળાપીપણાને કારણે આ વ્યવસ્થાના ભીતરી મૂલ્યો બાબતે અનેકવિધ સવાલો ઊભા થયા છે. એક એવા પ્રકારની વ્યવસ્થા નિપજી રહી હોય તેમ જણાય છે કે જેમાં વંચિતતા અને શોષણ વ્યાપક બનીને વિસ્તરતા જાય છે. શોષણનો આ નૂતન પ્રકાર સાંગોપાંગ માર્કસનો ચિંતવ્યો ન પણ હોય અને તેથી તેમાંથી કોઈ નિર્ધારિત ઉકેલ ન પણ સાંપડે.

બીજી તરફ પર્યાવરણીય બાબતો પણ હવે ગંભીર બની ચૂકી છે. અર્થશાસ્ત્રીઓની સમજ જ્યારે હજુ પૂરી વિકસી ન હતી ત્યારે હવા, પાણી વગેરેને માગ કરતા વધુ પુરવઠો ધરાવનાર અને તેથી 'ફ્રી ગુડ્ઝ' ગણવાનો રિવાજ ઊભો થયો હતો. હવેના ઉદ્યોગો પણ આ સઘળું લગભગ મફત મળે તે માટે લોકશાહી વડે ચૂંટાઈને આવનારા લોકો ઉપર તેમજ નોકરીશાહી ઉપર

લાંચરુશ્વતથી માંડીને અનેક પ્રકારના દબાણો અને ગોઠવણો ઊભા કરે છે. આ વ્યવસ્થામાં લોકશાહી, શોષણ, લિબર્ટી વગેરેના સંદર્ભો જ બદલાઈ જાય છે. આથી જૂના શબ્દો અને વિચાર કે વિમર્શના ઉપક્રમો દ્વારા જે વ્યક્ત થાય છે તે અગાઉની તુલનાએ અલગ જ માયનો ધરાવે છે. આ સંદર્ભમાં નીગ્રો આ પ્રમાણે જણાવે છે : ''The relationship between power and knowledge is central to Foucault's work. *Discipline and Punish* essentially charts the reorganization of the power to punish, and the development of various bodies of knowledge (the human sciences) that reinforce and interact with that power. The modern power to punish is based on the supervision and organization of bodies in time and space, according to strict technical methods: the modern knowledge that Foucault describes is the knowledge that relates to human nature and behavior, which is measured against a norm. Foucault's point is that one cannot exist without the other. The power and techniques of punishment depend on knowledge that creates and classifies individuals, and that knowledge derives its authority from certain relationships of power and domination."

અહીં ગાંધી વિચારની પણ ઉપેક્ષા કરી શકાય તેમ નથી. માણસને સમાજપૂરક નીતિ આચરનાર તરીકે ઉપસાવવામાં આવે અને આખો સમાજ તથા રાજ્ય રચના પણ આ પ્રકારની હોય તે એક 'યુટોપિયા' હોવા છતાં તેનું એક વિમર્શલક્ષી મૂલ્ય અથવા વજૂદ ઊભું થાય છે. તાજેતરના લખાણો દ્વારા અરુણ માયરાએ આ પ્રકારના વિચારો રજૂ કર્યા છે. અરુણ માયરા હમણાં જ આટોપી લેવાયેલા આયોજન પંચના સભ્ય હતા અને વિવિધ લેખો અને પુસ્તકોમાં હાલના વૈશ્વિકીકરણ તથા બજારવાદના વિકલ્પે ઉદ્યોગોના ટ્રસ્ટીશીપનો અને કોરપોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટિના અસરકારક ઉપયોગની તેમણે હિમાયત કરી છે.[૬]

**૫.૦ સમાપન**

આ સમગ્ર ચર્ચાનો ઉપક્રમ વર્તમાન ઢબોના વૈશ્વિકીકરણ અને તેના આર્થિક તથા સામાજિક બનાવોને વૈચારિક વિમર્શના સંદર્ભમાં મૂકવાનો રહ્યો છે. ક્રોની મૂડીવાદના વૈશ્વિક વાતાવરણમાં આર્થિક વૃદ્ધિની ભ્રમજાળ અને દિવાસ્વપ્નોમાં રાચતા સમાજે થોડાક વધુ ગંભીર બનીને સમાજવાદ, મૂડીવાદ, બજાર, વ્યક્તિસ્વાતંત્ર્ય, લોકશાહી, સમાનતાલક્ષીતા વગેરે પાસાંઓમાંથી જન્મતી નીતિઓ તથા વહીવટી સંરચનાઓને વિગતે અને ઊંડાણથી તપાસતા રહેવાની જરૂર છે. 'ઈટરનલ વિજિલન્સ ઈઝ ધ પ્રાઈસ ઓફ લિબર્ટી' એ વિધાન નાગરિકી નિસ્બત માટે એક મોટા પડકારરૂપ બાબત બની ચૂકી છે.

વિકાસનો સમગ્ર મુદ્દો લોકરંજક અને સત્તાપરસ્ત બનતો ગયો છે. ક્યારેક તો ખરેખર વિકાસ થયો છે કે કેમ અને થયો હોય તો કેટલો અને કેવો, તે અંગે વાજબી સવાલો ઊઠ્યા છે.[૭] મજૂર કાયદાઓ, શિક્ષણ વ્યવસ્થા, સામાજિક આંતરમાળખાકીય વ્યવસ્થા, પર્યાવરણ, શોષણ એમ ભિન્નભિન્ન જણાતા મુદ્દા આખરે એકત્ર થઈને માનવ જીવન ઉપર જે અસર નિપજાવી રહ્યા છે તે સ્થિરતા અને શાંતિ સાથેના માનવ જીવન સામે મોટા ખતરારૂપ બની ગયા છે.

વર્તમાન સમયના આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક જેવા અનેક અન્ય પ્રકારના પ્રવાહોનું એકસાથે અવગાહન કરવાથી જે કુલ પરિસ્થિતિ સામે આવે છે તે વિવિધ પ્રકારના હિત અને સત્તાના સંઘર્ષ સૂચવે છે. વર્તમાન વિશ્વમાં અત્યંત ઝડપથી બદલાતી જતી ટેકનોલોજી, પર્યાવરણીય સમસ્યા અને આર્થિક અસ્થિરતાના કારણે વ્યવસ્થા અને નીતિઓના આયામો પણ બહુ ઝડપથી બદલાતા રહે છે. આ કુલ સંદર્ભમાં માર્કસની શોષણ સામેની ચિંતા, ફુકોના સત્તા, જ્ઞાન, સ્વતંત્રતા અને આધિપત્ય અંગેના વિચારો અને ગાંધી વિચારની ભૂમિકાને વૈશ્વિકીકરણના પ્રવાહો સાથે સાંકળીને જોતા જણાય છે કે આવનારો સમય એક મોટા વૈચારિક જુવાળનો બની જઈ શકે તેમ છે.

## વિશેષ નોંધ

૧. ગુજરાત સામાજિક સેવા મંડળના વાર્ષિક અધિવેશનમાં તા. ૨૨-૧૧-૨૦૧૪ના દિવસે પ્રસ્તુત વક્તવ્ય.
૨. જુઓ, સાગર રબારી (૨૦૧૪), લખન મુસાફીર (૨૦૧૪)
૩. રોહિત શુક્લ, ૨૦૧૧, ૨૦૧૩ અને ૨૦૧૪
૪. જુઓ રોહિત શુક્લ (૨૦૧૪) 'અભિદૃષ્ટિ'
૫. ઉત્તમ પરમાર (૨૦૧૧)
૬. જુઓ રજની દવે, ૨૦૧૪
૭. જુઓ, હેમંતકુમાર શાહ (૨૦૧૪)

## સંદર્ભ


- Althussar, (1968), *"Philosophy as a Revolutionary Weapon",* Translated (1971), First Published in L'Unita. 'Structure of Theory, New Left Review.
- Balibar A., (1993) in Critical Companion, as quoted in Bidet, Jacques and Stathis Kouvelakis, (2008) ed. *'Critical Companion to Contemporary Marxism'* Historical Materialism -16, Brill, Leiden-Boston.
- Fukoyama F., (1992), "The End of History and the Last Man", The Free Press, New York.
- Faucoult (1969), Translated by, A.M. Sheridan, *"The Archeology of Know/edge",* Smit, Kondon, Tavistock.
- Galbraith J.K. (1967), The New Industrial State", Princeton University Press, Princeton.
- Kouvelakis, (2008) pp. 647-662.
- Human Development Report, (2014), *Sustaining Human Progress, Reducing Vulnerability and Building Resistance", UNDP* Oxford, New York.
- Marx and Engles, (1882), *"Socialism, Utopian and Scientific",* ch.lll. *op.cit* Bidet, Jacques and Stathis Kouvelakis, (2008)
- Marx ( i *30&)Grundrisse*
- *http://www. marxists. om/archive/marx/owrks/1 845/german ideology/ htm.*
- *"Thesis on Feurbach",* in Lawrance and Wishart, *"The German Ideology" ,(1938),*
- Negro R., (2008) in Bidet and Kouvelakis, *op.cit*
- Nitzsche, F. (1874), *"On the Uses and Disadvantages of History for Life",* Translated by, R.Hollingdale, Cambridge University Press, Cambridge.
- Preve, Costanzo, (1990) op.cit., Bidet, Jacues and Stathis Kouvelalkis, (2008)
- Orwell, G., (1945), 'The Animal Farm : A Fairy Tale', Sackers and Warburg London. (1948), '1984', Sackers and Warburg London. 'Time,' e-edition, 9-12-2014.
- ઠાકોર ગૌતમ, (૨૦૧૪) 'કેગના આયનામાં ક્યાં છે ગુજરાતમાં સુશાસન ?' પી.યુ.સી.એલ. અમદાવાદ.
- પરમાર ઉત્તમ, સં. (૨૦૧૧), 'વૈશ્વિકીકરણનાં વહેણ અને વમળ : મારી નજરે', કીમ એજ્યુકેશન સોસાયટી, કીમ
- મુસાફીર લખન, (૨૦૧૪), 'નર્મદા વિસ્તાર : યાત્રાધામ કે પ્રવાસધામ ?' યજ્ઞ પ્રકાશન, વડોતરા, ૨૦૧૪
- રજની દવે (સં.) 'આવો નવી દુનિયા બનાવીએ', યજ્ઞ પ્રકાશન, વડોદરા, ૨૦૧૪

# આમ્રપાલીબહેન મર્ચંટ : એક કર્મશીલ સમાજશાસ્ત્રી (૧૯૪૮-૨૦૧૪)

- આનંદ આચાર્ય*

વિદ્યાર્થીઓ આદરથી જેમને 'મેડમ' અને સાથી અધ્યાપકમિત્રો 'બહેન' કહીને બોલાવતા એવા ગુજરાતની ચોથી પેઢીના સમાજશાસ્ત્રી આમ્રપાલીબહેનનો જન્મ તા. ૫-૧૨-૧૯૪૮ના રોજ મહારાષ્ટ્રના પૂનામાં થયો હતો. આમ તો તેઓનું મૂળ વતન કડી, પરંતુ પંદરેક પેઢી પહેલાં તેમના વડવાઓ મહારાષ્ટ્રના પૂનામાં સ્થાઈ થયા હતા. પિતા મહેન્દ્રભાઈ અને માતા નીલમબહેનની ચાર દીકરીઓ અને એક દીકરો એમ પાંચ સંતાનોમાં તેઓ સૌથી મોટાં હતાં. તેમના પિતા પૂનામાં સરકારના એક્સાઈઝ વિભાગમાં સુપ્રિટેન્ડન્ટ તરીકેનો ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા. આ નોકરી બદલીપાત્ર હોવાથી જીવન દરમિયાન તેમને જુદા જુદા ઘણા શહેરોમાં રહેવાનું થયું હતું. આમ્રપાલીબહેનના જીવનના શરૂઆતના ૧૦-૧૧ વર્ષો પૂના અને મુંબઈમાં વીત્યા. થાણામાં ઘરની બાજુમાં આવેલી શાળા 'આર્ય ક્રીડામંડળ'થી તેઓના પ્રાથમિક શિક્ષણનો આરંભ થયો. એ સમયે તત્કાલીન વડાપ્રધાનશ્રી જવાહરલાલ નેહરુની ઉપસ્થિતિમાં દાદરની એક શાળામાં પ્રજાસત્તાક દિન નિમિત્તે યોજાયેલ ધ્વજવંદનના કાર્યક્રમમાં તેઓએ સૌ પ્રથમ વખત ટૂંકું પ્રવચન કર્યું હતું. પિતાની થાણાથી મુંબઈ બદલી થતા તેઓ તાડદેવ વિસ્તારના સોનાવાલા ખાતે રહેવા આવ્યા. અહીં મરાઠી માધ્યમમાં ચાલતી શાળામાં તેઓનું શિક્ષણ આગળ વધ્યું. સાથે સાથે જૈન પાઠશાળામાં ધર્મના પાઠો પણ ભણવા લાગ્યા.

સને ૧૯૫૯માં પિતાની મુંબઈથી પાલનપુર બદલી થતા તેઓ ગુજરાત આવ્યા. એ સમયે તેઓ છઠ્ઠા ધોરણમાં હતા. પાલનપુર એકાદ વર્ષ રહ્યા બાદ ત્યાંથી પ્રાંતીજ અને પ્રાંતીજથી અમદાવાદ આવવાનું થયું. અમદાવાદમાં વનિતા વિશ્રામમાં અભ્યાસ આગળ વધ્યો. શાળામાં અભ્યાસની સાથે સાથે તેઓ બેડમિંટન, ખો ખો જેવી રમતગતમની પ્રવૃત્તિઓમાં પણ સક્રિયપણે ભાગ લેવા લાગ્યા. નવમું ધોરણ તેમના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ રહ્યું હતું. આ વર્ષે જ તેઓ સર્વોદય ચળવળ સાથે સંકળાયેલી તરુણ શાંતિસેના સાથે જોડાયા અને જયપ્રકાશ નારાયણ, નારાયણ દેસાઈ સાથે ઘણાં કેમ્પ કર્યા.

નાનપણથી જ આમ્રપાલીબહેનને વાંચનમાં વિશેષ રુચિ હતી. એ સમયે અમદાવાદમાં બ્રહ્મપુરી પોળમાં એમનાં ઘરની બાજુમાં જ રતનપોળના નાકા પાસે એક લાઈબ્રેરી હતી. એમની વાંચવાની રુચિને આ લાઈબ્રેરીએ પુષ્ટિ આપી. લાઈબ્રેરીના સભ્ય થયા પછી એક જ મહિનામાં તેમણે ૪૫ જેટલા પુસ્તકો વાંચ્યા હતા. પોતાની એ જૂની સ્મૃતિઓનું સ્મરણ કરતાં તેઓ કહેતા, 'એ સમયે મને નવલકથા વાંચવાનો ચસકો લાગી ગયો હતો. ગુણવંતરાય આચાર્ય, કનૈયાલાલ મુનશી જેવા સાહિત્યકારોની કૃતિઓ વાંચવાની મને ખૂબ મજા પડતી. વળી, એ સમયે મને જે પૈસા વાપરવા મળતા તેમાંથી બચત કરીને હું પુસ્તકો ખરીદતી અને આમ કરતાં કરતાં મારી પોતાની જ એક સરસ લાઈબ્રેરી તૈયાર થઈ ગઈ. પોળમાં જેને પણ વાંચવાની રુચિ હતી તેઓ મારી લાઈબ્રેરીમાંથી પુસ્તકો વાંચવા લઈ જતા. પ્રત્યેક વાચકની વિગતો માટે મેં એક ચોપડો તૈયાર કર્યો હતો, જેથી કયું પુસ્તક કોણ વાંચવા લઈ ગયું છે તેનો ખ્યાલ રહે અને પુસ્તકો પણ સમયસર પરત મળી જાય. પુસ્તકો મને એટલા બધા વહાલાં કે તમે મારા પૈસા લઈ ગયા હોવ ને મને પાછા ન આપો તો ચાલે, પરંતુ પુસ્તક પાછું ન આપો તે મને ન પરવડે. આનાથી મને બીજો એક ફાયદો એ થયો કે પોળમાં બધા જ મારા મિત્રો બની ગયા અને મારી ગુજરાતી ભાષા સુધરી.' વાંચનથી આમ્રપાલીબહેનનું જ્ઞાનાત્મક જગત સમૃદ્ધ થવા લાગ્યું. સાતમા ધોરણમાં શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ 'બીજી પંચવર્ષીય યોજના' વિષય પર વક્તવ્ય આપ્યું અને આ સ્પર્ધામાં પ્રથમ આવવા બદલ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્ર દેસાઈના હસ્તે 'નેશનલ સેવિંગ સર્ટિફિકેટ' આપી બિરદાવવામાં આવ્યાં.

* એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત કૉલેજ, અમદાવાદ

શાળાકીય અભ્યાસ પૂર્ણ કરી ૧૯૬૪-૧૯૬૫ના વર્ષમાં આમ્રપાલીબહેને અમદાવાદની પ્રકાશ આર્ટ્સ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ મેળવ્યો. ૧૯૬૫માં તેઓએ પ્રકાશ કૉલેજમાંથી ગુજરાત કૉલેજમાં પ્રવેશ લીધો. બી.એ.માં સૌ પ્રથમ તેમણે અંગ્રેજી ભાષાને મુખ્ય વિષય તરીકે પસંદ કરી હતી, પરંતુ તેમને રસ તો માનવસમાજને સમજવામાં હતો. તેમને લાગ્યું કે સમાજશાસ્ત્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાથી જ માનવસમાજને અને સામાજિક સંબંધોના તાણાવાણાને યોગ્ય રીતે સમજી શકાશે. આવા મંથનને અંતે તેઓએ સમાજશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે પસંદ કર્યો. એ સમયે ગુજરાત કૉલેજમાંથી તેઓએ ડૉ. હરીશ દોશી અને તરલિકાબહેન કાપડિયા પાસેથી સમાજશાસ્ત્રનું સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવ્યું. ગુજરાત કૉલેજમાં અભ્યાસની સાથે સાથે તેઓ એન.સી.સી.માં વિશેષ સક્રિય રહ્યાં હતા. કૉલેજના બે વર્ષમાં તેઓ એન.સી.સી.ના આઠ કેમ્પમાં સહભાગી થયા હતા. એન.સી.સી.માં જ્યારે આર.ડી.સી. પરેડ માટે તેમની પસંદગી થઈ ત્યારે કૉલેજના પ્રિન્સિપાલ શ્રી ગુલાબભાઈ નાયકે તેમને 'કૉલેજ કલર' એવોર્ડ અને બ્લેઝર આપી અભિનંદન પાઠવ્યા હતા. કૉલેજમાં અભ્યાસની સાથે સાથે કરાટે પણ શીખ્યા. આ સમય દરમિયાન જ એમના પપ્પાના માસીના દીકરાની બે દીકરીઓની દીક્ષાનો પ્રસંગ યોજાયો હતો. આ પ્રસંગથી તેઓએ પણ દીક્ષા લેવાનું નક્કી કર્યું હતું, પરંતુ પછીથી એ વિચાર પડતો મૂક્યો. હંમેશાં કુર્તા-પાયજામાના સાદગીપૂર્ણ પરિવેશમાં સજ્જ અપરિણત આમ્રપાલીબહેનનું જીવન એક દીક્ષાર્થી કરતાં પણ ઉચ્ચ કક્ષાનું રહ્યું હતું.

સને ૧૯૬૭માં આમ્રપાલીબહેને બી.એ. કર્યું અને ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં એમ.એ.માં પ્રવેશ મેળવ્યો. અહીં તેઓ ડૉ. તારાબહેન પટેલ, ડૉ. ઉષાબહેન કાન્હેરે અને મસીહી સાહેબ પાસેથી સમાજશાસ્ત્રના પાઠો શીખ્યા. સને ૧૯૭૦માં તેઓ સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયાં.

એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યા પછી તરત જ તેમને રિઝર્વ બેંકમાં ઑફિસર તરીકેની નોકરીની ઓફર હતી, તો એચ.કે. આર્ટ્સ કૉલેજમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકેનું આમંત્રણ હતું, પરંતુ એન.સી.સી. ઑફિસર થવાનો ઇરાદો ધરાવતા આમ્રપાલીબહેને આ બંને આમંત્રણો સ્વીકાર્યા નહિ. એ સમય દરમિયાન સને ૧૯૭૧માં આણંદમાં એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાતાની જાહેરાત આવી. એ વખતે એન.એસ. પટેલ કૉલેજ મહિલા કૉલેજ હતી. આમ્રપાલીબહેને તેમાં ઇન્ટરવ્યૂ આપ્યો અને તેઓ વ્યાખ્યાતા તરીકે પસંદ થયા. અમદાવાદથી તેઓ આણંદ આવ્યા અને આણંદને પોતાની કર્મભૂમિ બનાવી. એ સમયે કૉલેજમાં સમાજશાસ્ત્ર ગૌણ વિષય તરીકે શીખવવામાં આવતો હતો અને આ વિષયમાં અધ્યાપક તરીકે એક માત્ર આમ્રપાલીબહેન હતા. કૉલેજમાં એન.સી.સી.ના અન્ડર ઑફિસર તરીકેનો ચાર્જ તેમને સોંપવામાં આવતા એન.સી.સી. ઑફિસર બનવાનું તેમનું સ્વપ્ન પણ ત્યાં સાકાર થયું. આમ્રપાલીબહેનની વ્યાખ્યાતા તરીકેની નિયુક્તિ બાદ અહીં સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે ભણાવવાનું શરૂ થયું. એ સમયે સમાજશાસ્ત્ર મુખ્ય વિષયમાં માત્ર ૬ જ વિદ્યાર્થિનીઓ હતી. કૉલેજમાં તેઓ વિદ્યાર્થિનીઓને નિબંધલેખન, નાટક, વક્તૃત્વ સ્પર્ધા વગેરેમાં તૈયાર કરતા. દર વર્ષે બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજતા. આ બધી પ્રવૃત્તિઓની સાથે સાથે તેઓ સમાજશાસ્ત્રની વિદ્યાર્થિનીઓને આણંદની આસપાસના ગામોમાં ક્ષેત્રકાર્ય માટે લઈ જઈ, તેમને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી અભ્યાસ કરવાનું શીખવતા. વિદ્યાર્થિનીઓ પાસે કરાવેલો વઘાસી ગામનો સમાજશાસ્ત્રીય અભ્યાસ એ સમયે કૉલેજના મેગેઝિનમાં પ્રકાશિત થયો હતો. અધ્યાપનની સાથે સને ૧૯૭૩માં તેઓએ ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી મોતીલાલ નેહરુ કૉલેજમાંથી એલ.એલ.બી.નો અભ્યાસ પૂર્ણ કર્યો.

આણંદમાં અધ્યયન-અધ્યાપનની સાથે સાથે આમ્રપાલીબહેનની સેવાકીય પ્રવૃત્તિ પણ વિકસતી રહી. કૉલેજનો સમય સવારનો હોવાથી તેમને આ માટે સારો એવો સમય મળતો. અહીં તેઓ અખિલ હિંદ મહિલા પરિષદ સાથે સંકળાયેલા 'ભગિની સમાજ' નામની સંસ્થામાં

મંત્રી તરીકે જોડાયા. બહેનો આર્થિક રીતે સ્વનિર્ભર થઈ શકે તે માટે સીવણકામ, સાબુ બનાવવા, પાપડ બનાવવા જેવી પ્રવૃત્તિઓ આ સંસ્થામાં શીખવવામાં આવતી. આ બધી પ્રવૃત્તિઓના આયોજનમાં અને સંચાલનમાં આમ્રપાલીબહેન સારો એવા સમય આપતા અને બહેનોને મદદ પણ કરતા. આ સંસ્થા અંતર્ગત તેઓએ ૧૫ વર્ષ સુધી પ્રૌઢ શિક્ષણના વર્ગો પણ ચલાવ્યાં હતા. સતત ૩૦ વર્ષો સુધી આ સંસ્થામાં સેવાઓ આપીને અનેક પરિવારોના આર્થિક ઉત્કર્ષમાં તેઓએ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. 'ભગીની સેવા સમાજથી' આરંભાયેલી તેમની આ પ્રવૃત્તિનો વ્યાપ 'અવાજ' (અમદાવાદ), 'સુંદરમ્ ભારતી ટ્રસ્ટ' (ડાકોર), 'ખેડા જિલ્લા બાળકલ્યાણ સંઘ' (વલ્લભવિદ્યાનગર) જેવી જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથેના જોડાણથી વૃદ્ધિ પામ્યો.

વળી, ફેબ્રુઆરી, ૧૯૭૬થી આમ્રપાલીબહેને અમદાવાદ ખાતે આવેલા સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન (સ્પીપા)માં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે માનદ સેવાઓ આપવાનો પ્રારંભ કર્યો. સવારે કૉલેજમાં અધ્યાપન કાર્ય પૂર્ણ કરી તેઓ આણંદથી સ્પીપા અમદાવાદ ખાતે આવતા અને સાંજે પુનઃ અમદાવાદથી આણંદ પાછા ફરતા. સતત ૨૫ વર્ષ સુધી તેઓએ અહીં સેવાઓ આપીને સિવિલ સર્વિસની તૈયારી કરતા અનેક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું, તો સાથે સાથે સ્ત્રી સમર્થતા માટે ૧૦૫ જેટલા વિવિધ કાર્યક્રમો યોજ્યાં હતા. આ ઉપરાંત તેઓ સ્વૈચ્છિક સંસ્થા માટે તાલીમ વર્ગોનું આયોજન પણ કરતા.

સ્પીપામાં જોડાયા તેનો સૌથી વિશેષ ફાયદો આમ્રપાલીબહેનને એ થયો કે સ્પીપાને કારણે તેઓની ઓળખાણ એસ. પી. પુનાલેકર અને વિદ્યુતભાઈ સાથે થઈ. વાત એમ હતી કે ૧૯૮૨માં આમ્રપાલીબહેને સ્પીપામાં ટ્રાયબલ ડેવલપમેન્ટ એડમિનિસ્ટ્રેશનનો કોર્સ ચાલુ કર્યો ત્યારે તેમને લાગ્યું કે ખરેખર જે લોકો આદિવાસી વિસ્તારોમાં કામ કરતા હોય તેમને મળવું જોઈએ. આ ઇરાદા સાથે તેઓ સુરત ગયા અને અહીં સૌ પ્રથમવાર તેઓ પુનાલેકરસાહેબને મળ્યા. એ સમયે પુનાલેકરસાહેબ સુરતમાં 'સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ'ના ડાયરેક્ટર હતા અને વિદ્યુતભાઈ જોશી અહીં સેવાઓ આપતા હતા. પુનાલેકરસાહેબ અને વિદ્યુતભાઈ સાથે તેઓને અવારનવાર સમાજશાસ્ત્રના જુદા જુદા મુદ્દાઓ વિશે ચર્ચાઓ થતી ને પરિણામે સમાજશાસ્ત્રના નવા નવા પુસ્તકો વાંચવા તરફનો ઝોક વધ્યો. એ સમયે તેઓએ સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝના લગભગ બધા જ પુસ્તકો વાંચી લીધા હતા, તો સ્પીપામાં આવતા જુદાં જુદાં સામયિકો અને પુસ્તકોના વાચનથી તેઓનું જ્ઞાનાત્મક જગત સમૃદ્ધ થવા લાગ્યું હતું. તેઓ ઘણીવાર કહેતા કે 'મારું ખરું સમાજશાસ્ત્ર ભણવાનું શરૂ થયું હોય તો તે પુનાલેકરસાહેબની ઓળખાણથી અને વિદ્યુતભાઈ સાથેની દોસ્તીથી થયું.'

સ્પીપામાં ચાલતા 'પંચાયતી રાજ' કેન્દ્રના કન્વીનર તરીકે પણ તેમણે મહત્ત્વપૂર્ણ કામગીરી કરી હતી. પંચાયતોમાં પ્રતિનિધિત્વ ધરાવતી મહિલાઓને તાલીમ મળે તે માટે રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ૭૫ જેટલાં જુદાં જુદાં કાર્યક્રમો યોજીને તેઓએ પંચાયતમાં કાર્યરત મહિલા સરપંચો સમર્થ બને તે માટે પ્રયાસો કર્યા હતા. આ ઉપરાંત 'ટકાઉ વિકાસ' કેન્દ્રના કન્વીનર તરીકે પણ તેઓએ સેવાઓ આપી હતી. આમ, સને ૧૯૭૬થી સને ૨૦૦૧ સુધી તેમણે સ્પીપામાં અનેક કાર્યક્રમો યોજીને ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે અનન્ય યોગદાન આપ્યું હતું.

સને૧૯૯૧માં આમ્રપાલીબહેને ડૉ. એ. એસ. પટેલના માર્ગદર્શન હેઠળ 'ગ્રામીણ વિકાસ અને ગ્રામીણ ગરીબી' પર મહાનિબંધ લખી સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી.

સને ૧૯૯૨ના જાન્યુઆરી માસમાં તેઓ સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં અધ્યાપક તરીકે જોડાયા. આ જ વર્ષે ભારત સરકારે કોલમ્બિયા પ્લાન હેઠળ લંડનમાં યુનિવર્સિટી ઑફ સસેક્સ ખાતે 'Men, Women and Development' સ્પેશિયલ કોર્સમાં તેમની પસંદગી કરી હતી. સમગ્ર ભારતમાંથી આ કોર્સમાં ત્રણ નામો પસંદ થયા હતા એમાં એક નામ આમ્રપાલીબહેનનું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં જોડાયા બાદ તેઓ ચારુતર વિદ્યામંડળ સંચાલિત 'કરિયર ડેવલપમેન્ટ સેન્ટર'ના ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે પણ માનદ સેવાઓ આપવા લાગ્યા. આ સેન્ટરમાં તેમના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ સિવિલ સર્વિસીસ, એમ.બી.એ. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતું માર્ગદર્શન મેળવ્યું હતું. તા. ૨૯ જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ તેઓ સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રૉફેસર અને અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા. વિભાગીય અધ્યક્ષ તરીકે તેમણે સૌ પ્રથમ 'Curriculam Development Workshop'નું આયોજન કર્યું. આમ્રપાલીબહેનને એ સમયે એમ.એ.ના અભ્યાસક્રમમાં બદલાવ લાવવો જોઈએ તેમ લાગતું હતું. તેઓ હંમેશાં કહેતા કે, 'સમાજ બદલાય તો તેનો અભ્યાસ કરનારા શાસ્ત્રો પણ બદલાવા જોઈએ.' આ વર્કશૉપમાં પુનાલેકર સાહેબ, વિદ્યુતભાઈ, આ જ વિભાગના પૂર્વ અધ્યક્ષ શ્રી એમ. એફ. પટેલ અને આમ્રપાલીબહેને સમાજશાસ્ત્રના નવા અભ્યાસક્રમનું માળખું તૈયાર કર્યું. એ સમયે તેઓએ સમાજશાસ્ત્રના જે નવા પેપર્સ દાખલ કરવાનું વિચાર્યું તેમાં – 'Political Sociology', 'Sociology of Health', 'Human Rights', 'Sociology of Family and Counciling', 'Sociology of Environment', 'Indian Diaspora' મુખ્ય હતા. આ ઉપરાંત આમ્રપાલીબહેને એમ.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિકાસ માટે સેમિનાર, વર્કશોપ જેવી પ્રવૃત્તિઓની સાથે સાથે NET/SLETની પરીક્ષાની તાલીમ આપતા વર્ગો પણ શરૂ કર્યા. આમ્રપાલીબહેનના અધ્યક્ષપદ હેઠળ સરદાર પટેલ યુનિવર્સિટીનો સમાજશાસ્ત્ર વિભાગ ધમધમવા લાગ્યો. અનેક વિદ્વાનોને તેઓ અહીં આવવાનું નિમંત્રણ આપતા અને તેમના વ્યાખ્યાનોનું આયોજન કરતા, જેનો સીધો લાભ વિદ્યાર્થીઓને મળતો. ડી.એલ. શેઠ, ઘનશ્યામ શાહ, એસ. પી. પુનાલેકર, વિદ્યુત જોશી, હરીશ દોશી, હેમિક્ષા રાવ, ટી.બી. નાયક, આર.બી. લાલ, જ્યોર્જ મેથ્યુ, પદ્મશ્રી ચંદ્રશેકર ધર્માધિકારી, અન્નાસાહેબ હજારે, પદ્મશ્રી સુનિલ કોઠારી, આચાર્ય રામમૂર્તિ, વિમલા તાઈ, બંગાળના સર્વોદયવાદી શિશિર સેન જેવા અનેક વિદ્વાનોએ અહીં આવીને પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને આપ્યો હતો. આ જ વિભાગના ઉપક્રમે તેઓ દર વર્ષે 'ધર્મમેળો' પણ યોજતા. હ્યુમિનીટિ બિલ્ડીંગના પરિસરમાં યોજાતા આ ધર્મમેળામાં તેઓ જુદા જુદા ધર્મોના આગેવાનો કે પ્રતિનિધિઓને પણ બોલાવતા. ધર્મમેળાના આયોજન પાછળ તેમનો હેતુ બહુ સ્પષ્ટ હતો. તેઓ માનતા કે જો વિદ્યાર્થીઓ જુદા જુદા ધર્મોને જાણવાનો પ્રયત્ન કરશે તો તેઓ ખરા અર્થમાં જ્ઞાન મેળવશે અને જીવનમાં ઉદારવાદી બનશે. તેમણે સતત ૧૦ વર્ષ સુધી આ ધર્મમેળો યોજ્યો હતો. આમ્રપાલીબહેનના અધ્યક્ષ તરીકેના કાર્યકાળ દરમિયાન સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના ઉપક્રમે ૪૫ સેમિનારો યોજાયા હતા. સમાજશાસ્ત્ર પરિષદના નવમા અને અઢારમાં અધિવેશનના આયોજનની જવાબદારી પણ તેઓએ સ્વીકારી હતી અને વલ્લભ વિદ્યાનગર ખાતે એનું સુંદર આયોજન પણ કર્યું હતું. રાજ્ય કક્ષાના, રાષ્ટ્રીય કક્ષાના કે આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમિનાર કે વર્કશૉપના આયોજનમાં તેમની હથોટી હતી. સેમિનારનો કેન્દ્રવર્તી વિષય કયો રાખવો, કયા દિવસોમાં તે કરવો, સેમિનારના અધ્યક્ષસ્થાને કોને બોલાવવા, કેટલી બેઠક રાખવી, કોણ કોણ બેઠકના અધ્યક્ષ હશે, સહભાગીઓને કેવા પ્રકારની કીટ આપવી, કેવી વિગતોવાળા પ્રમાણપત્રો તૈયાર કરવા, ભોજનમાં કઈ કઈ વાનગીઓ રાખવી જેવી ઝીણામાં ઝીણી બાબતોને ધ્યાનમાં રાખી તેઓ સેમિનારનું સમગ્ર આયોજન કરતા. વળી, એમના જબરદસ્ત સોશિયલ નેટવર્કીંગને કારણે જુદી જુદી યુનિવર્સિટીઓ અને કૉલેજોમાંથી આવેલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોથી સેમિનારનો ખંડ ભરાઈ જતો.

સને ૨૦૦૩ના ઑગસ્ટ માસમાં આમ્રપાલીબહેન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે નિયુક્ત થયા. આ યુનવિવર્સિટીમાં ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન તેઓએ ખૂબ કામ કર્યું. તેમના પરિશ્રમને કારણે આ યુનિવર્સિટીમાં અભ્યાસક્રમોની સંખ્યા ૧૦માંથી ૭૬ થઈ તો યુનિવર્સિટીના કેન્દ્રોની સંખ્યા ૨૪માંથી આશરે ૨૨૦ અને વિદ્યાર્થીઓની સંખ્યા

૭,૪૦૦માંથી ૩૫,૦૦૦ સુધી પહોંચી. યુનિવર્સિટીમાં તેઓએ NAAC નોડલ સેલની સ્થાપના કરી તથા યુનિવર્સિટીની વૅબસાઇટ તૈયાર કરાવી. આ યુનિવર્સિટીની સ્થાપના પછી તેઓ સૌ પ્રથમ વાઈસ ચાન્સેલર હતા કે જેમણે કોઈ પણ સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમા કોર્સ કે ડિગ્રી કોર્સમાં મહાત્મા ગાંધીના 'હિંદ સ્વરાજ', 'મારા સ્વપ્નનું ભારત' અને 'ગ્રામસ્વરાજ' જેવા પુસ્તકોને અભ્યાસક્રમમાં ફરજિયાતપણે દાખલ કર્યા. તો બીજી તરફ સમાજકલ્યાણ ખાતાના મંત્રીશ્રીની મદદથી તેઓએ કોઈ પણ સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમા કોર્સ કે ડિગ્રી કોર્સમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને માત્ર ૧૦૦ રૂપિયા જેવી ટોકન ફીથી પ્રવેશ અપાવી, ગરીબમાં ગરીબ વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણમાં વિકસવાની તક આપી. આ ઉપરાંત તેઓએ અંધ વિદ્યાર્થીઓ માટે ડિપ્લોમા ઈન ફિઝિયોથેરપી, ગ્રામવિકાસને લગતા ૪ નવા અભ્યાસક્રમો, કમ્પ્યૂટરને લગતા નવા અભ્યાસક્રમો, વાણિજ્ય શાખાના અભ્યાસક્રમો દાખલ કરીને આ વિશ્વવિદ્યાલયને ખરા અર્થમાં 'જ્ઞાનનું કેન્દ્ર' બનાવ્યું. આંબેડકર ઓપ યુનિવર્સિટીની પ્રશંસનીય કામગીરી બદલ આમ્રપાલીબહેનને યશવંતરાવ ચૌહાણ ઓપન યુનિવર્સિટી, મહારાષ્ટ્ર દ્વારા 'ગ્યાનદીપ પુરસ્કાર'નો આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ અને સ્ત્રી સશક્તિકરણ માટેના પ્રદાન બદલ તેમને યંગ મેન ગાંધીઅન એસોસિએશન દ્વારા 'ચંપા ગોંધિયા ઍવોર્ડ ફોર વિમેન સર્વિસીસ', ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર વર્લ્ડ પીસ દ્વારા 'ડૉ. રાધાકૃષ્ણન નેશનલ ઍવોર્ડ ફોર હાયર એજ્યુકેશન' અને 'દિવ્ય ભાસ્કર' દૈનિક દ્વારા 'વિમેન ઑફ સબસ્ટન્સ' જેવા ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આમ્રપાલીબહેનની અન્ય એક વિશેષતા એ હતી કે અનેક કાર્યોની વચ્ચે પણ તેઓ સતત લખતાં રહ્યા. તેમણે લખેલા ૧૩ પુસ્તકોમાં 'પંચાયત કાયદો' (સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, ૧૯૯૫), 'ભારતનું બંધારણ' (મોડર્ન લૉ હાઉસ, ૧૯૯૬), 'ગ્રામીણ વિકાસ અને ગ્રામીણ ગરીબી' (પાર્શ્વ પ્રકાશન), 'પંચાયતીરાજ' (કાયદાથી ચળવળ સુધીનો અનુવાદ), (પાર્શ્વ પ્રકાશન), 'પંચાયત-એ સેલ્ફ રૂલ' (સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, ૧૯૯૯), 'અ માર્ચ ઑફ વિમેન ઍમ્પાવરમેન્ટ' (સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, ૧૯૯૯), 'સ્ત્રીની વિવિધ ભૂમિકાઓ' (સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, ૧૯૯૯), 'સ્ત્રીઓ અને વિકાસ' (સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, ૧૯૯૯), 'વલ્લભ વિદ્યાનગરની સ્થાપના અને વિકાસ' (ભાઈકાકા ચેર, સરદાર પટેલ યુનિવર્સિટી), 'મારી ધરતી, મારું રાજ' (ગુજરાત બિરાદરી, ૧૯૯૯), 'ક્રિયાનું સમાજશાસ્ત્ર', (ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૪), 'સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો' (ભાગ ૧ થી ૪) (ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ, ૨૦૦૫)નો સમાવેશ થાય છે. વળી, 'અર્થાત્', 'નયા માર્ગ', 'દૃષ્ટિ', 'યોજના', 'નિર્ણય', 'સ્ત્રી', 'વિચારવલોણું' જેવા સામયિકો અને 'નયા પડકાર' તથા 'જનસત્તા' જેવા વર્તમાનપત્રોમાં ૪૪ લેખો લખીને સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી સમાજના પ્રશ્નોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઉપરાંત આમ્રપાલીબહેને Sardar Patel Institute of Public Administration (SPIPA), SIRD (State Institute of Rural Development), Department of Tribal Development, Govt. of Gujarat, Department of Personal and Training, Govt. of India, National Institute of Rural Development, Govt. of India, ISRO, Ahmedabad, UGC, New Delhi, AWAG, Ahmedabad, Sarva Shiksha Abhiyan, University of Amsterdam, Netherlands જેવી જુદી જુદી સ્પોન્સર ઑથોરિટી દ્વારા સ્પોન્સર કરાયેલા ૩૦ રિસર્ચ પ્રૉજેક્ટ પૂર્ણ કરી સમાજશાસ્ત્રના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને સંશોધન કરવા માટે વિશેષ પ્રેરણા આપી હતી.

આમ્રપાલીબહેનના લખાણો, વક્તવ્યો અને જીવનમાં મહાત્મા ગાંધીના વિચારોનો પ્રભાવ વર્તાય છે. સમાજશાસ્ત્રી તરીકે ગાંધીવિચારોથી તેઓ પ્રભાવિત રહ્યાં છે. તેઓને લાગતું કે પશ્ચિમના સિદ્ધાંતો પૂર્વમાં

ફીટ કરવાને બદલે પૂર્વની પરિસ્થિતિને અનુરૂપ સિદ્ધાંતોમાં ફેરફાર કરવો જોઈએ. સમાજવિજ્ઞાનના ક્ષેત્રમાં સારા અધ્યાપક થવા માટે માત્ર પુસ્તકો અને વર્ગખંડનું અધ્યાપન કાર્ય પૂરતું નથી. પરંતુ સાથે સાથે ક્ષેત્રકાર્ય કરીને સમાજના પ્રશ્નો અને વાસ્તવિકતાને ચકાસવા પર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો. આમ્રપાલીબહેને લખેલાં 'ક્રિયાનું સમાજશાસ્ત્ર' પુસ્તકનું પરામર્શન કરવા તેમની આ વિશેષતાને નોંધતા ડૉ. વિદ્યુત જોશી લખે છે, '૧૯૮૦ની આસપાસ કાર્યાત્મકવાદને આધારે પશ્ચિમમાં ઉદ્ભવેલા વિચારોને ભારતમાં ભણાવવાની વાતમાં તિરાડ પડી. સમાજશાસ્ત્ર ભણાવતાં અધ્યાપકોના મનમાં પાશ્ચાત્ય સમાજશાસ્ત્ર અને ભારતીયસમાજ વિશેના વિરોધ અંગે વિચારો આવવા માંડ્યા. પશ્ચિમની Grand Theory અંગે ગૂંચવાડો ઊભો થયો. આ ગૂંચવાડામાંથી કેટલાક સમાજશાસ્ત્રીઓ પોતાના સૈદ્ધાંતિક જ્ઞાનની ચકાસણી માટે સમાજશાસ્ત્ર તરફ અને કર્મશીલતા તરફ વળ્યા. પ્રારંભમાં તો આવા લોકો સમાજશાસ્ત્રની નથી તેવી ચર્ચા પણ ચાલી, પરંતુ ધીમે ધીમે સમાજને પોતાની પ્રયોગશાળા માનતા સમાજશાસ્ત્રીઓની સંખ્યા વધતી ચાલી. પ્રોફેસર આમ્રપાલી મર્ચંટ આવા એક આગવા કર્મશીલ સમાજશાસ્ત્રી છે.' ('ક્રિયાનું સમાજશાસ્ત્ર', ડૉ. આમ્રપાલી મર્ચંટ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, નવેમ્બર ૨૦૦૪)

આમ્રપાલીબહેનની સાથે ૨૨ વર્ષ સુધી કાર્ય કરનાર સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રૉફેસર ડૉ. જયપ્રકાશ ત્રિવેદી જણાવે છે કે, 'હું એમને એકેડમિશિયન કરતાં સામાજિક સેવા કરનાર ઍક્શન સોશિયાલોજિસ્ટ તરીકે વધારે જોઉં છું. એમણે ઍકેડમિશિયન તરીકે પણ ખૂબ કામ કર્યું છે, પરંતુ મારી દૃષ્ટિએ એમનું આ એક પાસું તપાસવું જોઈએ.' (તા. ૧૮-૬-૨૦૧૧ના રોજ આમ્રપાલીબહેનના વયનિવૃત્તિ સમયે યોજાયેલા 'અભિવાદન સમારોહ'માં આપેલ વક્તવ્યમાંથી.)

સને ૨૦૧૧માં આમ્રપાલીબહેન સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાંથી નિવૃત્ત થયાં, પરંતુ તેમની પ્રવૃત્તિઓ સતત ચાલતી જ રહી. નિવૃત્તિ પછી પણ તેઓ નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે પ્રૉફેસર તરીકે તો 'ગૂજરાત વિદ્યાપીઠ', 'રાય' યુનિવર્સિટી, 'કડી સર્વવિદ્યાલય' જેવી યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે કાર્ય કરતાં રહ્યાં. સને ૨૦૧૩માં તેઓ 'ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદ'ના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે તેઓની અધ્યક્ષતામાં પરિસંવાદનું સફળ આયોજન થયું. આ બધાં કાર્યોની સાથે સાથે તેઓએ પુત્રીવત્ ધર્મ પણ નિભાવ્યો. આજીવન એમણે પોતાના માતા-પિતાની જે સેવા કરી તે સૌને માટે સવિશેષ પ્રેરણાદાયી રહી છે.

જીવનમાં ક્યારેય માથું દુઃખવાની ફરિયાદ ન કરનાર આમ્રપાલીબહેન ગત નવેમ્બર માસમાં બીમાર થયાં. આણંદથી તેઓ અમદાવાદ આવ્યાં. હિમોગ્લોબિનનું પ્રમાણ ઘટી ગયું હોવાથી શરીરમાં અશક્તિ પણ ઘણી હતી. આવા સમયમાં હૉસ્પિટલના બિછાનેથી પણ તેઓ પરિષદના સભ્યો સાથે ફેબ્રુઆરી માસમાં ભાવનગર ખાતે યોજાનાર પરિષદના આયોજનની ચર્ચા કરતાં રહ્યાં. તા. ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૪ રોજ તેઓએ અચાનક જ પોતાની માયા સંકેલી લઈ અંતિમ વિદાય લીધી.

તેમની વિદાયથી ગુજરાતના સમાજશાસ્ત્રને એક ચિંતનશીલ, કર્મશીલ, સફળ આયોજક અને આત્મીય એવા સમાજશાસ્ત્રીની ખોટ પડી છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

❑

# આમ્રપાલીબહેન મર્ચંટ : એક બહુમુખી વ્યક્તિત્વ

- હેમિક્ષા રાવ*

જૂન ૧૯૭૧માં કૉલેજના પ્રાંગણમાં પગ મૂકતાં જ સૌ પ્રથમ આમ્રપાલીબહેનની મુલાકાત થઈ. મારો અને એમનો કૉલેજનો પ્રથમ દિવસ. ત્યારથી બંધાયેલો સંબંધ આજીવન રહ્યો. આમ્રપાલીબહેનને અનેકવિધ ક્ષેત્રોમાં કાર્ય કરતા નિહાળ્યા છે. તેઓ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા. અમદાવાદથી આણંદ કૉલેજના અધ્યાપક તરીકે જોડાયા બાદ આણંદને કર્મભૂમિ બનાવી દીધી હતી. તેમના વ્યક્તિત્વની છબીમાં એક શિક્ષક, એક ઑફિસર, વહીવટકર્તા, સંશોધક, સમાજસેવક અને વિદ્યાર્થીઓના મિત્ર, માર્ગદર્શકનાં દર્શન થાય છે.

**એક શિક્ષક અધ્યાપક તરીકે :** ૧૯૭૧થી એન.એસ.પટેલ આર્ટ્સ કૉલેજમાં ૨૧ વર્ષની ઉંમરે શરૂ કરેલી યાત્રા સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને અધ્યાપક તરીકેની સેવા નિવૃત્તિ સુધીની રહી હતી. કૉલેજકાળ દરમિયાન વિદ્યાર્થીઓમાં અંગ્રેજીમાં વાંચનની ટેવ વિકસાવતા તથા ચર્ચાઓ કરતા. દરેક વિદ્યાર્થીના અંગત જીવનની દરેક બાબતો-કૌટુંબિક બાબતોથી પરિચિત રહેતા અને રસ ધરાવતા. તેઓ તે કુટુંબના સભ્ય હોય તેમ મદદરૂપ બનતા. તેમના ઘરે વિદ્યાર્થીઓને વાંચવા-અભ્યાસ માટે બોલાવતા અને અડધી રાત્રે પણ માર્ગદર્શન આપવા તૈયાર રહેતા. એક શિક્ષક તરીકે વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતરમાં વિશેષ રુચિ ધરાવતા. વિદ્યાર્થીઓના Friend, Philospher અને Guide બની રહેતા. મારા જીવનમાં, મારા વ્યક્તિત્વના ઘડતરમાં તેમની ખૂબ મહત્ત્વની ભૂમિકા રહી છે. મારા જીવનના દરેક તબક્કામાં તેઓએ મહત્ત્વપૂર્ણ પ્રદાન આપેલું છે.

**એક ઑફિસર તરીકે :** આમ્રપાલીબહેન એ ફક્ત એક શિક્ષક જ ન હતા પરંતુ NCC Officer તરીકે ઘણા લાંબા સમય સુધી તેમણે ફરજ બજાવી હતી. વિદ્યાર્થીઓને NCCની દરેક પ્રવૃત્તિમાં ભાગ લેવા મોકલતા તેમના દ્વારા NCC કેડેટ્સને Annual Camp, State neighbouring camp, Mountainaring camp, Horse riding, Para jumping, shooting camp જેવા અનેક કેમ્પોમાં મોકલી વ્યક્તિત્વનું ઘડતર કરતા. શિસ્તબદ્ધતા, સમયપાલનના ચુસ્ત આગ્રહી પોતે હતા અને વિદ્યાર્થીઓ પાસે આગ્રહ રાહતા. જેમાં તેઓ બાંધછોડ બિલકુલ કરતા ન હતા. સમગ્ર દેશના ઑફિસરો કે કેડેટ્સના પ્રિય મિત્ર બની જતા. NCC Officeના કર્મચારીઓ પણ તેમની મૂંઝવણો બેન પાસે રજૂ કરતા અને બેન તેઓને મદદરૂપ બનતા. કેડેટ્સનો આત્મવિશ્વાસ વધે અને નેતૃત્વના ગુણો વિકસે તે માટે પ્રયત્નો કરતા. અનેક કેડેટ્સને RDC તથા Pre RDC પરેડમાં તથા લીડરશીપ કેમ્પોમાં મોકલતા.

**એક વહીવટકર્તા તરીકે :** આમ્રપાલીબહેને એક ઉમદા વહીવટકર્તા તરીકે ઉમદા છાપ છોડેલી છે. તેઓએ સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન (SPIPA)માં ઓનરરી ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે ૩૦ વર્ષ સુધી સેવાઓ આપેલી હતી. સવારે કૉલેજ સમય પૂર્ણ કરી સરકારી બસ કે ટ્રેન દ્વારા અઠવાડિયામાં પાંચ દિવસ સ્પીપાના કાર્ય માટે અમદાવાદ આવનજાવન કરતા. તેઓએ અનેક ગ્રામવિકાસ, પંચાયતીરાજ અને બહેનોના સશક્તિકરણ માટેના તાલીમ કાર્યક્રમો આપેલા હતા. જેમાં દરેક ક્ષેત્રોમાં બહેનો કેવી રીતે સશક્ત થઈ શકે તે માટે હંમેશા ચિંતા કરતા. પંચાયતી રાજમાં ૩૩ ટકા બહેનોના અનામતનો કાયદો આવ્યા પછી સ્પીપા દ્વારા ગુજરાતના અંતરિયાળ ગામડાઓની પંચાયતની બહેનોની જાગૃતિ માટે છેવાડાના ગામડાઓમાં જઈ તાલીમ આપતા જેના પરિણામ સ્વરૂપ જે બહેનો પોતાનું ઘર કે ગામ છોડીને બહાર ન જતી તે બહેનો લખતાં, વાંચતા શીખી અને અમદાવાદ અને ગાંધીનગર જ નહિ પરંતુ છેક દિલ્હી Indian Institute of Public Administration અને Indian Institute of Social Sciences' માં પંચાયતની બહેનોની કાર્યશિબિરો અને પરિસંવાદોમાં ભાગ લેવા લાગી તેમજ  ટીવીના માધ્યમથી પોતાના અનુભવો વ્યક્ત કરવા લાગી. પંચાયતમાં બહેનોની ભાગીદારી વધે તે માટે તેઓએ અને તે સમયના ડાયરેક્ટર ડૉ. બિંદુબહેન ગામીત સાથે રહીને ફક્ત પંદર દિવસમાં 'પંચાયત ધારો' સરળ ભાષામાં લખી પ્રકાશિત કર્યો. આ ઉપરાંત

* પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

સમાજશાસ્ત્ર ભવનમાં અધ્યક્ષનો કાર્યભાર સંભાળ્યા બાદ ભવનને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રી સ્તર પર લઈ જવા માટે અનેક કાર્યક્રમો આપ્યા. તેમના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ IAS, IPS પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરી સનદી સેવાના ક્ષેત્રોમાં જોડાયા. ગુજરાતના યુવાનો સિવિલ સર્વિસમાં વધુ માત્રામાં જોડાય તે માટે વર્ગો ચલાવવાનું શરૂ કર્યું હતું અને તેના માટે તેઓ ખાસ અમદાવાદથી મુંબઈ સુધી જતા. દિલ્હીમાં પણ વિદ્યાર્થીઓ માર્ગદર્શન મેળવી શકે તે માટેનું આયોજન કર્યું હતું.

તેઓએ ૨૦૦૩થી ૨૦૦૫ના સમયગાળા દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કુલપતિપદ સંભાળ્યું. ત્યારબાદ અનેક વહીવટી સુધારાઓ કર્યા. છેવાડાના વિદ્યાર્થીઓ ઘેર બેસી અભ્યાસ કરી શકે તે માટે અનેક અભ્યાસ કેન્દ્રો નવા નવા ખોલ્યા. ૫૦થી વધુ નવા અભ્યાસક્રમો જેવા કે Childcare & Nutrition, સારા માતા-પિતા કેવી રીતે બની શકાય, પર્યાવરણ તથા દરેક સરકારી કર્મચારી માટે Basic Computer જેવા કોમ્પ્યુટર સંબંધીત અભ્યાસો શરૂ કર્યા જેથી કર્મચારીઓ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરતા થાય અને વહીવટ સરળતાથી થઈ શકે, સમય-શક્તિની બચત થાય. વિદ્યાર્થીઓને સમયસર પરિણામ પ્રાપ્ત થાય તે માટે તેઓ પોતે ૪૫ દિવસ સુધી યુનિવર્સિટીમાં ૨૦-૨૦ કલાક ક્યારેક તો દિવસો સુધી કેમ્પસમાં હાજર રહી તે કાર્ય ઝડપી બને તે માટે પ્રયત્નો કરતા.

**એક સંશોધક તરીકે :** આમ્રપાલીબહેનનો આત્મા શિક્ષકનો હોવાથી સતત અધ્યયન અને અધ્યાપન કરતા તેમના માર્ગદર્શન હેઠળ ૨૫ થી ૩૦ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે એમ. ફિલનો અભ્યાસ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે તેમણે શરૂ કર્યો હતો પરંતુ કેટલાક કારણોસર છોડી દીધો ત્યારબાદ વલ્લભવિદ્યાનગર ખાતે ડૉ. એ. એસ. પટેલના માર્ગદર્શન નીચે 'ગ્રામીણ ગરીબી' પર પોતાનો મહા શોધ નિબંધ તૈયાર કર્યો તેમના સંશોધનના વિષયો ગરીબી, યુવાનો, બહેનો અને પંચાયતી રાજ રહ્યા હતા. વિદ્યાર્થીઓ પાસે પણ આ વિષયોમાં સંશોધન કરાવતા હતા. છેલ્લે નિવૃત્તિ બાદ National Law Universityમાં Emeritus professor તરીકે જોડાઈ Social Work અને Law ઉપર અભ્યાસક્રમ શરૂ કરાવી તે સંદર્ભમાં વિદ્યાર્થીઓ પાસે સંશોધનકાર્ય કરાવતા. સાક્ષરતાનો દર, ગ્રામીણ ગરીબી, પંચાતમાં બહેનોની ભૂમિકા જેવા લગભગ ૩૦થી વધુ સરકારી પ્રોજેક્ટોમાં તેમણે સંશોધન કાર્ય કર્યું હતું. અનુસ્નાતકના વિદ્યાર્થીઓ પાસે પણ Disseratation અને પ્રોજેક્ટ વર્કનો આગ્રહ રાખતા જેથી સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્યનો અનુભવ મેળવી શકે. વિદ્યાર્થીઓને હંમેશા નવા નવા ક્ષેત્રોમાં અભ્યાસ કરવાનું સૂચવતા. તેમના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ સમગ્ર ગુજરાતમાં ફેલાયેલા છે.

**એક સમાજસેવક તરીકે :** આણંદમાં તેમના આગમન સમયથી તેઓ સામાજિક સેવા સાથે જોડાયેલા હતા. તેઓ જ્યાં વસતા તેના આજુબાજુના વિસ્તારમાં ગરીબ, મજૂર વર્ગના લોકો વસવાટ કરતા અને લગભગ રોજ બહેનોને માર મારવો, દારૂ પીવો જેવી ઘટનાઓ રોજ બનતી આથી વ્યાકુળ થઈ જાગૃતિના કાર્યક્રમો આપી નશાખોરી દૂર કરાવી બહેનોને સંગઠિત કરી બહેનો પર થતી હિંસા દૂર કરવાનો સક્રિય પ્રયત્ન કર્યો. આ ઉપરાંત અનેક ગરીબ લોકોને અનાજ, કપડા, રહેઠાણ પૂરું પાડતા અને જરૂર પડે આર્થિક સહાય પણ કરતા. વિદ્યાનગર-આણંદમાં સામાજિક સંસ્થાઓમાં પણ જોડાયેલા હતા. અનેક બાળકો જે ભણી શકે તેમ ન હોય તેમની ફી ભરી ફક્ત શાળાશિક્ષણ જ નહિ પરંતુ ઉચ્ચ શિક્ષણ મેળવી રોજગારી પ્રાપ્ત કરે ત્યાં સુધીના દરેક તબક્કામાં વ્યક્તિને મદદ કરતા હતા. 'અવાજ', 'સખી' જેવી અનેક સંસ્થાઓમાં સક્રિય કાર્ય કરતા. લોકોને મદદરૂપ થવા માટે જ તેઓ આજીવન કુંવારા રહ્યા હતા.

આમ્રપાલીબહેનની પોતાની આગવી પ્રતિભા રહી છે. સાદું સરળ જીવન, વાઈસ ચાન્સેલર હતા છતાં ઘરમાં દરેક કાર્ય પોતાની જાતે જ કરતા. એક પલંગમાં ફક્ત શેતરંજી ઉપર ચાદર ઓઢી સૂઈ જતા. ભોજન પણ સાદુ. તેઓ જૈન ધર્મ પાળતા હોવાથી ભોજન, છેલ્લા કેટલાંક વર્ષોથી રહેણીકરણી ચુસ્ત જૈનો જેવી જોવા મળતી. તેઓની બહુમુખી પ્રતિભા હોવાને કારણે ઘણા લોકો તેઓને કિરણ બેદી કે મધર ટેરેસા કે ઇન્દિરા ગાંધીનું બિરુદ આપતા. ❑

# ગાંધીના 'હિંદ સ્વરાજ'માં ગ્રામચેતના

- ડૉ. અશ્વિનકુમાર*

ઈ.સ. ૧૯૦૯માં મો.ક. ગાંધીએ માતૃભાષા ગુજરાતીમાં 'હિંદ સ્વરાજ' લખ્યું. તેમણે તેનો અંગ્રેજી અનુવાદ 'ઇન્ડિયન હોમ રુલ' નામે કર્યો. ઈ.સ. ૧૯૧૨માં ગોપાલકૃષ્ણ ગોખલે દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે તેમણે આ અનુવાદ જોયો. ગોખલેને ગાંધીનું આ લખાણ અણઘડ લાગ્યું. તેમને ગાંધીના આ વિચારો ઉતાવળે બાંધેલા લાગ્યા. ગોખલેએ ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે, હિંદમાં એક વરસ રહ્યા પછી ગાંધી જાતે જ આ પુસ્તકનો નાશ કરી દેશે. આજે ગોખલે હોત તો તેઓ કબૂલ કરત કે, તેમણે સો વર્ષ પહેલાં જે પુસ્તકનું ભવિષ્ય ભાખ્યું હતું તે તો ભવિષ્યનું પુસ્તક હતું ! એક કાળે 'હિંદ સ્વરાજ' વિશે ગોખલેનો મત હતો કે, ''આ મૂરખ માણસની કૃતિ છે.'' આજના કાળે ગોપાલકૃષ્ણ હોત તો મોહનદાસના 'હિંદ સ્વરાજ' વિશે આપણને કહેત : ''મૂરખ, આ માણસની કૃતિ છે !'' લોર્ડ લોધિયન સેવાગ્રામ આવ્યા ત્યારે તેમણે મહાદેવ દેસાઈ પાસે 'હિંદ સ્વરાજ'ની નકલ માગી હતી. લોર્ડ લોધિયને કહ્યું હતું : ''ગાંધીજી અત્યારે જે કંઈ ઉપદેશી રહ્યા છે તે આ નાનકડી ચોપડીમાં બીજરૂપે પડેલું છે, અને ગાંધીજીને બરાબર સમજવા માટે એ ચોપડી ફરી ફરી વાંચવી ઘટે છે.'' ગાંધીવિચાર અને ગ્રામચેતનાને મૂળથી સમજવા માટે 'હિંદ સ્વરાજ'ને વધુ અને વધુ વખત વાંચવી-પચાવવી પડે એમ છે.

ગ્રામસમાજને માતૃભાષા સાથે એક જ સંબંધ હોય છે : સીધો ! 'હિંદ સ્વરાજ'માં ગાંધી સ્વરાજ અંગે માંગણી કરે અને સ્વભાષા અંગે લાગણી વ્યક્ત ન કરે એ કેમ બને ? તેઓ લખે છે : ''આપણે સ્વરાજની વાત પરભાષામાં કરીએ છીએ એ કેવી કંગાલિયત !'' (પૃ. ૬૫) હિંદુસ્તાન સેંકડો, હજારો નહીં, પણ લાખો ગામડાંનો બનેલો મુલક છે. આથી, ગાંધી સઘળી પ્રાદેશિક ભાષાઓની ચિંતા કરતાં કહે છે : ''મને તો લાગે છે કે આપણે આપણી બધી ભાષાને ઉજ્જ્વળ કરવી ઘટે છે.'' (પૃ. ૬૬) મો.ક. ગાંધીએ 'હિંદ સ્વરાજ' લખ્યું ત્યારે તેઓ દક્ષિણ આફ્રિકામાં લગભગ સોળ વરસનો સંગ અને સાન મેળવી ચૂક્યા હતા. આટલો લાંબો વખત વતનથી દૂર રહેવા છતાં તેમની માતૃભાષામાં ગ્રામીણ સંદર્ભ સચવાયેલો માલૂમ પડે છે. 'હિંદ સ્વરાજ'નાં લખાણમાં વપરાયેલાં કેટલાંક દાખલા-દલીલો, કહેવતો-રૂઢિપ્રયોગોમાં ગ્રામવાસ્તવનું ઠાલું ગૌરવ નહીં, પણ ઠોસ રવ સંભળાય છે. તેની સાબિતી આ રહી : ''તમે જરા ખામોશ પકડશો તો તમને જે જોઈએ છે તે જ મળશે. 'ઉતાવળે આંબા ન પાકે', એ કહેવત યાદ રાખજો.'' (પૃ. ૦૨); ''હમેશાં બીજ જોવામાં આવતું નથી. બીજ પોતાનું કામ માટીની નીચે કરે છે ને પોતે નાબૂદ થાય છે ત્યારે ઝાડ જમીન ઉપર જોવામાં આવે છે.'' (પૃ. ૦૬); ''મારે દરિયો ઓળંગવાનું સાધન વહાણ જ હોઈ શકે. જો ગાડું પાણીમાં ઝંપલાવું તો ગાડું અને હું બંને તળિયે જઈએ.'' (પૃ. ૪૮)

ગાંધી ખેતીના કામને ખાવાના ખેલ નથી માનતા ! તેમનું એ મતલબનું માનવું છે કે, નિર્ભયતાનું પ્રમાણ આપવું એટલે ખેતરમાં પથારી કરવી ! ગાંધી દઢપણે કહે છે : ''જાણજો કે જે દેશમાં પહાડી લોકો વસે છે, જેમાં વાઘવરુ વસે છે, તે દેશમાં રહેનારા માણસો જો ખરેખરા બીકણ હોય તો તેઓનો નાશ જ થાય. તમે કોઈ દિવસ ખેતરોમાં ગયા છો ? તમને હું ખાતરીપૂર્વક કહું છું કે, ખેતરોમાં આપણા ખેડૂતો નિર્ભય થઈને આજ પણ સૂએ છે; ત્યારે ત્યાં અંગ્રેજ અને તમે સૂવાની આનાકાની કરશો. બળ તે નિર્ભયતામાં રહ્યું છે; શરીરમાં માંસના લોચા બહુ હોવામાં બળ નથી, એ તમે થોડો જ ખ્યાલ કરશો તો જાણી લેશો.'' (પૃ. ૨૩) ગાંધીના મતે હિંદુસ્તાનની ઓળખ એટલે ખેતીનો મુલક. ગાંધી હિંદુસ્તાનની ખેતીની વાત કરે અને ગાયનો મહિમા ન ગાય એ કેમ બની શકે ? તેઓ કહે છે : ''હું પોતે

* સહપ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહ-પ્રત્યાયન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

ગાયને પૂજું છું, એટલે કે માન આપું છું. ગાય એ હિંદુસ્તાનની રક્ષા કરનારી છે, કેમ કે તેની પ્રજા ઉપર હિંદુસ્તાન, જે ખેતીનો મુલક છે, તેનો આધાર છે. સેંકડો રીતે ગાય એ ઉપયોગી પ્રાણી છે.'' (પૃ.૨૯) જોકે, ગાંધી કૃષિ અને ગોપાલનની ચર્ચામાં છેવટે તો એકતા અને અહિંસાને જ વધારે ગુણ આપે છે.

પૂર્વજોએ બાંધેલી હદનો ઉલ્લેખ કરતાં, ગાંધી ગામની વાત આ રીતે કહે છે : ''તેઓએ વિચાર્યું કે મોટાં શહેરો સ્થાપવાં તે નકામી ભાંજગડ છે. તેમાં લોકો સુખી નહીં થાય. તેમાં સોનેરી ટોળીઓ અને સફેદ ગલીઓ જાગશે, રાંક માણસો તવંગરોથી લૂંટાશે. તેથી તેઓએ નાનાં ગામડાંથી સંતોષ રાખ્યો.'' (પૃ. ૩૯) 'ગામ'ની સાથે-સાથે 'આમ'ની વાત કરતાં તેઓ કહે છે : ''આમ(સામાન્ય) પ્રજા તો તેથી નિરાળી રીતે પોતાના ખેતરનું ધણીપદું કરતી. તેઓની આગળ ખરું સ્વરાજ હતું.'' (પૃ. ૪૦) 'શું હિંદુસ્તાનમાં તોપબળ નથી ચાલ્યું ?' એવો સવાલ પૂછનાર વાચકને અધિપતિ જવાબ આપે છે : ''તમારે મન હિંદુસ્તાન એટલે ખોબા જેટલા રાજાઓ છે. મારે મન તો હિંદુસ્તાન તે કરોડો ખેડૂતો છે કે જેના આધારે રાજા તથા આપણે બધા વસીએ છીએ.'' (પૃ. ૫૮) આવું કહીને ગાંધી દેશનાં લાખો ગામડાંમાં વસતા કરોડો ખેડૂતોને દેશનું ચાલકબળ ગણાવીને ગ્રામચેતના પ્રગટાવે છે. આના અનુસંધાનમાં એક ગામનું ઉદાહરણ આપીને તેઓ સત્યાગ્રહ અને સ્વરાજને સાંકળતાં કહે છે : ''મને ખ્યાલ છે કે એક રાજસ્થાનમાં રૈયતને અમુક હુકમ પસંદ નહીં પડ્યો તેથી રૈયતે ગામ ખાલી કરવાનું શરૂ કર્યું. રાજા ગભરાયા ને રૈયતની માફી માંગી ને હુકમ પાછો ખેંચ્યો. આવા દાખલા તો ઘણા મળી શકે છે. પણ તે મુખ્યત્વે કરીને ભરતભૂમિનો જ પાક હોય. આવી જ્યાં રૈયત છે, ત્યાં સ્વરાજ છે. તે વિનાનું સ્વરાજ તે કુરાજ છે.''(પૃ. ૫૯)

મો.ક. ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં રસ્કિનના 'અનટુ ધિસ લાસ્ટ' પુસ્તકના વાચન-ચિંતન-મનનના પગલે પ્રગટાવેલા 'સર્વોદય'ના સિદ્ધાંતોને, 'હિંદ સ્વરાજ'ની ગ્રામ-ચેતનાના પૂર્વ સંદર્ભે ખાસ યાદ કરવા જેવા છે. તેઓ 'સત્યના પ્રયોગો'માં લખે છે : '''સર્વોદય'ના સિદ્ધાંતો હું આમ સમજ્યો : (૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે. (૨) વકીલ તેમ જ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે. (૩) સાદું મજૂરીનું ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.'' (ગાંધી, ૨૦૦૯, પૃ. ૨૭૫-૨૭૬) 'હિંદ સ્વરાજ'ના જન્મ આસપાસનાં વર્ષોમાં ગાંધીએ ફિનિક્સ વસાહત અને ટૉલ્સ્ટૉય વાડી થકી ગ્રામજીવન શૈલીનો ડિલથી અને દિલથી સ્વીકાર કરી લીધો છે. આથી, ગાંધીના 'હિંદ સ્વરાજ'ની મૂલવણી કરતાં એક વ્યાખ્યાનમાં સમાજ-રાજનીતિશાસ્ત્રી આદિત્ય નિગમ કહે છે : "It is worth bearing in mind that when he wrote Hind Swaraj, Gandhi, far removed for the world of politics in India, had already set the stage for this life-long drama. Reading John Ruskin's Unto This Last on an overnight train journey, his imagination had been so fired that he had decided to "change my life in accordance with the ideals of that book". The Phoenix Settlement that emerged as a result, in 1904, was an agricultural settlement, which was to be followed in 1910 by the Tolstoy Farm on a much larger area of land. These farms or settlements were meant to instantiate and preserve a way of life that Gandhi, like his soul-mates Ruskin and Tolstoy, saw to be under threat from modern civilization."(Nigam, 2010, p.18-19)

ગાંધીજી બળદગાડાનાં પૈડાં અને ચરખાનાં ચક્રોને ગતિમાં રાખવાનું કહે એટલે દુનિયાનો વિકાસ અટકી પડે ? આધુનિક સુધારાની ટીકાઓની સમીક્ષા કરતાં, અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક રમેશ બી. શાહ નોંધે છે : ''આધુનિક ઉદ્યોગો અને યંત્રો અંગેના ગાંધીના વિચારો વિશે મોટા પ્રમાણમાં ગેરસમજ થઈ છે. ગાંધીજી શું બળદગાડાં અને ચરખાની પ્રાચીન ટેકનોલોજીને વળગી રહેવા માગતા હતા ? તેમને શું દેશના ઉદ્યોગીકરણનો વિરોધ હતો ? આ પ્રશ્નના ઉત્તર મેળવવા માટે

ઉદ્યોગીકરણ અંગેની ગાંધીજીની દૃષ્ટિને સમજવી જરૂરી છે. ડેનિયલ હેમિલ્ટન પરના પત્રમાં ગાંધીજીએ લખ્યું હતું કે, ''ઉદ્યોગીકરણના આધુનિક અર્થમાં ભારતને ઉદ્યોગીકરણની જરૂર નથી.'' પશ્ચિમમાં જે ઉદ્યોગીકરણ થયું તેમાં મૂડીપતિઓ અને મજૂરો એવા બે વિભાગોમાં સમાજ વહેંચાઈ ગયો હતો, કારણ કે યંત્રો વગેરે ઉત્પાદનનાં ભૌતિક સાધનો એટલાં મોટાં અને કીમતી બની ગયાં કે જેથી કામદારો તેના માલિક બનીને સ્વતંત્ર રીતે ઉત્પાદન ન કરી શકે. આ યંત્રોની માલિકી મૂડીપતિઓના નાના વર્ગ પાસે આવી ગઈ અને કામદારો રોજગારી માટે લાચારીની સ્થિતિમાં આવી ગયા.'' (શાહ, ૨૦૦૮, પૃ. ૨૮) આધુનિક સુધારની એક લાક્ષણિકતા ઉત્પાદન પદ્ધતિમાં આવેલ પરિવર્તન છે એવું કહીને ત્રિદીપ સુહૃદ નોંધે છે : ''...કૃષિ ઉદ્યોગ બને છે, તેમાં શરીરશ્રમનું યોગદાન ઘટે છે અને યંત્રો દ્વારા ઉત્પાદન થાય છે. સાથે જ ઉત્પાદનમાં વૃદ્ધિથી મૂડીનો સંચય થાય છે. મૂડી સંચય વિના કૃષિથી કારખાનાંની મજલ કાપી શકાય નહીં. આધુનિક સુધારમાં શ્રમ અને મૂડી વચ્ચેનાં સમીકરણ બદલાય છે; મૂડીનો પ્રકાર બદલાય છે. જમીન અને શ્રમશક્તિ કરતાં મૂડી સંચયને પ્રાધાન્ય મળે છે અને મૂડીપતિ જે ઉત્પાદનનાં સાધનો અને શ્રમ ખરીદી શકે તેને અન્યના શ્રમનો લાભ મળે છે. સાથે, ઉત્પાદનના સ્થળમાં પણ ફેરબદલ આવે છે. શ્રમ કારખાનાંઓમાં એકત્રિત થાય છે અને ત્યાં શ્રમ વિક્રય થાય છે...'' (સુહૃદ, ૨૦૦૮, પૃ. ૭૯)

પ્રાચીન હિંદ અને ગ્રામીણ સંસ્કૃતિ સારું ગાંધીજીએ 'હિંદ સ્વરાજ'માં રજૂ કરેલા વિચારો અંગે રમણ મોદી કહે છે : ''પ્રાચીન હિંદના ઋષિમુનિઓએ તિતિક્ષાપૂર્વક ખીલવેલી પરાવિદ્યાને અને નિપજાવેલી હિંદની સંસ્કૃતિને લક્ષમાં લઈ ગાંધીજીએ કહ્યું : ''રોમ ધૂળધાણી થઈ ગયું, ગ્રીસનું નામ જ રહ્યું, ફિરિયા(ઇજિપ્ત)ની બાદશાહી ચાલી ગઈ, જાપાન પશ્ચિમના પંજામાં આવ્યું. ચીનનું કંઈ કહેવાય નહીં. પણ પડ્યું આખડ્યું તોપણ હિન્દુસ્તાન હજુ તળિયે મજબૂત છે.'' અહીં એમની પ્રબળ દેશભક્તિ દૃષ્ટિએ પડે છે, અને હૃદયમાંથી આવતી વાણીનું બળ અહીં દેખાય છે. શહેરી સભ્યતા અને સુધારા કરતાં વધારે ચિરંજીવી એવી ગ્રામસંસ્કૃતિની ભવ્યતા સમજાવતું ઋષિઓનું આર્ષદર્શન રજૂ કરતાં કહ્યું : ''આપણા પૂર્વજોએ જોયું કે સંચા વગેરેની જંજાળમાં માણસો પડશે તો પછી ગુલામ જ બનશે ને પોતાની નીતિ તજશે. તેઓએ વિચારપૂર્વક કહ્યું કે આપણે હાથેપગે જે બને તે જ કરવું. હાથપગ વાપરવામાં જ ખરું સુખ છે. તેમાં જ તંદુરસ્તી છે.'' (મોદી, ૨૦૦૭, પૃ. ૭૯). અહિંસક સમાજરચનાની દિશામાં ગ્રામસ્વરાજ અંગેનું બીજ રૂપ ચિંતન આપણને 'હિંદ સ્વરાજ'માં મળે છે, એવું સ્પષ્ટપણે માનનાર કાંતિ શાહનો મત આ મુજબ છે : ''આજે અહિંસક સમાજ-રચનાની આછી-પાતળી રૂપરેખા આપણી સામે આવી છે. ગાંધીએ બહુ પહેલાં એ વાત સમજી લીધી હતી કે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે સત્તા અને સંપત્તિના કેન્દ્રીકરણનો રસ્તો ખૂલી જશે તથા કેન્દ્રિત સત્તા ને કેન્દ્રિત સંપત્તિ આખી માનવજાતને પોતાની ગુલામ બનાવી લેશે. એટલા માટે જ એમણે ગ્રામસ્વરાજનો અને વિકેન્દ્રીકરણનો વિચાર મૂક્યો. એમણે કહ્યું કે ભારતે જો પોતાનો વિકાસ અહિંસાની અર્થાત્ અ-શોષણની અને ન્યાયની દિશામાં કરવો હશે, તો તેણે ઘણીખરી ચીજોનું વિકેન્દ્રીકરણ કરવું પડશે. તેને બદલે જો કેન્દ્રીકરણ કરવામાં આવશે, તો તેને કાયમ રાખવા માટે અને તેની રક્ષા કરવા માટે હિંસાનો આશરો લેવો અનિવાર્ય બની જશે. અહિંસક સમાજરચના સ્વાવલંબી અને સ્વાશ્રયી ગામોના આધાર પર જ ઊભી કરી શકાય.'' (શાહ, ૨૦૦૮, પૃ. ૨૦૭) કાંતિ શાહ 'હિંદ સ્વરાજ'ને 'સર્વોદયનું ઘોષણાપત્ર' કહે છે, એ કેટલું સચોટ અને સૂચક છે !

સાર્થ જોડણીકોશ મુજબ, 'ચેતના' એટલે (૧) ચૈતન્ય; જીવનશક્તિ અને (૨) સમજશક્તિ. આ અર્થમાં આંખો ઝીણી કરીને ભાળીએ તો, 'હિંદ સ્વરાજ'માં ગાંધી જગ-જડતા સામે ગ્રામચેતના પ્રગટાવે છે. શરીરશ્રમ ભલે શહેરની શરમ હોય પણ ગામનો ધરમ હોય છે. ગાંધીના મતે પરસેવાનું એક જ કરમ હોઈ શકે : વહેતા રહેવાનું ! આથી, તેઓ ભારપૂર્વક કહે છે : ''હાથપગ વાપરવામાં જ ખરું સુખ છે, તેમાં જ તંદુરસ્તી છે.'' (પૃ. ૩૯) ગાંધીની ચિંતા 'આધુનિક સુધારા' સામે છે.

તેમના મતે આ 'સુધારો' નહીં પણ 'કુધારો' છે. જે મુખ્યત્વે ગ્રામજગતનું ધનોત-પનોત કાઢી નાખવા પૂરતો સક્ષમ છે. ગાંધીનો વિરોધ યંત્રો સામે નહીં પણ યંત્રોની ઘેલછા સામે છે. ગામનું છત્ર, સત્ર અને તંત્ર વેરણ-છેરણ કરી નાખવું એ યંત્રની ટોળકીનો એક જ મંત્ર હોઈ શકે. ગામજનો હાથ-પગ હલાવતાં બંધ થાય એટલે છેવટે એમના હાથ-પગ તોડી શકાય ! ગાંધીના 'હિંદ સ્વરાજ'ની ગ્રામચેતનામાં સંસ્કૃતિ અને સમભાવ, સ્વદેશી અને સ્વરાજ, સત્યાગ્રહ અને સર્વોદય સમાયેલાં છે. 'આર્યન પાથ' નામના અંગ્રેજી માસિકના સપ્ટેમ્બર, ૧૯૩૮માં પ્રગટ થયેલા 'હિંદ સ્વરાજ અંક' માટે મોકલેલા સંદેશામાં ગાંધીજી લખે છે : ''વાચક એ પણ જાણે કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓમાં જે સડો પેસવાની અણી પર હતો તે આ લખાણે અટકાવ્યો હતો.'' આજે ભારતનાં મોટાં ભાગનાં ગામડાં ગૂમડાં બની રહ્યાં છે ત્યારે, ગાંધીએ 'હિંદ સ્વરાજ' થકી પ્રગટાવેલી ગ્રામચેતનાથી સાચું ગ્રામ સ્વરાજ આવશે. અને એ રસ્તે આગળ ચાલવાથી ખરેખર હિંદ સ્વરાજ થશે.

ભારત ગામડાંમાં વસે છે, શ્વસે છે. જોકે, સમાચારપત્રો, સામયિકો, પુસ્તકો જેવાં મુદ્રિત માધ્યમો; રેડિયો, ટેલિવિઝન, સિનેમા જેવાં દશ્ય-શ્રાવ્ય માધ્યમો; ઇન્ટરનેટ અને સોશ્યલ નેટવર્કિંગ જેવાં નૂતન માધ્યમોની ભરમાર છતાં ગ્રામીણ સમાજની વાસ્તવિકતાનું પ્રતિબિંબ જોઈએ તેવું ઝિલાતું નથી. કૃષિ અને પશુપાલન સામે ઉદ્યોગોનું દબાણ, ખેતીલાયક જમીન અને ગોચરમાં ઘટાડો, મોસમમાં આવતાં અકલ્પનીય પરિવર્તનો, રાસાયણિક ખાતરોનું ભયજનક પ્રમાણ, બિયારણમાં બહુરાષ્ટ્રીય કંપનીઓની ઇજારાશાહી, સિંચાઈ જળની અગવડ, ખેતપેદાશોના વેચાણ માટે પ્રતિકૂળ બજાર-વ્યવસ્થા, ખેડૂતોની વધતી જતી આત્મહત્યા, સંકોચાતી ગ્રામીણ બોલીઓ-ભાષાઓ, ગ્રામીણ સંસ્કૃતિ ઉપર શહેરીકરણનું આક્રમણ, જેવા અનેક સવાલો મોઢું ફાડીને ઊભા છે. આથી, આપણા સાહિત્ય અને પત્રકારત્વમાં ગ્રામીણ ધબકાર સંભળાય એ અપેક્ષિત છે. આ સંજોગોમાં ગ્રામચેતના સંદર્ભે ગાંધીજીનું 'હિંદ સ્વરાજ' સદાકાળ સાંપ્રત અને પ્રસ્તુત જણાય છે.

## સંદર્ભ-સૂચિ


ગાંધી, મોહનદાસ કરમચંદ (૨૦૦૮). હિંદ સ્વરાજ (પહેલી આવૃત્તિ, ૧૯૨૨; પુનર્મુદ્રણ, ૨૦૦૮). અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.

ગાંધી, મોહનદાસ કરમચંદ (૨૦૦૯). સત્યના પ્રયોગો અથવા આત્મકથા (પહેલી આવૃત્તિ, ૧૯૨૭; પુનર્મુદ્રણ, ૨૦૦૯). અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.

મોદી, રમણ (૨૦૦૭). ગાંધીજીનું સાહિત્ય (પહેલી આવૃત્તિ, ૧૯૭૧; પુનર્મુદ્રણ, ૨૦૦૭). અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.

શાહ, કાંતિ (૨૦૦૮). 'હિંદ સ્વરાજ' : એક અધ્યયન (પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭; બીજી આવૃત્તિ, ૨૦૦૮). વડોદરા : યજ્ઞ પ્રકાશન સમિતિ.

શાહ, રમેશ બી. (૨૦૦૮). હિંદ સ્વરાજ : અહિંસક સંસ્કૃતિની ખોજ. અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ.

સુહૃદ, ત્રિદીપ (૨૦૦૮). હિંદ સ્વરાજ્ય વિશે. વડોદરા : પૂર્વ પ્રકાશ.

Nigam, Aditya (2010). Gandhi – the 'Angel of History' : Reading Hind Swaraj Today. Ahmedabad : Gujarat Vidyapeeth.




લેખક-સંપર્ક : ડૉ. અશ્વિનકુમાર, સહ પ્રાધ્યાપક,

પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ-માર્ગ, અમદાવાદ : ૩૮૦ ૦૧૪

વીજાણુ ઠેકાણું : ashwinkumar.phd@gmail.com

## ભારતમાં પતિ અને સાસરિયા દ્વારા મહિલાઓ પરના અત્યાચારો




સંદર્ભ : નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો, ૨૦૧૩

### ભારતમાં સમગ્ર કુટુંબ નિરક્ષર હોય એવા કુટુંબોનું રાજ્યવાર પ્રમાણ (ટકા)

| | |
|---|---|
| બિહાર | ૧૭.૮ |
| અરુણાચલ પ્રદેશ | ૧૪.૩ |
| આંધ્ર પ્રદેશ | ૧૪.૦ |
| છત્તીસગઢ | ૧૨.૮ |
| ઝારખંડ | ૧૨.૪ |
| મધ્ય પ્રદેશ | ૧૨.૧ |
| ઓરિસ્સા | ૧૧.૯ |
| ઉત્તર પ્રદેશ | ૧૧.૩ |
| રાજસ્થાન | ૧૦.૬ |
| આસામ | ૧૦.૬ |
| મેઘાલય | ૯.૭ |
| જમ્મુ-કાશ્મીર | ૯.૨ |
| નાગાલેન્ડ | ૮.૫ |
| તામીલનાડું | ૮.૨ |
| વેસ્ટ બંગાળ | ૮.૦ |
| કર્ણાટક | ૭.૦ |
| પંજાબ | ૬.૬ |
| ગુજરાત | ૬.૫ |
| મણિપુર | ૬.૨ |
| ઉત્તરાખંડ | ૫.૯ |
| દાદરાનગર હવેલી | ૫.૮ |
| હરિયાણા | ૫.૭ |
| મહારાષ્ટ્ર | ૫.૪ |
| હિમાચલ પ્રદેશ | ૪.૬ |
| સિક્કીમ | ૪.૨ |
| પોંડિચેરી | ૩.૯ |
| દિવ-દમણ | ૩.૬ |
| ત્રિપુરા | ૩.૬ |
| મિઝોરમ | ૩.૫ |
| ચંદીગઢ | ૩.૫ |
| આંદામાન-નીકોબાર | ૩.૪ |
| દિલ્હી | ૩.૧ |
| ગોઆ | ૨.૯ |
| કેરાલા | ૧.૫ |
| લક્ષદ્વીપ | ૧.૨ |
| ભારત | ૯.૭૪ |

સંદર્ભ : વસ્તી ગણગતરી, ભારત, ૨૦૧૧



**શ્રી અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૪-૧૯૧૪)**

ISSN No. 2319-3522

**સમાજકારણ**

વર્ષ : ૯ જાન્યુઆરી-૨૦૧૫ અંક : ૧

**ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.